અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૬ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૧૧

વર્ષ : ૧૬
અંક : ૧૪૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### જસપ્રિત બુમરાહ પ્લેયર ઓફ ધ મેચ

## પર્થમાં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૨૯૫ રને પરાજય આપ્યો

**ભારતે પાંચ ટેસ્ટ મેચની સીરિઝમાં ઓસ્ટ્રેલિયા સામે ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે : બીજા દાવમાં જયસ્વાલની-કોહલીની સદી મહત્વની રહી**



। (એજન્સી) પર્થ, તા.૨૫ ।

ભારતીય ક્રિકેટ ટીમે ધમાકેદાર પ્રદર્શન કરતાં પર્થ ખાતે ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ૨૯૫ રને ઐતિહાસિક વિજય નોંધાવ્યો છે. આ સાથે જ ભારતીય ટીમે પાંચ ટેસ્ટ મેચની સીરિઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. રોહિત શર્માની ગેરહાજરીમાં ટીમનું નેતૃત્વ ઝડપી બોલર જસપ્રિત બુમરાહે કર્યું હતું અને તેણે લીડિંગ ફ્રોમ ધ ફ્રંટ પ્રદર્શન કરતાં મેચમાં આઠ વિકેટ ઝડપીને ટીમના વિજયમાં મહત્વનું યોગદાન આપ્યું હતું. તેણે પ્રથમ દાવમાં પાંચ અને બીજા દાવમાં ત્રણ વિકેટ ઝડપી હતી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. ભારતે ઓસ્ટ્રેલિયન ધરતી પર તેનો અત્યાર સુધીનો સૌથી મોટો વિજય નોંધાવ્યો છે. રનની દ્રષ્ટીએ ભારતનો ઓસ્ટ્રેલિયામાં આ સૌથી મોટો વિજય છે. અગાઉ ભારતે ૧૯૭૭માં ઓસ્ટ્રેલિયાને ઓસ્ટ્રેલિયામાં ૨૨૨ રને પરાજય આપ્યો હતો. ભારતીય ટીમનો આ વિજય ઘણો જ મહત્વનો છે કેમ કે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા ટીમ ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે ૦-૩થી સીરિઝ હારી ગઈ હતી. આ ઉપરાંત કેપ્ટન રોહિત શર્મા પ્રથમ ટેસ્ટમાં ટીમ સાથે નહતો. જેના કારણે જસપ્રિત બુમરાહે ટીમની આગેવાની કરી હતી. જ્યારે ટીમમાં રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા અને શુભમન ગિલ જેવા સ્ટાર ખેલાડીઓની પણ ગેરહાજરી હતી. સૌથી મોટી ચિંતા અનુભવી બેટ્સમેન વિરાટ કોહલીનું કંગાળ ફોર્મ હતી. આટલું ઓછું હોય તેમ પર્થ ટેસ્ટમાં ભારતે ટોસ જીતીને બેટિંગ કરી હતી અને ટીમ ૧૫૦ રનમાં ઓલ-આઉટ થઈ ગઈ હતી. ત્યારે મોટા ભાગના લોકોએ માની લીધું હતું કે ભારતના ઓસ્ટ્રેલિયા પ્રવાસની શરૂઆત પરાજય સાથે થશે. પરંતુ પ્રથમ દાવમાં જસપ્રિત બુમરાહની ઘાતક બોલિંગ, બીજા દાવમાં યશસ્વી જયસ્વાલ અને વિરાટ કોહલની લાજવાબ સદી તથા બુમરાહ અને સિરાજની ઘાતક બોલિંગની મદદથી ભારતે વળતો પ્રહાર કરીને યાદગાર વિજય મેળવ્યો છે.

પર્થ ટેસ્ટના પ્રથમ દાવમાં ભારતીય ટીમ ૧૫૦ રનમાં ઓલ-આઉટ થઈ ગઈ હતી. જેમાં નિતિશ રેડ્ડીએ સૌથી વધુ ૪૧ રન નોંધાવ્યા હતા. આ ઉપરાંત રિશભ પંતે ૩૭ અને કેએલ રાહુલે ૨૬ રન નોંધાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે ચાર તથા મિચેલ સ્ટાર્ક, પેટ કમિન્સ અને મિચેલ માર્શને બે-બે સફળતા મળી હતી.

જસપ્રિત બુમરાહની પાંચ વિકેટની મદદથી ભારતે ઓસ્ટ્રેલિયાને પ્રથમ દાવમાં ૧૦૪ રનમાં તંબૂ ભેગું કરી દીધું હતું. બુમરાહ ઉપરાંત હર્ષિત રાણાએ ત્રણ અને સિરાજે બે વિકેટ ઝડપી હતી. પ્રથમ દાવમાં બેટિંગમાં ફ્લોપ રહેલી ટીમ ઈન્ડિયા બીજા દાવમાં છ વિકેટે ૪૮૭ રન નોંધાવીને દાવ ડિક્લેર કર્યો હતો અને યજમાન ટીમને ૫૩૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. બીજા દાવમાં યશસ્વી જયસ્વાલે ૧૬૧ રન ફટકાર્યા હતા અને લોકેશ રાહુલે ૭૭ રનની ઈનિંગ્સ રમી હતી. આ ઉપરાંત વિરાટ કોહલીએ ફોર્મ પરત મેળવી લેતા ૧૦૦ રનની અણનમ ઈનિંગ્સ રમી હતી. ઓસ્ટ્રેલિયન ટીમ ૫૩૪ રનના ટાર્ગેટ સામે વધારે લડત આપી શકી ન હતી અને ૨૩૮ રનમાં ઓલ-આઉટ થઈ ગઈ હતી. ટીમ માટે ટ્રેવિસ હેડે ૮૯ અને મિચેલ માર્શે ૪૭ રન નોંધાવ્યા હતા. ભારત માટે જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજે ત્રણ-ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે વોશિંગ્ટન સુંદરને બે તથા હર્ષિત રાણા અને નિતિશ રેડ્ડીએ એક-એક સફળતા મળી હતી. પર્થમાં ભારતે ૨૯૫ રને વિજય નોંધાવ્યો છે અને ઓસ્ટ્રેલિયન ધરતી પર રનની દ્રષ્ટીએ તેનો સૌથી મોટો વિજય છે. જ્યારે એશિયા બહાર ભારતનો આ બીજો સૌથી મોટો વિજય છે. એશિયા બહાર ભારતે ૨૦૧૯માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૩૧૮ રને વિજય નોંધાવ્યો હતો. અગાઉ ભારતનો ઓસ્ટ્રેલિયામાં ઓસ્ટ્રેલિયા સામે સૌથી મોટો વિજય ૨૨૨ રને હતો જે ભારતે મેલબોર્નમાં ૧૯૭૭માં નોંધાવ્યો હતો.

### એનિમલને લઈને પૂછાયેલા સવાલના જવાબ આપ્યા

## ગોવા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં પહોંચ્યો રણબીર

**એનિમલ જેવી ફિલ્મો સમાજ પર ખરાબ અસર કરે છે ના જવાબમાં રણબીરે કહ્યું તમારી વાત સાથે સંમત છું**





। (એજન્સી) ગોવા, તા.૨૫ ।


રણબીર કપૂરની એનિમલની જાહેરાત થઈ હતી ત્યારથી જ તેને લઈને અનેક ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. દરેક વ્યક્તિ ફિલ્મ મેકર સંદીપ રેડ્ડી વાંગાની વાતોથી એ અનુમાન લગાવી રહ્યું હતું કે આ વખતે તેઓ કંઈક એવું કરવા જઈ રહ્યા છે, જે પહેલા ફિલ્મોમાં કદી થયું નથી. ફિલ્મ રીલીઝ થઈ અને ચારે બાજુ ચર્ચા તેજ થવા લાગી. ફિલ્મમાં દર્શાવવામાં આવેલા સીન્સ અને મારધાડથી લોકો પરેશાન થયા. અનેક લોકોએ તેને સમાજ માટે હાનિકારક ગણાવ્યું તેમનું માનવું હતું કે આવી ફિલ્મો સમાજને બગાડી રહી છે અને તેમની પર ખરાબ અસર કરી રહી છે. હવે રણબીર કપૂરે ફિલ્મને લઈને વાત કરી છે.

રણબીર તાજેતરમાં ગોવા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં પહોંચ્યો તો તેને તેની ફિલ્મ એનિમલને લઈને સવાલ પૂછવામાં આવ્યો હતો. રણબીરને પૂછવામાં આવ્યું કે શું તેને નથી લાગતું કે તેની ફિલ્મ સમાજ પર ખોટી અસર કરી રહી છે. આ સવાલના જવાબમાં રણબીરે સ્પષ્ટતા કરી હતી. રણબીરે કહ્યું કે હું તમારા લોકોની વાતથી સહમત છું. એક કલાકાર તરીકે અમારી ફરજ છે કે આપણે એવી ફિલ્મ લઈને આવીએ જે સમાજ પર પોઝિટીવ અસર કરે. રણબીર આગળ કહે છે કે, જોકે એ વાત પણ સાચી છે કે હું એક કલાકાર છું અને મારા માટે એ જરૂરી છે કે હું અલગ અલગ પ્રકારના પાત્રો કરતો રહું, પરંતુ તમે કહી રહ્યા છો તે પણ સાચું જ છે. આપણે વધુ જવાબદાર થવું પડશે, એ ફિલ્મો માટે જે અમે બનાવી રહ્યા છીએ. આ પહેલી વખત નથી બન્યું જ્યારે રણબીરને તેની ફિલ્મ એનિમલને લઈને સવાલો કરવામાં આવ્યા હોય. આ પહેલા પણ અનેક ઈન્ટરવ્યુ અને પોડકાસ્ટમાં રણબીરને તેની ફિલ્મને લઈને અનેક સવાલો થયા છે. રણબીરની એનિમલ આ વર્ષની સૌથી મોટી હિટ સાબિત થઈ હતી. તેને ખૂબ વખાણ પણ મળ્યા હતા. વાયોલન્સને લઈને પણ એનિમલ ફિલ્મની ખૂબ ચર્ચાઓ થઈ હતી. ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ પણ ફિલ્મમાં દર્શાવાયેલી વાયોલન્સનો ખૂબ સપોર્ટ કર્યો હતો. રણબીરની એનિમલ આ વર્ષની સૌથી મોટી હિટ સાબિત થઈ હતી. તેને ખૂબ વખાણ પણ મળ્યા હતા. વાયોલન્સને લઈને પણ એનિમલ ફિલ્મની ખૂબ ચર્ચાઓ થઈ હતી. ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગાએ પણ ફિલ્મમાં દર્શાવાયેલી વાયોલન્સનો ખૂબ સપોર્ટ કર્યો હતો.

## અંદામાનમાંથી પાંચ ટન ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ જપ્ત

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૫ ।

ભારતીય કોસ્ટ ગાર્ડે (ICG) સોમવારે અંદામાનની ફિશિંગ બોટમાંથી લગભગ ૫ ટન ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ જપ્ત કર્યું છે તેમ સંરક્ષણ અધિકારીઓ દ્વારા માહિતી આપવામાં આવી છે. દાવો પણ કરવામાં આવી રહ્યો છે કે, આ કન્સાઈનમેન્ટ અત્યાર સુધી જપ્ત કરવામાં આવેલું ડ્રગ્સનું સૌથી મોટું કન્સાઈનમેન્ટ હોવાની શક્યતા છે. આ વસૂલાત ડ્રગની દાણચોરી અને માફિયાઓ સામે હાથ ધરવામાં આવેલા મોટા ઓપરેશનનો એક ભાગ છે. મહિનાની શરૂઆતમાં, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) અને અન્ય સુરક્ષા એજન્સીઓએ ગુજરાતના દરિયાકાંઠેથી ૭૦૦ કિલો મેથામ્ફેટામાઈન (મેથ) રિકવર કર્યો હતો.



## અંબાજી મંદિરને ૧.૨૧ કરોડના સોનાનું ગુપ્ત દાન

। (એજન્સી) અંબાજી, તા.૨૫ ।

ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ શ્રી આરાસુરી અંબાજી માતાના મંદિરે રોજબરોજ મોટી સંખ્યામાં ભક્તો દર્શને આવતા હોય છે. કેટલાક ભક્તો પોતાની મનોકામના પૂર્ણ થયા બાદ માતાના ચરણે ભેટ પણ ધરતા હોય છે. ત્યારે ત્યારે બે અલગ અલગ ભક્તે અંબાજી મંદિરમાં ૧.૫૨૦ કિલો સોનાનું ગુપ્ત દાન આપ્યું છે. જેની કિંમત અંદાજે ૧.૨૧ કરોડ રૂપિયાથી વધુની છે. અંબાજીના અધિક કલેકટર કૌશિક મોદીએ જણાવ્યું કે, બે અલગ-અલગ ભક્તો દ્વારા ૧.૫૨૦ ગ્રામ સોનુ ભેટ સ્વરૂપે અર્પણ કર્યું છે. એક ભક્ત દ્વારા ૧ કિલો અને બીજા માઈભક્ત દ્વારા ૫૨૦ ગ્રામ સોનાની ભેટ માતાના ચરણોમાં અર્પણ કરાઈ છે. દાનમાં મળેલા આ સોનાનો સુવર્ણ શિખર માટે ઉપયોગ કરાશે.' સુવર્ણ દાન કરનાર બંને દાતાઓએ પોતાનું નામ ગુપ્ત રાખ્યું છે.

## સાબરમતી વિસ્તારમાં યુવકનું અપહરણ કરાયું

। (એજન્સી) અમદવાદ, તા.૨૫ ।

અમદવાદના સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. આ વિસ્તારમાં એક યુવકનું અપહરણ થયું હોવાની ઘટના બની હતી. જોકે પરિવારજનોને અગાઉથી જ યુવકનું અપહરણ શા માટે અને કોને કર્યુ તેની શંકા હતી. જેથી પરિવારજનોએ પોલીસને સમગ્ર મામલાની જાણ કરતા સાબરમતી પોલીસે સીસીટીવી અને અન્ય જાણકારીને આધારે યુવકને છોડાવી લીધો હતો. સમગ્ર ઘટનાની વાત કરીએ તો મોહિત ઠાકોર નામના યુવકનું ગુરુનાર રાત્રે કેટલાક શખ્સોએ સાબરમતી વિસ્તારમાં આવેલા પાવર હાઉસ નજીકથી અપહરણ કર્યું હતુ.પરિવારને સમગ્ર ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. આ સાથે જ જ્યારે અપરણ થયુ ત્યારે ૧ લાખ આપી યુવકને છોડાવી જજો તેવી જાણ કરવામાં આવી હતી. જેથી યુવકના પરિવારના સભ્યો પોલીસમાં સમગ્ર ઘટના અંગે જાણ કરી હતી. સાબરમતી પોલીસની ટીમે માત્ર ૨ કલાકમાં આરોપીને શોધી ભોગ બનનારને મુક્ત કરાવ્યો હતો. તેમજ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે ભોગ બનનાર અને પકડાયેલા આરોપીઓ રાહુલ ઠાકોર, સંજય ઠાકોર, જીગર ઠાકોર અને રાકેશ ઠાકોર પરિચિત હતા. બે વર્ષ પહેલાં મોહિત અને આરોપીના સ્વજન વચ્ચે એક અકસ્માત થયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું. જે મામલે કોર્ટ કેસ પણ ચાલતો અને વીમો ક્લેઈમ પણ કર્યો હતો.

### પાંચ વ્યક્તિ ઘાયલ : એકનું મોત

# સાણંદના મોડાસરમાં અથડામણ ત્રણ ઉપર છરીથી હુમલો કરાયો

### રિક્ષામાં ઘસરકો પડવા બાબતે પડોશીએ હુમલો કરતા આધેડે દમ તોડ્યો : સાત સામે હત્યાનો ગુનો

। (એજન્સી) સાણંદ, તા.૨૫ ।

સાણંદના મોડાસર ગામે રિક્ષામાં ઘસરકો પડવા બાબતે અપાયેલા ઠપકા બાદ બે જુથ વચ્ચે થયેલી અથડામણમાં ત્રણ વ્યક્તિ પર થયેલા છરીથી હુમલામાં આધેડનું મોત નીપજ્યું હતું જ્યારે પાંચને ઈજા પહોંચી હતી. પોલીસે હુમલો કરનારા સાત સામે હત્યાનો ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે.

સાણંદના મોડાસર ગામે રાવળવાસમાં રહેતા અને રિક્ષા ચલાવતા ભરતભાઈ જીલુભાઈ રાવળે તેમના વાસમાં રિક્ષા મુકી હતી. સવારના સમયે તેમના ઘરની નજીક રહેતો વિષ્ણુ ગોવિંદ રાવળ તેની રિક્ષા લઈને નિકળ્યો હતો અને ભરતભાઈની રિક્ષાને ઘસીની નકળ્યો હતો આથી ભરતભાઈએ વિષ્ણુને બાજુમાં ખુલ્લી જગ્યા હોવા છતાં તેની રિક્ષાને ઘસાઈને કેમ કાઢે છે તે બાબતે ઠપકો આપ્યો હતો. આથી ગુસ્સે થઈ ગયેલા વિષ્ણુનો અવાજ સાંભળીને તેના પિતા ગોવિંદભાઈ કરસનભાઈ રાવળ સહિત ધમા કરશન રાવળ, વિશાલ વિક્રમ રાવળ, રેશમબેન ગોવિંદભાઈ રાવળ ઘરેથી લાકડી



અને લોખંડની પાઈપો સાથે દોડી આવ્યા હતા જ્યારે વિક્રમ ધમા રાવળ તેમજ સાહિલ વિક્રમ રાવળ છરી લઈને આવ્યા હતા.

આ તમામ લોકો ભરત પર તુટી પડતા ભરતના પત્ની કંચનબેન, તેની માતા શિવુબેન ભત્રીજો અશ્વિન, સાગર અને તેના મોટા બાપાનો દિકરો પ્રહલાદ હરજી રાવળ દોડી આવીને ભરતને છોડાવતા હતા આ સમયે ભરતના પિતા જીલુભાઈ ચીકાભાઈ રાવળ અને તેના મોટાબાપુ બલાભાઈ ચીકાભાઈ ઢોલ વગાડીને પરત આવતા હતા ત્યારે ઝઘડો જોઈને તેઓ વચ્ચે પડીને તેમના પરિવારના સભ્યોને છોડાવતા હતા. આ સમયે વિક્રમ ધમાભાઈ રાવળે જીલુભાઈના ખભાના ભાગે છરી ઝીકી દીધી હતી જ્યારે અન્ય તમામ સભ્યો જીલુભાઈ પર લાકડી અને પાઈપો વડે તુટી પડતા જીલુભાઈ બેભાન થઈને ઢળી પડ્યા હતા જ્યારે સાહિલ વિક્રમ રાવળે અશ્વિનના બરડાના ભાગે છરીને ઘા માર્યો હતો આ સમયે સાગર વચ્ચે પડતા સાહિલે તેને પણ હાથ પર છરીનો ઘા ઝીંકી દીધો હતો.

આ અથડામણ બાદ ગામલોકો દોડી આવતા તમામને છુટી પાડીને જીલુભાઈ સહિત તમામને રિક્ષામાં નાખીને સારવાર માટે બાવળા લઈ જવાયા હતા જ્યાં વધારે પડતું લોહી વહી જવાથી તેમજ ગંભીર ઈજા થતાં જીલુભાઈ ચીકાભાઈ રાવળ(ઉ.વર્ષ ૬૫)નું મોત નીપજતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. ચાંગોદર પીઆઈ એ.પી. ચૌધરી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસે ગોવિંદ કરસન રાવળ, વિષ્ણુ ગોવિંદ રાવળ, ધમા કરશન રાવળ, વિક્રમ ધમા રાવળ, વિશાલ વિક્રમ રાવળ, રેશમબેન ગોવિંદ રાવળ, તેમજ સાહિલ વિક્રમ રાવળ સહિત સાત સામે હત્યાનો ગુનો નોંધીને આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ધમકી આપી માંગતા હતા વધારે વ્યાજ

## સુરતના મહિધરપુરામાં વ્યાજખોરના ત્રાસથી આધેડે જીવન ટૂંકાવ્યું

### આ સમગ્ર કેસમાં મહિધરપુરા પોલીસની ગંભીર બેદરકારી સામે આવી છે જેમાં પોલીસે ૧૦ દિવસ બાદ ફરિયાદ નોંધી છે

। (એજન્સી) સુરત, તા.૨૫ ।

સુરતના મહિધરપુરામાં વ્યાજખોરના ત્રાસથી ઝેરી દવા ગટગટાવીને એક વ્યકિતએ આપઘાત કર્યો હોવાની વાત સામે આવી છે- જેમાં સારવાર દરમિયાન આધેડનું મોત નિપજયું છે. ફરિયાદ બાદ પણ આરોપીઓ પોલીસ પકડથી દૂર હોવાની વાત છે જેમાં ૧૦ દિવસ બાદ મહિધરપુરા પોલીસે ફરિયાદ નોંધી હતી, તો બંને વ્યાજખોરો રૂપિયા બાબતે વારંવાર મૃતકને આપતા હતા ધમકી. સુરતમાં વ્યાજખોરના કારણે એક વ્યકિતએ જીવ ગુમાવવાનો વારો આવ્યો છે, સુરતના બેગમપુરાનાં આધેડે ઝેર ગટગટાવી લેતાં હાલત ગંભીર બની હોવાનો પરિવારજનોનો આક્ષેપ છે,ત્યારે આ ઘટનામાં આરોપીઓ પોલીસ પકડથી દૂર છે બીજી તરફ મિત્ર પાસે રૂપિયાની માંગણી કરી હતી અને માસિક ૩૦ ટકા વ્યાજ આરોપીઓને આપતા હોવાની વાત સામે આવી છે,મિત્રના કારણે જ મિત્ર મોતને ઘાટ ઉતરી ગયો એવી સ્થિતિનું સર્જન થયું છે,મિત્રએ મૃતકને કહ્યું હતુ કે તને રૂપિયા આપું પણ તેની સામે તારે મને વ્યાજ આપવું પડશે. આ સમગ્ર કેસમાં મહિધરપુરા પોલીસની ગંભીર બેદરકારી સામે આવી છે જેમાં પોલીસે ૧૦ દિવસ બાદ ફરિયાદ નોંધી છે, પોલીસે કેમ મોડી ફરિયાદ નોંધી તેની પર પણ સવાલો ઉભા થાય છે.પરિવારજનોનો પોલીસ પર આક્ષેપ છે કે, પોલીસને આ ઘટનાની જાણ હતી તેમ છત્તા પોલીસે મોડી કાર્યવાહી કરી અને અંતે અમારે અમારા પરિવારના સભ્યને ગુમાવવાનો વારો આવ્યો છે.મિત્ર શાબીર ગુલામ મુસ્તુફા શેખ દર મહીને વ્યાજના રૂપિયા ૩૦ હજાર લેતો હતો. શાબીરને વ્યાજ ચૂકવવા માટે ગુલામ શેખે તેના બીજા મિત્ર ઈબ્રાહીમ પાસે રૂપિયા લીધા હતા અને બંને વ્યાજખોરો રૂપિયા બાબતે ઝઘડો કરી અપશબ્દો પણ બોલ્યા હતા અને જાહેરમાં અપમાનિત કરીને ધમકી આપી હતી,તો મૃતકે માનસિક તણાવમાં આવીને આપઘાત ના ઈરાદે ઝેર ગટગટાવી લીધું છે.

## AMCની જુનિયર ક્લાર્કની પરીક્ષા રદ નહીં કરાય

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની યોજાયેલી પરીક્ષામાં સરખેજ ખાતેના સેન્ટર પર પેપર ફુટ્યુ હોવાનો દાવો ઉમેદવારો અને વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે આરોપ લગાવ્યો. પરીક્ષાર્થીઓનો આરોપ છે કે તેમને પેપર ૩૦ મિનિટ મોડુ મળ્યુ હતુ અને OMR શીટ અને આન્સર શીટના ક્રમાંક અલગ અલગ હતા. આ વિવાદ સામે આવ્યા બાદ પણ સંચાલકો દ્વારા તેમને પરીક્ષા આપવા માટે કહેવામાં આવ્યુ હતુ. આ સમગ્ર વિવાદ બાદ AMC સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન DYMC અને ગુજરાત યુનિના અધિકારીઓની બેઠક મળી હતી. બેઠકમાં યુનિયન ક્લાર્કની પરીક્ષા રદ નહીં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેશનલ એક્ઝામિનેશન કમિટીના OSDએ જણાવ્યુ કે GUPECના નેજા હેઠળ આ પરીક્ષા લેવાઈ હતી અને ફક્ત ગણતરીના લોકોના વિરોધમા કારણે અન્યોને અન્યાય નહીં થવા દઈએ. બીજી તરફ તેમણે પેપર લીક થવાના આરોપો પણ ફગાવ્યા તેમણે પેપર ફુટ્યુ ન હોવાનો દાવો કર્યો. OSD ધર્મેન્દ્ર ચાવડાએ જણાવ્યુ કે અન્ય એક સેન્ટરમાં પણ OMR શીટ બદલાઈ હતી, ત્યા પણ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી છે. ફક્ત આ જ સેન્ટરમાં અમુક તત્વોની ઉશ્કેરણીના કારણે પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી નથી. આ તરફ OSDના નિવેદનને વિદ્યાર્થી નેતા યુવરાજસિંહે બાલિશ નિવેદન ગણાવ્યુ યુવરાજે જણાવ્યુ કે અમે અમારા સ્તરે રજૂઆત કરીશુ કારણ કે આ પરીક્ષામાં મિસમેનેજમેન્ટ થયુ જ છે. તેમણે કહ્યુ અમારી વાત નહીં માને તો કાયદાકીય રીતે પણ પડકારીશુ. યુવરાજે કહ્યુ પહેલા તો સમગ્ર મામલાની યોગ્ય તપાસ થવી જોઈએ એ પછી જ કોઈ નિર્ણય પર આવવુ જોઈએ. પરીક્ષા સ્થળના સીસીટીવી ચેક કરવા જોઈએ.

## નારોલમાંથી ડીવાયએસપી તરીકે રોફ મારતો ટપોરી ઝડપાયો

### આ સમગ્ર કેસમાં મહિધરપુરા પોલીસની ગંભીર બેદરકારી સામે આવી છે જેમાં પોલીસે ૧૦ દિવસ બાદ ફરિયાદ નોંધી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

પેટ્રોલિંગ કરી રહેલી નારોલ પોલીસને લાંભા જવાના રસ્તા નજીક એક ગાડી ઊભેલી મળી હતી. પોલીસ લાઈટવાળું ખાનગી વાહન દેખાતા નારોલ પોલીસને શંકા થઈ હતી. તપાસ કરતા ગાડી આગળના કાચ પર લાઈટો લગાડવામાં આવી હતી તથા નંબર પ્લેટ પર પોલીસને સિમ્બોલ લગાવ્યા હતા. ગાડીમાંથી યુવકને ઉતારીને તેની પૂછપરછ કરતા હકીકત જાણવા મળી કે લોકોમાં ડર અને ધાક જમાવવા પોલીસ બનીને ફરતો હતો. આ મામલે નારોલ પોલીસે વિરાજ મેઘા નામના યુવકની ધરપકડ કરી છે.વટવા કેનાલ રોડ નજીક વિનાયક રેસિડન્સીમાં રહેતા વિરાજ નીતિનકુમાર મેઘા નકલી ડીવાયએસપી હોવાનો રોફ જમાવીને ફરતો હતો.

### નવા વાઘપુરાના કાંતાબેન તડવીને પોતાના સપનાનું પાકુ મકાન મળ્યું

## પીએમ આવાસ યોજના દ્વારા સરકારે લાખો જરૂરિયાતમંદ અને ગરીબ વર્ગને આર્થિક મદદ કરી છે : લાભાર્થી તડવી

। (માહિતી) નર્મદા, તા.૨૫ ।

વિકસિત ભારતના નિર્માણ માટે આદિવાસી બાંધવોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે એસ્પિરેશનલ નર્મદા જિલ્લાના જરૂરિયાતમંદ આદિવાસી સમુદાય અને વંચિત લાભાર્થીઓને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચતા કરવા માટે પરિણામલક્ષી પ્રયાસો આદર્યા છે. ગરૂડેશ્વર તાલુકાના વેલછંડી ગ્રામ પંચાયતના નવા વાઘપુરા ગામના લાભાર્થીને પણ સરકારની આવાસિય યોજનાનો લાભ મળ્યો છે. આ પ્રસંગે લાભાર્થી શ્રીમતી કાંતાબેન સોમાભાઈ



તડવીએ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે, પીએમ આવાસ યોજના દ્વારા સરકારે લાખો જરૂરિયાતમંદ અને ગરીબ વર્ગને આર્થિક મદદ કરી છે. આજે હું મારા પરિવાર સાથે ખુશીથી જીવન પસાર કરી રહી છું. મને પ્રધાનમંત્રી આવાસ યોજના થકી કુલ રૂ. ૧.૨૦ લાખની સહાય ઉપરાંત પાકુ આવાસ માત્ર છ મહિનાના સમયમાં તૈયાર થયા બદલ રૂ. ૨૦ હજારની વધુ પ્રોત્સાહન રાશી મળી હતી. મને ગ્રામસભાના માધ્યમથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંગેની માહિતી મળી હતી. જે બાદ તમામ પ્રકારની દસ્તાવેજ નીરિક્ષણ બાદ મને આવાસ સહાય અંગેની મંજૂરી મળી હતી. માધ્યમો સાથેના સંવાદમાં તેમની વહુ શ્રીમતી શર્મિષ્ઠાબેન તડવીએ સંવાદ કર્યો હતો. જ્યાં તેઓએ પીએમ આવાસ થકી રૂ. ૧.૨૦ લાખની આર્થિક સહાય મળવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. નોંધનીય છે કે, અગાઉ કાચા મકાનમાં રહેતી શ્રીમતી તડવીએ વરસાદની ઋતુમાં ખુબ મુશ્કેલી વેઠી છે. ઘરની વસ્તુઓનું નુકસાન તો થતુ જ હતું. પરંતુ ઘરમાં પાણી ભરાતા ઝેરી જીવજંતુઓથી પોતાના બાળકોને સુરક્ષિત રાખવા માટે શ્રીમતી તડવીને ખુબ ધ્યાન રાખવું પડતુ હતુ. જો કે હવે તેઓ પોતાના કુટુંબ સાથે ખુશીથી જીવન વ્યતિત કરી રહ્યા છે. તેઓની વહુ શ્રીમતી શર્મિષ્ઠાબેન તડવી પણ પાકા મકાનથી ખુશ છે અને ધો. ૧૧ માં અભ્યાસ કરતી પોતાની દીકરી ભાવિકાને ઉચ્ચ શિક્ષણ માટે પ્રોત્સાહિત કરી રહી છે. ભાવિકાએ પણ સરકારી અધિકારી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આદિવાસી સમુદાય માટે પ્રાથમિક અને માળખાકિય સુવિધાઓ પુરી પાડીને તેઓના જીવનધોરણમાં હકારાત્મક બદલાવ લાવવાના સરકારના ઉમદા આશયને સફળ બનાવવા માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્રએ આદિવાસી સમાજના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક ઉત્કર્ષ માટે નોંધનીય કામગીરી કરી છે.

## બેફામ કારે એસ.જી હાઈવે પર સાઈકલિંગ કરતા ડોક્ટરને ફંગોળ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં ફરી એક હિટ એન્ડ રનની ઘટના બની છે. અમદાવાદમાં એસ. જી. હાઈવે ખાતે હાઈકોર્ટ બ્રિજ પાસે આ ઘટના બની હતી. જેમાં એક એસયુવી કાર ચાલક બે સાઈકલ સવારને ટક્કર મારીને ભાગી ગયો હતો. ટક્કર બાદ સાઈકલ પર સવાર બન્ને લોકો દૂર સુધી ફંગોળાયા હતાં. ઘટનામાં એક ડોક્ટર અને એક મહિલા ઘાયલ થયા છે. પોલીસે હાલ એસયુવી ચાલકની શોધખોળ કરી રહી છે.

અમદાવાદમાં શનિવારે વહેલી સવારે હાઈકોર્ટ બ્રિજ પર હિટ એન્ડ રનની ઘટના બની હતી. વહેલી સવારે કેટલાક તબીબો મિત્રો સાથે સાઈકલિંગ કરી બ્રિજ પરથી સવાર થઈ રહ્યા હતાં. આ દરમિયાન એકાએક પાછળથી કાળા રંગની એસયુવી આવી અને બે સાઈકલ ચાલકને ટક્કર મારી ત્યાંથી ફરાર થઈ ગઈ. ખોટી રીતે રોંગ સાઈડથી ઓવરેટક કરવા જતી કારની ટક્કરથી સાઈકલ પર સવાર તબીબ અને એક મહિલા બ્રિજ પર દૂર સુધી ઢસડાયા હતાં.

ઘાયલ સાઈકલ સવારની ઓળખ ડૉ. અનિસ તિવારી તરીકે થઈ છે. જે પ્રેરણાતીર્થ દેરાસર પાસે રહે છે. આ સિવાય અન્ય સાઈકલ ચાલકની ઓળખ કૃષ્ણા શુક્લા તરીકે થઈ છે, જે અમદાવાદના જ બોડકદેવ વિસ્તારમાં રહે છે. મળતી માહિતી મુજબ, ઘાયલ તબીબ સહિતના મિત્રો સવારે કસરતના ભાગરૂપે સાઈકલિંગ કરી રહ્યાં હતાં. તે સમયે એક બેફામ કારે બે લોકોને ટક્કર મારી હતી. સમગ્ર ઘટનાની જાણ થતાં આસપાસના લોકો ત્યાં મદદે પહોંચી ગયાં હતાં. સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ અને પોલીસને જાણ કરી દીધી હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. ઘાયલ તબીબે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

**વિશેષ** | સરદાર પટેલ નર્મદા ટ્રેકિંગ કેમ્પ-૨૦૨૪ સંપન્ન

# ટ્રેકિંગ કેમ્પમાં દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને ગુજરાતમાંથી ૫૧૦ જેટલા NCC કેડેટ્સ ઉત્સાહભેર સહભાગી બન્યા

### કેમ્પમાં જુનારાજ ઇકોલોજીકલ રિઝર્વ ફોરેસ્ટ ટ્રેકનો ૨૮ કિમી, કરજણ ડેમ ટ્રેકનો ૧૫ કિમી, સુંદરપુરા ટ્રેકનો ૧૦ કિમી અને સરદાર વલ્લભભાઈ પટેલની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતનો સમાવેશ કરાયો






। (માહિતી) નર્મદા ।

NCC ગ્રુપ હેડક્વાર્ટર વડોદરા દ્વારા તા. ૧૭મી થી ૨૪ નવેમ્બર - ૨૦૨૪ દરમિયાન ગુજરાત NCC લીડરશિપ એકેડેમી, રાજપીપળા ખાતે સરદાર પટેલ નર્મદા ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દેશના ભાવિ યુવાનોમાં એકતા અને શિસ્તની ભાવના કેળવે છે. એક કુશળ અને સાહસિક યોદ્ધા તૈયાર કરે છે. આ ટ્રેકિંગ કેમ્પમાં દિલ્હી, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ અને ગુજરાતમાંથી ઉત્સાહી ૫૧૦ સિનિયર ડિવિઝન અને જુનિયર ડિવિઝન NCC કેડેટ્સે ભાગ લીધો હતો.

આ ટ્રેકને ૬ ગુજરાત ગર્લ્સ Bn NCC- સુરતના કમાન્ડિંગ ઓફિસર કર્નલ જે.એસ. કુલાર દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવ્યો હતો. ટ્રેકિંગ કેમ્પ સાતપૂડાની હરિયાળી ગિરીકંદરાઓથી આચ્છાદિત નર્મદા જિલ્લાના કરજણ ડેમની નજીકમાં યોજવામાં આવ્યો હતો. તેમાં નર્મદા જિલ્લામાં જુનારાજ ઈકોલોજીકલ રિઝર્વ ફોરેસ્ટ ટ્રેકનો ૨૮ કિમી, કરજણ ડેમ ટ્રેકનો ૧૫ કિમી, સુંદરપુરા ટ્રેકનો ૧૦ કિમી અને સરદાર વલ્લભભાઈ પટેલની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કેમ્પ દરમિયાન વોલીબોલ, ટગ ઓફ વોર, નેશનલ ઈન્ટીગ્રેશન પ્રેઝન્ટેશન, લોક સંગીત અંતાક્ષરી જેવી વિવિધ સ્પર્ધાઓ પણ યોજાઈ હતી. આ ઈવેન્ટ કેડેટ્સને નેતૃત્વના ગુણો વિકસાવવા, તેમની શારીરિક સહનશક્તિ, આત્મવિશ્વાસ અને જૂથ શિક્ષણની કસોટી કરવામાં મદદ કરશે, જે કેડેટ્સ માટે જીવન બદલી નાખનાર અનુભવ બની રહેશે. આ ટ્રેકિંગ કેમ્પના અંતે કેડેટ્સ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૫ ોતાના રાજ્યની સંસ્કૃતિ, લોકનૃત્ય અને ગાયન પ્રતિભાનું નિદર્શન કર્યું હતું. શિબિરનું સમાપન સંબોધન કર્નલ જે.એસ. કુલાર, ડીવાય કેમ્પ કમાન્ડન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. એનસીસી સીડીટીએસ અને એસોસિયેટ એનસીસી અધિકારીઓને ઈનામો અને સ્મૃતિચિહ્નોથી સન્માનિત કર્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### ડોક્ટર અર્નેબાય ઉપર ૮૭ મહિલા સાથે દુષ્કર્મનો આરોપ

। (એજન્સી) નોર્વે, તા.૨૫ ।

નોર્વેના એક નાનાકડા ગામમાં અનેક મહિલાઓ સાથે શારીરિક શોષણનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ડોક્ટર રહી ચૂકેલા ૫૫ વર્ષના અર્નેબાય પર ૮૭ મહિલાઓ સાથે દુષ્કર્મ કરવાનો અને તેમના વીડિયો બનાવવાનો આરોપ લાગ્યો છે. આ મામલો નોર્વેના ઈતિહાસનો સૌથી મોટો યૌન શોષણ કાંડ હોવાનું કહેવાય છે. પીડિતાઓની ઉંમર ૧૪ વર્ષથી ૬૭ વર્ષ વચ્ચે છે. આરોપ છે કે બાયે ૨૦ વર્ષ સુધી આ જઘન્ય કૃત્યોને અંજામ આપ્યો. અભિયોજન પક્ષ મુજબ બાયે ૯૪ મહિલાઓ સાથે યૌન ઉત્પીડન કર્યું, જેમાંથી બે સગીરા હતી. ડોક્ટરે પોતાના પદનો દુરઉપયોગ ક રતા આ બધુ કર્યું. બાયે ૩ મામલાઓમાં દુષ્કર્મ અને ૩૫ મામલાઓમાં પદના દુરઉપયોગની વાત સ્વીકારી છે. તપાસ દરમિયાન પોલીસે ડોક્ટર પાસેથી ૬૦૦૦ કલાકથી વધુની વીડિયો સામગ્રી જપ્ત કરી છે. આ વીડિયો ગુપ્ત રીતે દર્દીઓ સાથે કરાયેલા દુષ્કર્મ અને ગાઈનેકોલોજિકલ તપાસનું રેકોર્ડિંગ છે. કોર્ટમાં રજૂ કરાયેલા વીડિયોએ સમગ્ર નોર્વેને હચમચાવી દીધુ છે. એક પીડિતાએ કોર્ટને જણાવ્યું કે તેણે ફક્ત ગળાની ખારાશ માટે ડોક્ટરનો સંપ ર્ક કર્યો હતો. પરંતુ ડોક્ટરે તેને કપડાં વગર તપાસ માટે જણાવ્યું. મહિલાએ કહ્યું કે મે વિચાર્યું હતું કે તેઓ ડોક્ટર છે, આથી મે તેમની વાત માની. અનેક મહિલાઓએ ગાઈનેકોલોજિકલ તપાસ દરમિયાન દર્દનાક અનુભવઅને ખોટી રીતે સ્પર્શવાની ફરિયાદ કરી. આરોપ પત્રમાં કહેવાયું છે કે ડોક્ટરે પીડિતાઓના પ્રાઈવેટ અંગોમાં કોઈ પણ મેડિકલ કારણ વગર 'ડિઓડ્રન્ટ જેવી', 'બોટલ જેવી' અને અન્ય સિલિન્ડર આકાર ટાઈપ વસ્તુ નાખી હતી. એક મહિલાએ કહ્યું કે આ એટલું બધુ દર્દનાક હતું કે તેને લાગ્યું કે તે જાણે મરી જશે. ફ્રોસ્તા નામના નાનકડા ગામમાં બાય એક સન્માનિત ડોક્ટર તરીકે જાણીતો હતો. તેના વિરુદ્ધ આરોપો સામે આવ્યા બાદ ગામડાના લોકો આઘાતમાં સરી પડ્યા છે. બાય અનેક વર્ષોથી ગામમાં સ્વાસ્થ્ય સેવા આપતો હતો અને તેની આ છબીના કારણે તેના પર કોઈ શક કરતું નહતું. ઓગસ્ટ ૨૦૨૨માં સ્વાસ્થ્ય અધિકારીઓની ફરિયાદ પર પોલીસે તપાસ શરૂ કરી હતી. બાય પર ૨૦૨૩માં ઔપચારિક રીતે કેસ દાખલ થયો પરંતુ તેની ધરપકડ કરાઈ નહીં. અધિકારીઓએ કહ્યું કે આ મામલાની ગંભીરતા છતાં બાયને અટકમાં લેવાનો આધાર નથી. આરોપો મુજબ ડોક્ટરે એક જ પરિવારની મહિલાઓ કે જેમાં એક માતા, પુત્રી અને બહેન સામેલ છે તેમને પણ પોતાના શિકાર બનાવ્યા. કોર્ટમાં એક મહિલાએ કહ્યું કે ડોક્ટરે તેની અનેકવાર ગાઈનેકોલોજિસ્ટની ખુરશી પર બેસીને લાંબા સમય સુધી તપાસ કરી.

### દારુ છોડવા માટે તાંત્રિકે બે સગા ભાઈને દવા પીવડાવી

। (એજન્સી) સવાઈ માધોપુર, તા.૨૫ ।

રાજસ્થાનના સવાઈ માધોપુરથી અડીને આવેલા ગંગાપુર સિટી જિલ્લામાંથી બે સગા ભાઈઓના સંદિગ્ધ અવસ્થામાં મોત થવાનો કિસ્સો સામે આવ્યો છે. આ બંને ભાઈ દારૂડિયા હતા. પરિવારના લોકોએ તેમની દારૂની લત છોડવા માટે એક તાંત્રિક પાસે લઈ ગયા હતા. ત્યાં તેમને દવા ખવડાવવામાં આવી. આ દવા ખાતા જ બંને ભાઈઓને ઉલ્ટી થવા લાગી. બાદમાં બંને ભાઈના તડપી તડપીને મોત થઈ ગયા. પરિવારે આ મામલે કોઈ પણ પ્રકારની પોલીસ ફરિયાદ કરવાની ના પાડી દીધી છે. જાણકારી અનુસાર, આ મામલો ગંગાપુર સિટીના બામનવાસ વિસ્તારના પિપલાઈ ગામનો છે. ત્યાં આવેલા નાગ દેવતાના મંદિરમાં દારૂ છોડવાની દવા લેવા આવેલા બે યુવકોની સંદિગ્ધ અવસ્થામાં મોત થઈ ગયા છે. તો વળી મંડાવરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખુર્રા માતાજી નજીક મદારી વસ્તીના કરણ સિંહ (૨૨) અને તેનો મોટો ભાઈ વિજય સિંહ (૨૫)ને રવિવારની રાતે તેમના પરિવારના લોકો દારૂની લત છોડવવા માટે લઈ ગયા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને ભાઈઓને ત્યાં એક તાંત્રિક તરફથી દવા ખવડાવવામાં આવી હતી. ત્યાંથી પરત આવતી વખતે બંને ભાઈઓની તબિયત ખરાબ થઈ ગઈ. તેમને ઉલ્ટીઓ થવા લાગી. તેના પર પરિવાર તેમને મંડાવરી હોસ્પિટલ લઈ ગયા. જ્યાં બંને ભાઈઓને મૃત જાહેર કરી દેવામાં આવ્યા. તેની સૂચના પર બામનવાલ પોલીસ ત્યાં પહોંચી. તેમની લાશને કબજામાં લઈને સીએચસી મોર્ચરીમાં રાખવામાં આવ્યા છે.






નવી દિલ્હીમાં સંસદ ભવનમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી પ્રથમ દિવસે હાજરી આપવા પહોંચ્યા ત્યારે કેન્દ્રીય પ્રધાન અર્જુન રામ મેઘવાલ, કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુ, કેન્દ્રીય વિજ્ઞાન અને તકનીકી પ્રધાન ડો. જીતેન્દ્ર સિંહ અને માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ. મુરુગન દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### સંભલ હિંસા પર રાહુલ ગાંધીએ આપ્યું નિવેદન

# રાહુલે સંભલમાં ભડકેલી હિંસાની ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે

। (એજન્સી) લખનૌ, તા. ૨૫ ।

ઉત્તર પ્રદેશના સંભલમાં ભડકેલી હિંસા અંગે આજે સોમવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનું નિવેદન બહાર આવ્યું છે. રાહુલ ગાંધીએ આ હિંસા માટે ભાજપ સરકારને જવાબદાર ઠેરવી છે અને ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે. રાહુલે પોતાના X હેન્ડલ પર પણ આ મામલે પોસ્ટ કરી છે. આ ઉપરાંત પ્રિયંકા ગાંધી દ્વારા પણ આ મામલે નિવેદન આપવામાં આવ્યું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'સંભલ, ઉત્તર પ્રદેશમાં તાજેતરના વિવાદ પર રાજ્ય સરકારનું પક્ષપાતી અને ઉતાવળભર્યું વલણ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. હિંસા અને ગોળીબારમાં જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે તેમના પ્રત્યે મારી ઊંડી સંવેદના. પ્રશાસન દ્વારા તમામ પક્ષોને સાંભળ્યા વિના અને અસંવેદનશીલતાથી કરવામાં આવેલી કાર્યવાહીથી વાતાવરણ વધુ



ખરાબ થયું અને ઘણા લોકોના મૃત્યુ થયા છે, જેના માટે ભાજપ સરકાર સીધી રીતે જવાબદાર છે. ભાજપ દ્વારા હિન્દુ-મુસ્લિમ સમાજ વચ્ચે તિરાડ અને ભેદભાવ ઉભો કરવા માટે સત્તાનો ઉપયોગ ન તો રાજ્યના અને ન તો દેશના હિતમાં છે. રાહુલે આગળ કહ્યું કે, 'હું સુપ્રીમ કોર્ટને વિનંતી કરું છું કે તે આ મામલે જલદી દરમિયાનગીરી કરે અને ન્યાય કરે. મારી અપીલ છે કે, શાંતિ અને પરસ્પર સૌહાર્દ જાળવી રાખો. આપણે સૌએ સાથે મળીને એ સુનિશ્ચિત કરવું પડશે કે, ભારત સાંપ્રદાયિકતા અને નફરતના નહીં પણ એકતા અને બંધારણના માર્ગે આગળ વધે. હાલમાં જ પ્રિયંકા ગાંધીએ પણ સંભલ કેસ પર નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, વહીવટીતંત્રે કોઈપણ તપાસ વિના અથવા બંને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના ઉતાવળમાં પગલાં લીધાં છે. પ્રિયંકાએ એક્સ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'ઉત્તર પ્રદેશના સંભલમાં અચાનક થયેલા વિવાદને લઈને રાજ્ય સરકારનું વલણ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. બીજી બાજુ સાંભળ્યા વિના અને બંને પક્ષોને વિશ્વાસમાં લીધા વિના વહીવટીતંત્રે આટલી સંવેદનશીલ બાબતમાં જે ઉતાવળમાં પગલાં લીધાં તે દર્શાવે છે કે, સરકારે જ વાતાવરણ બગાડ્યું છે. પ્રશાસને જરૂરી કાર્યવાહી અને ફરજોનું પાલન કરવું જરૂરી માન્યું ન હતું. પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, 'સત્તા પર બેસીને ભેદભાવ, અત્યાચાર અને ભાગલા પાડવાનો પ્રયાસ ન તો લોકોના હિતમાં છે કે ન તો દેશના હિતમાં.

# બંધારણના આમુખમાંથી સમાજવાદ અને સેક્યુલર શબ્દો નહીં હટેઃ સુપ્રીમ

### ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ છે તેની પૂર્વસંધ્યાએ જ સુપ્રીમ કોર્ટે અરજદારોને આપ્યો હતો મોટો આંચકો, સુપ્રીમ કોર્ટે તમામ PIL ફગાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૫ ।

બંધારણના આમુખમાંથી 'સમાજવાદ' અને 'સેક્યુલર' શબ્દો હટાવવાની દાદ માગતી જાહેર હિતની અરજીઓ સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ૨૬ નવેમ્બરે બંધારણ દિવસ છે અને આજે આ અંગેનો ચુકાદો આપતા કોર્ટે આ શબ્દો દૂર કરવા ઈનકાર કરી દીધો છે. ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી દરમિયાન ૧૯૭૬માં બંધારણનો ૪૨મો સુધારો દાખલ કરીને આમુખમાં ''સમાજવાદ'' અને ''સેક્યુલર'' શબ્દો ઉમેરી દેવામાં આવ્યા હતા. આ શબ્દો હટાવી દેવા જોઈએ કેમ કે તે મૂળ બંધારણનો ભાગ નહોતા તેવી દાદ માગતી જાહેર હિતની અરજીઓ કરવામાં આવી હતી જેને આજે સોમવારે મુખ્ય ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના અને ન્યાયમૂર્તિ પીવી સંજય કુમારની બેન્ચ ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે જોકે, તેના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે, બંધારણમાં સુધારો કરવાનો અધિકાર સંસદ પાસે છે. અલબત્ત કોઈપણ સુધારાથી બંધારણના મૂળ ભાવમાં ફેરફાર ન થવો જોઈએ. સુપ્રીમ કોર્ટના મતે ૧૯૪૯ની ૨૬ નવેમ્બરે જે પ્રસ્તાવના હતી તે પ્રસ્તાવના પુનઃ સ્થાપિત કરવા



આ શબ્દો હટાવી શકાય નહીં. એ વાત સાચી છે કે, બંધારણસભાએ ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ બંધારણ દેશને સોંપી દીધું હતું, પરંતુ કલમ ૩૬૮ હેઠળ આપવામાં આવેલા અધિકારને આ તારીખ દ્વારા દૂર ન કરી શકાય. ભાજપના ભૂતપૂર્વ સાંસદ સુબ્રમણ્યમ સ્વામી, સામાજિક કાર્યકર બલરામ સિંહ તથા એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયે જાહેર હિતની અરજીઓ દાખલ કરીને ૧૯૭૬માં કરવામાં આવેલા ૪૨મા સુધારા દ્વારા બંધારણના મૂળ આત્માને ખતમ કરી દેવામાં આવ્યો હતો, અને તેથી પ્રસ્તાવનામાંથી સમાજવાદ અને સેક્યુલર શબ્દો હટાવી દેવા જોઈએ. સુબ્રમણ્યમ સ્વામીએ તેમની અરજીમાં કહ્યું હતું કે, બંધારણ જે દિવસે અપનાવવામાં આવ્યું હતું.




ગોવામાં ૫૫મી IFFI ખાતે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ક્રિસ્ટી કુર્સ બીસલી (નિર્માતા), રચના પ્રસન શાહ (નિર્માતા), ટેલર ટ્રેડવેલ (અભિનેત્રી) અને વિશ્વનાથ બાલાસુબ્રમણિયમ અય્યર (મુખ્ય અભિનેતા) ફિલ્મ 'અમેરિકન વોરિયર' હાજર રહ્યા હતા.

# ચૂંટણીમાં કારમી હાર બાદ આદિત્ય ઠાકરેને સોંપાઈ મોટી જવાબદારી

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્ર ચૂંટણી બાદ શિવસેના (યુબીટી)ના ધારાસભ્યો વચ્ચે યોજાયેલી બેઠકમાં મહત્ત્વનો નિર્ણય લેવાયો છે. જેમાં તમામ ધારાસભ્યોએ આદિત્ય ઠાકરેને બંને સદનના નેતા બનાવવાનો નિર્ણય લીધો છે. તેમજ ભાસ્કર જાધવને પક્ષના નેતા અને સુનીલને ચીફ વ્હિપ પદે નિમણૂક કરી છે. આ ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ વર્લી બેઠક પરથી ૮૦૦૦ મતોના માર્જિનથી જીત મેળવી હતી. આદિત્યએ ૬૦૬૦૬ મત મેળવી હરીફ ઉમેદવાર શિવસેના (શિંદે જૂથ)ના દિગ્ગજ નેતા અને રાજ્યસભાના સાંસદ મિલિંદ દેવડાને હરાવ્યા હતા. ઉદ્ધવ ઠાકરેએ આ વખતે વિધાનસભા ચૂંટણીમાં કારમી હારનો સામનો કર્યો છે. આ નિરાશાજનક પ્રદર્શન પર પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યું હતું કે, મને સમજાઈ રહ્યું નથી કે, જે મતદારોએ માત્ર પાંચ મહિના પહેલા લોકસભા ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપના નેતૃત્વના ગઠબંધનને હરાવ્યા હતા, તેમનું મન અચાનક કેવી રીતે બદલાઈ ગયું. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં ઉદ્ધવ ઠાકરે મોટા લૂઝર રહ્યા હતા. ૨૦૧૯માં ૫૬ બેઠકો હાંસલ કરનારા ઉદ્ધવના પક્ષમાં આ વખતે માંડ ૨૦ બેઠકો આવી છે.

### સાયરા બાનોએ કર્યો ખુલાસો

# રહેમાન દુનિયાના બેસ્ટ વ્યક્તિ છે, પ્લીઝ કોઈ અફવા ન ફેલાવો

### સોશિયલ મીડિયા પર રહેમાનના લિંકઅપની વાતો સામે આવી હતી

। (એજન્સી) મુંબઈ, તા. ૨૫ ।

એઆર રહેમાન અને તેમની પત્ની સાયરા બાનો લગ્નના ૨૯ વર્ષ પછી અલગ થઈ ગયા છે. ૧૯ નવેમ્બરે બંનેએ છૂટાછેડાની જાહેરાત કરીને ચાહકોને ચોંકાવી દીધા હતા. રહેમાન બાદ તેની બેન્ડ ટીમના સભ્ય મોહિની ડેએ પણ તેના પતિથી છૂટાછેડાની જાહેરાત કરી હતી, ત્યારબાદ સોશિયલ મીડિયા પર તેમના લિંકઅપની વાતો સામે આવી હતી, પરંતુ હવે રહેમાનની પૂર્વ પત્ની સાયરા બાનોએ પહેલીવાર અલગ થવા પર મૌન તોડ્યું છે અને છૂટાછેડાનું સાચું કારણ જાહેર કર્યું છે. રહેમાને તેના છૂટાછેડા અંગેના ખોટા સમાચાર ફેલાવતી સોશિયલ મીડિયા પોસ્ટ્સ સામે કાયદેસરની કાર્યવાહી કરી છે અને તેને ૨૪ કલાકની અંદર તેને હટાવવાનું કહ્યું છે. હવે આવી સ્થિતિમાં રહેમાનની પૂર્વ પત્ની પણ તેના સમર્થનમાં સામે આવી છે અને લોકોને પાયાવિહોણા સમાચાર ન



ફેલાવવા વિનંતી કરી છે. દંપતીના વકીલ વંદના શાહે મીડિયામાં સાયરા બાનોની એક વોઈસ નોટ શેર કરી છે, જેમાં તે છૂટાછેડા વિશે જણાવી રહી છે. સાયરાએ વૉઈસ નોટમાં કહ્યું છે કે, બધાને નમસ્કાર. હું સાયરા રહેમાનપ હું હાલમાં મુંબઈમાં છું અને છેલ્લા કેટલાક મહિનાઓથી અસ્વસ્થ છું. તેથી જ હું એઆરથી બ્રેક લેવા ઈચ્છતી હતી. હું એક હું તમામ યૂટ્યુબર્સ, તમિલ મીડિયાને વિનંતી કરું છું કે મહેરબાની કરીને રહેમાન વિરુદ્ધ કંઈ જ ખરૂં ખોટું ન કહો. તેઓ દુનિયાના સૌથી સારા વ્યક્તિ છે. તેઓ જેમ ઓફ અ પર્સન છે. હું મારી હેલ્થ સમસ્યાઓને લઈને ચેન્નઈમાં હતી, પરંતુ હવે મુંબઈ આવી ગઈ છું અને અહીં મારો ઈલાજ કરાવી રહી છું. ચેન્નાઈમાં એઆરના વ્યસ્ત શેડ્યૂલને કારણે ટ્રીટમેન્ટ કરાવી શક્ય ન હતી અને હું કોઈને પરેશાન કરવા માંગતી નથી. ન તો મારા બાળકો અને ન તો તેમને, પરંતુ તેઓ એક અદભૂત વ્યક્તિ છે. હું માત્ર એટલી જ વિનંતી કરીશ કે તેઓ જેવા છે તેવા જ તેમને રહેવા દો. હું મારા જીવનમાં ફક્ત તેમના પર જ વિશ્વાસ કરું છું.'' લિંકઅપના સમાચાર પર સાયરાએ કહ્યું કે, તેઓ અન્ય કોઈ સાથે જોડાયેલા નથી. હું તેમને પ્રેમ કરું છું અને તેઓ પણ મને સમાન રીતે પ્રેમ કરે છે. તેથી હું તમને બધાને વિનંતી કરું છું કે આ મુદ્દા પર વાત ન કરો અને ખોટી અફવાઓ ન ફેલાવો.

### ઉત્તરપ્રદેશના સંભલમાં હિંસાનો મામલો

# સપા સાંસદ જિયા ઉર રહેમાન સહિત સેંકડો તોફાનીઓ વિરુદ્ધ FIR દાખલ

। (એજન્સી) લખનૌ, તા. ૨૫ ।

ઉત્તરપ્રદેશના સંભલમાં હિંસાને ઉત્તેજન આપવાના આરોપસર સમાજવાદી પાર્ટીના સાંસદ અને સપાના એક ધારાસભ્યના પુત્ર સહિત સેંકડો લોકો વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી છે. સંભલમાં મંદિરને તોડીને મસ્જિદ બનાવી દેવામાં આવી છે કે કેમ તે અંગે અદાલતના નિર્દેશ હેઠળ સર્વેક્ષણની કાર્યવાહી દરમિયાન રવિવારે કટ્ટરવાદીઓના ટોળાએ ભારે તોડફોડ કરી હતી અને વાહનોને આગ લગાડી દીધી હતી. આ હિંસા દરમિયાન ઓછામાં ઓછા ચાર વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. ઉત્તરપ્રદેશના સંભલમાં કોર્ટના નિર્દેશ બાદ રવિવારે જામા મસ્જિદના સ્થળે સર્વેક્ષણની કાર્યવાહી માટે ટીમ પહોંચી હતી. આ દરમિયાન કટ્ટરવાદી ટોળાએ ભારે પથ્થરમારો, આગજની અને હિંસા કરતા પોલીસ એક્શનમાં આવી છે. સંભલમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી હતી, એટલું જ નહીં પરંતુ બહારના લોકોને પ્રવેશવા ઉપર પણ પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. દરમિયાન પોલીસે અખિલેશ યાદવના પક્ષ સમાજવાદી પાર્ટીના સાંસદ જિયા ઉર રહેમાન તેમજ સપાના ધારાસભ્ય ઈકબાલ મસુદના પુત્ર સુહેલ ઈકબાલ ઉપર હિંસાના કાવતરાનો કેસ દાખલ કર્યો છે. સંભલ



પોલીસે સપાના સ્થાનિક આગેવાનો વિરુદ્ધ કેસ દાખલ કરવા ઉપરાંત હિંસા ભડકાવવા માટેના પોસ્ટર કોણે લગાવ્યા હતા તેની તપાસ પણ શરૂ કરી છે. સંભલના પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અમારા એક સબ-ઈન્સ્પેક્ટર દીપક રાઠી ગઈકાલની હિંસામાં ઘાયલ થયા હતા, તેમણે તેમના સહિત પોલીસ અને સર્પેક્ષણની ટીમ ઉપર હુમલો કરનારા ૮૦૦ જણા ઉપર એફઆઈઆર દાખલ કરાવી છે. આ કેસમાં સપા સાંસદ જિયા ઉર રહેમાન તેમજ સોહેલ ઈકબાલને આરોપી બનાવવામાં આવ્યા છે. તેણે જ લોકોની ઉશ્કેરણી કરી હતી. બર્કને કાનૂની નોટિસ પાઠવી દેવામાં આવી છે અને તેની ધરપકડ પણ થઈ શકે છે. આ અગાઉ ગઈકાલે મુરાદાબાદના ડિવિઝનલ કમિશનર અંજનેય કુમાર સિંહના જણાવ્યા અનુસાર, ટીમ રવિવારે સવારે ૭ વાગે સર્વે માટે જામા મસ્જિદ પહોંચી હતી.

## તંત્રી લેખ...

# દર્દીઓના વિશ્વાસને મેડીકલ કૌંભાડોએ તોડયો

કોઈ પણ રીતે કમાણી કરવાનો એક માત્ર ઉદ્દેશ જ જગત પાસે બચ્યો હોય તેમ સૌ કોઈ સાચીખોટી રીતે કમાવા સિવાય બીજું કૈં વિચારતા જ નથી. પરિણામે ભ્રષ્ટાચાર જ સર્વોપરી થયો છે. જોઈએ તેના કરતાં વધુ પૈસા મેળવવામાં લોહીનું પાણી થતું રહે છે. આયુષ્યમાન યોજના હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં ૪૬ લાખ જેટલા દર્દીઓ પાછળ ગુજરાતમાં લગભગ ૯૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થયો. આયુષ્યમાન કાર્ડ ધારકને કોઈ ખર્ચો થતો નથી એમ કહીને સારવાર માટે હોસ્પિટલે ખેંચવામાં આવતા અને એમ કરીને ડોકટરો દર્દીઓને અને સરકારને પણ વેતરી નાખતા હોવાની ગંભીર ચિંતા ઉભી થઈ છે. આયુષ્યમાન કાર્ડમાંથી જે જે રકમો ઊપડી છે તે કરોડોની રકમ હવે સરકાર હોસ્પિટલ પાસેથી વસૂલશે. એ તો બરાબર, પણ આ ડોકટરો એકલી સરકારને જ વેતરીને રહી ગયા નથી, અન્ય દર્દીઓને પણ આ નિર્લજજોએ લૂંટવામાં કૈં જ બાકી નહીં રાખ્યું હોય એ સ્પષ્ટ થતું જાય છે. ત્યારે એક કિસ્સામાં મફત મેડિકલ કેમ્પ કડીનાં બોરીસણા ગામે ખ્યાતિ હોસ્પિટલ દ્વારા યોજાતા હતા ને જેમની પાસે આયુષ્યમાન કાર્ડ હતા તેવા દર્દીઓને હોસ્પિટલે બોલાવીને, કદાચ કેટલાકને તો જરૂર ન હોય છતાં સ્ટેન્ટ મૂકી દઈને, આયુષ્યમાન કાર્ડમાંથી સરકાર પાસેથી પૈસા પડાવી લેવાતા હોવાનું ખુબ મોટુ મેડિકલ કૌભાંડ બહાર આવ્યું છે. ડોકટરો દર્દી માટે ભગવાન છે એ વાક્ય સર્વ સ્વીકાર્ય બન્યું. પણ એ બિચારા દર્દીને ખબર નથી કે જેમને એ ભગવાન માને છે તે તો ભગવાન પાસે પહોંચાડનારા બની શકે છે. શું હવે આયુષ્યમાન કાર્ડ આયુષ્ય ઘટાડશે?! એ દર્દી તો ડોકટરોને હવાલે થયા ને ડોકટરોએ જરૂર ન હતી તોય સ્ટેન્ટ મૂકીને મોતને હવાલે કર્યાના આક્ષેપ ખુબ ગંભીર કહી શકાય.

# સંસદના શિયાળુ સત્રની શરૂઆતમાં પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

શિયાળુ સત્ર છે અને વાતાવરણ પણ ઠંડુ રહેશે. ૨૦૨૪નો આ છેલ્લો સમયગાળો છે, દેશ પણ ૨૦૨૫ને પૂરા જોશ અને ઉત્સાહ સાથે આવકારવાની તૈયારીમાં વ્યસ્ત છે. સંસદનું આ સત્ર ઘણી રીતે ખાસ છે. અને સૌથી મોટી વાત આપણા બંધારણની ૭૫ વર્ષની સફર છે, તેનો ૭૫માં વર્ષમાં પ્રવેશ છે. લોકશાહી માટે આ એક ખૂબ જ ઉજ્જ્વળ તક છે. અને આવતીકાલે બંધારણ સભામાં સૌ સાથે મળીને આ બંધારણના ૭૫મા વર્ષની ઉજવણીની શરૂઆત કરીશું. બંધારણનો મુસદ્દો ઘડતી વખતે, બંધારણના ઘડવૈયાઓએ દરેક મુદ્દા પર ખૂબ જ વિગતવાર ચર્ચા કરી અને ત્યારે જ આપણને આટલો ઉત્તમ દસ્તાવેજ મળ્યો છે. અને તેના મહત્વના એકમોમાંથી એક આપણી સંસદ છે. આપણા સાંસદો અને આપણી સંસદ પણ. સંસદમાં તંદુરસ્ત ચર્ચા થવી જોઈએ, વધુને વધુ લોકોએ ચર્ચામાં સહયોગ આપવો જોઈએ. કમનસીબે, કેટલાક લોકો, જેમને જનતાએ તેમના રાજકીય સ્વાર્થ માટે નકારી કાઢ્યા છે, તેવા મુઠ્ઠીભર ઉપદ્રવી લોકો સંસદને નિયંત્રિત કરવાનો સતત પ્રયાસ કરી રહ્યા છે. સંસદની ગતિવિધિઓ અટકાવવા તેમના ઈરાદા તો સફળ નથી થયા અને દેશની જનતા તેમના તમામ કાર્યોની ગણતરી કરે છે. અને જ્યારે સમય આવે છે, ત્યારે તે સજા પણ કરે છે. પરંતુ સૌથી દુઃખદ વાત એ છે કે નવા સાંસદો માત્ર ઉર્જા નહીં પણ નવા વિચારો લઈને આવે છે અને તેઓ કોઈ એક પક્ષમાં નથી આવતા પરંતુ તમામ પક્ષો માટે આવતા હોય છે. કેટલાક લોકો તેમના અધિકારોને દબાવી દે છે. તેમને ગૃહમાં બોલવાની તક પણ મળતી નથી. લોકતાંત્રિક પરંપરામાં દરેક પેઢીનું કામ આવનારી પેઢીઓને તૈયાર કરવાનું હોય છે, પરંતુ જેમને જનતાએ ૮૦-૮૦, ૯૦-૯૦ વખત નકાર્યા છે તેઓ ન તો સંસદમાં ચર્ચા કરવા દે છે, ન તો લોકશાહીની ભાવનાનું સન્માન કરે છે, તેઓ લોકોની આકાંક્ષાઓનું મહત્વ સમજતા નથી...તેમની પ્રત્યે તેમની કોઈ જવાબદારી નથી, તેઓ કંઈપણ સમજવામાં અસમર્થ છે. અને પરિણામ એ આવે છે કે તેઓ ક્યારેય જનતાની અપેક્ષાઓ પર ખરા ઉતરતા નથી. અને પરિણામે જનતાએ તેમને વારંવાર નકારવા પડે છે. લોકશાહીના આ ગૃહમાં, ૨૦૨૪ની સંસદની ચૂંટણી પછી, દેશના લોકોને પોતપોતાના રાજ્યોમાં કેટલીક જગ્યાએ તેમની લાગણીઓ, તેમના વિચારો, તેમની અપેક્ષાઓ વ્યક્ત કરવાની તક મળી છે. તેમાં પણ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના પરિણામોને કારણે રાજ્યોને વધુ તાકાત આપવામાં આવી છે, વધુ બળ પૂરું પાડવામાં આવ્યું છે અને સમર્થનનો વ્યાપ વધ્યો છે. અને લોકશાહીની એ સ્થિતિ છે કે આપણે લોકોની ભાવનાઓને માન આપીએ અને તેમની આશાઓ અને અપેક્ષાઓ પર ખરા ઉતરવા માટે દિવસ-રાત મહેનત કરીએ. હું ખાસ કરીને વિપક્ષ તરફથી મારા સાથીદારોને વારંવાર વિનંતી કરતો રહ્યો છું અને કેટલાક વિપક્ષો પણ ખૂબ જ જવાબદારીપૂર્વક વર્તે છે. તેઓ ઈચ્છે છે કે ગૃહમાં કામકાજ સુચારૂ રીતે ચાલે. પરંતુ જેમને જનતા દ્વારા સતત નકારવામાં આવતા હતા, તેઓ તેમના સાથીદારોના વિચારોને દબાવી દેતા હતા, તેમની લાગણીઓનો અનાદર કરતા હતા અને લોકશાહીની લાગણીનો અનાદર કરતા હતા. હું આશા રાખું છું કે અમારા નવા સાથીદારોને તક મળે, તમામ ટીમોમાં નવા સાથીદારો છે. તેમની પાસે ભારતને આગળ લઈ જવા માટે નવા વિચારો, નવી કલ્પનાઓ છે. અને આજે વિશ્વ ભારત તરફ મોટી આશા સાથે જોઈ રહ્યું છે, તો આપણે સાંસદ તરીકે ભારતને વૈશ્વિક સ્તરે જે સન્માન મળ્યું છે અને ભારત પ્રત્યેનું આકર્ષણ વધ્યું છે તેને મજબૂત કરવા માટે આપણે સમયનો ઉપયોગ કરવો જોઈએ ભારતને આજે વિશ્વમાં આવી તકો ભાગ્યે જ મળે છે. અને ભારતની સંસદમાંથી એવો સંદેશ પણ આપવો જોઈએ કે ભારતના મતદારો, લોકશાહી પ્રત્યેનું તેમનું સમર્પણ, બંધારણ પ્રત્યેનું તેમનું સમર્પણ, સંસદીય કાર્યપ્રણાલીમાં તેમની શ્રદ્ધા, સંસદમાં બેઠેલા આપણે સૌએ આ દરેકનું પાલન કરવાનું છે. લોકોની ભાવનાઓ હશે. અને સમયની જરૂરિયાત એ છે કે આપણે અત્યાર સુધી જે સમય ગુમાવ્યો છે તેના માટે થોડો પસ્તાવો કરવો જોઈએ અને તેને સુધારવાનો એકમાત્ર રસ્તો એ છે કે સંસદ ભવનમાં દરેક વિષયના વિવિધ પાસાઓને ખૂબ જ આરોગ્યપ્રદ રીતે ઉજાગર કરીએ. આવનારી પેઢીઓ પણ તે વાંચશે અને તેમાંથી પ્રેરણા લેશે. હું આશા રાખું છું કે આ સત્ર ખૂબ જ ફળદાયી રહેશે, બંધારણના ૭૫મા વર્ષના ગૌરવને વધારશે, ભારતની વૈશ્વિક ગરિમાને મજબૂત કરશે, નવા સાંસદોને તક આપશે અને નવા વિચારોને આવકારશે. આ ભાવનામાં, હું ફરી એકવાર તમામ માનનીય સાંસદોને આ સત્રને ઉમંગ અને ઉત્સાહ સાથે આગળ વધારવા માટે આમંત્રિત કરું છું અને આવકારું છું. તમારા બધા મિત્રોનો પણ ખૂબ ખૂબ આભાર.

**૨૬/૧૧ હુમલા પછી રતન ટાટાએ જે કર્યુ તે માત્ર તેઓ જ કરી શક્યા હતાં, હુમલાના ૨૦ દિવસની અંદર તેમણે એક ટ્રસ્ટની રચના કરી**

# ૨૬/૧૧/૨૦૦૮ મુંબઈ ટેરર અટેકમાં શહીદ થયેલાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરોને શત શત વંદન...



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**૨૬/૧૧ મુંબઈ ટેરર અટેકને આજે ૧૬ વર્ષ પૂર્ણ થયાં છે, આ આખું ઓપરેશન પાર પાડવામાં જે ખાખી વર્દી એટલે મુંબઈ પોલીસના ઓફિસરો અને બાહોશ પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે એને યાદ કરવાનાં છે, અને એથી પણ વધુ વિશ્વમાંથી આતંકવાદ ખત્મ થાય એ માટે સૌ દેશ એ સત્તાની કે મહા સત્તાની લાલચ માંથી બહાર આવી વૈશ્વિક શાંતિ માટે વિચારવું પડશે.**

બાળકોથી લઈને વૃદ્ધો સુધી જે સૌને પ્રિય છે, એવાં શો કરોડપતિનાં આવતાં એપિસોડમાં જુવો એક સ્પેશિયલ ગેસ્ટ! એ ટ્રેલર જોયું અને ૨૬/૧૧ ૨૦૦૮ની એ ગોઝારી ઘટના યાદ આવી ગઈ. જેમાં ૧૦ સશસ્ત્ર સજ્જ આતંકવાદીઓએ દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં હુમલો કર્યો, આ હુમલા તાજ હોટેલ, ઓબેરોય હોટેલ, કામા હૉસ્પિટલ, સીએસટી સ્ટેશન, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, લિયોપોલ્ડ કેફે, મેટ્રો સિનેમા, મુંબઈ છબડ હાઉસ અને આ ઉપરાંત ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં આતંકવાદીઓ નિર્દયતાથી ગોળીઓ વરસાવી. હુમલો લગભગ ૬૦ કલાક ચાલ્યો, જેમાં સુરક્ષાકર્મીઓ અને વિદેશીઓ સહિત ૧૬૬ લોકો માર્યા ગયાં, અને ૩૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેમાં ૨૬ વિદેશીઓ પણ હતાં. સિરિયલ બ્લાસ્ટ કરનારા આ આતંકવાદી ઓ હોટલ તાજમાં છુપાવામા સફળ થયાં, અને આમ ૧૩ માંથી ૧૦ આતંકવાદી હોટલ તાજમાં છુપાયાં હતાં. ૨૬/૧૧ મુંબઈ ટેરર અટેકને આજે ૧૬ વર્ષ પૂર્ણ થયાં છે. આ આખું ઓપરેશન પાર પાડવામાં જે ખાખી વર્દી એટલે મુંબઈ પોલીસના ઓફિસરો અને બાહોશ પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે એને યાદ કરવાનાં છે, અને એથી પણ વધુ વિશ્વમાંથી આતંકવાદ ખત્મ થાય એ માટે સૌ દેશ એ સત્તાની કે મહા સત્તાની લાલચ માંથી બહાર આવી વૈશ્વિક શાંતિ માટે વિચારવું પડશે, વસુધૈવ કુટુંબની ભારતીય મૂળની પરંપરાને જીવિત કરવી પડશે, અને સૌ સાથે પરિવાર જન જેવો ભાવ રાખવો પડશે. ૨૮ નવેમ્બરની વહેલી સવારે મુંબઈ પોલીસ તથા સુરક્ષા દળો દ્વારા તાજ હૉટેલની આજુ બાજુ કડક સુરક્ષા ગોઠવી દેવાઈ હતી. બીજે દિવસે, ૨૯ નવેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડસ્ દ્વારા શેષ રહેલા આતંકવાદીઓને ઠાર કરવા ઓપરેશન બ્લેક ટોર્નેડો હાથ ધર્યું. જેના પરીણામ રુપે બધા જ આતંકવાદીઓને મારી નખાયા. હુમલાનો એક માત્ર જીવીત આતંકવાદી, અજમલ કસાબ દ્વારા જાહેર કરવામાં આવ્યુ કે તેઓ પાકિસ્તાનના લશ્કર એ તોયબા સંગઠનના સભ્યો હતા. બાદમાં સુપ્રીમ કોર્ટે અજમલ કસાબને ફાંસીની સજા આપી. આ આખાં ઓપરેશનમાં ત્રણ પોલીસ કમિશનર અને એક પોલીસ ઈન્સ્પેકટર શહીદ થયાં અને બાદમાં તેમને અશોક ચક્ર ની પદવી એનાયત કરવામાં આવી. હેમંત કરકરે મુંબઈ આતંકવાદ વિરોધી દળના વડા હતા. તેઓએ ૧૯૮૨ થી ૨૦૦૮ સુધી પોતાની ફરજ બજાવી અને ૨૦૦૮ ના મુંબઈ આતંકી હુમલા દરમિયાન છાતીમાં ત્રણ ગોળી વાગતાં શહીદ થયા હતા. તેમને ૨૬ જાન્યુઆરી ૨૦૦૯ ના રોજ અશોક ચક્ર મૃત્યુપર્યંત એનાયત કરાયો હતો. અશોક કામ્ટે મુંબઈ પોલીસના પૂર્વ વિભાગ



અધિક પોલીસ કમિશ્નર હતા. તેઓ ૨૦૦૮ મુંબઈ હુમલા દરમિયાન આતંકવાદીઓ વિરોધી કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેમને વીરતા માટે ભારતનો શાંતિકાળનો સર્વોચ્ચ પુરસ્કાર અશોક ચક્ર એનાયત કરાયો હતો. તુકારામ ઓમબ્લે પણ ૧૯૯૧ મા મુંબઈ પોલીસમાં મદદનીશ સબ ઈન્સપેક્ટર તરીકે નિયુક્ત હતા. તેઓ ૧૯૫૪ મા ભારતીય ભૂમિ સેના માંથી નિવૃત્ત થયા બાદ પોલીસમાં જોડાયા હતા. તેઓ પણ ૨૦૦૮ મુંબઈ આતંકી હુમલા દરમિયાન ગિરગામ ચોપાટી, મુંબઈ ખાતે આતંકવાદીઓ વિરુદ્ધની કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેઓએ હુમલામાં સંડોવણી ધરાવતા આતંકવાદી અજમલ કસાબને જીવિત પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પાછળથી અજમલ કસાબ પર ખટલો ચાલ્યો, અને તેને ફાંસી પર ચડાવાયો હતો. આ સાહસ, નિસ્વાર્થતા અને સર્વોચ્ચ બલિદાન માટે ઓમ્બલેને ભારત સરકારે અશોક ચક્ર વડે મૃત્યુપર્યંત નવાજ્યા હતા. ૨૬/૧૧ ૨૦૦૮ ના આ સિરિયલ બ્લાસ્ટ વિશે સર્ચ કરતી હતી તો ઘણી એવી વાત જાણવા મળી કે જે ખરેખર આપણને સમગ્ર ટાટા ગૃપ માટે પ્રાઉડ ફીલ કરાવે. સૌ પ્રથમ તો હોટલ તાજ બનવા પાછળનું કારણ, એકવાર જમશેદજી ટાટા બ્રિટન ગયા અને ત્યાં તેમને ભારતીય હોવાને કારણે હોટલમાં રોકાવાની મંજૂરી આપી નહીં! અને ત્યારે એમણે ભારતમાં એક ભવ્ય હોટલ બનાવશે કે જે ફક્ત ભારતીય નહીં પણ દુનિયા માટે આકર્ષણનું કેન્દ્ર બનશે! અને આમ ગેટ વે ઓફ ઈન્ડિયા ના ૧૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૦૩ મા હોટલ તાજ નું નિર્માણ થયું. હોટલ તાજ એ ઈન્ડિયન નેવીને રસ્તો બતાવવા માટે એક ટ્રાયંગલ પોઈન્ટનું કામ કર્યું છે. ફર્સ્ટ વર્લ્ડ વોર દરમિયાન હોટલ તાજને એક હોસ્પિટલમાં બદલવામાં આવી હતી. આ ઉપરાંત આ હોટલ સાથે બીજી પણ ખાસિયત જોડાયેલી છે. જેમાં આખો દિવસ બાર અને આખો દિવસ રેસ્ટોરન્ટ ચલાવવા માટે લાઈસેન્સ મળ્યું હતું. ૧૯૭૨માં દેશમાં પહેલીવાર ૨૪ કલાક ખુલી રહેનાર કોફી શોપ પણ અહીં જ હતી. પહેલી હોટલ કે જેમાં ઈન્ટરનેશનલ સ્તરનું ડિસ્કોથેક હતું. જર્મન એલિવેટર્સ લગાવવામાં આવ્યા હતા. તુર્કીના બાથ ટબ અને અમેરિકન કંપનીના પંખા લગાવવામાં આવ્યા હતા. પ્રથમ હોટેલ કે જેમાં બ્રિટીશ બટલર્સને હાયર કર્યા હતા. પ્રથમ ચાર દાયકા સુધી, હોટલના રસોડાઓ ફ્રેન્ચ શેફ દ્વારા ચલાવવામાં આવતા હતા. આતંકવાદી હુમલા બાદ બરાક ઓબામા આ હોટલમાં રોકાનારા પહેલા વિદેશી રાષ્ટ્રપતિ હતા. હોટલની શરૂઆતમાં સિંગલ રૂમનું ભાડું દસ રૂપિયા હતું. પંખા અને અટેચ્ડ બાથરૂમ વાળા રૂમનું ભાડું ૧૩ રૂપિયા હતું. હવે પાછા ૨૬/૧૧/૨૦૦૮ પર આવીએ, આ ૨૬/૧૧ નાં સિરિયલ બ્લાસ્ટમાં હોટલ તાજ પણ સામેલ હતી. ૬૦૦ રૂમ અને ૪૪ સ્યુટ ધરાવતી ભારતની પ્રથમ લકઝરી હોટેલ તાજ મહેલ પેલેસ પર પાકિસ્તાનનાં ૧૦ આતંકવાદી ઓએ હુમલો કર્યો હતો. આપણે સૌ જાણીએ છીએ તેમ હોટલ તાજ એ ટાટા ગૃપ અંડર આવે છે અને એટલે રતન ટાટાને આ સમાચાર મળતાં જ તેઓ થોડીવારમાં તાજ હોટલનાં ગેટ પર પહોંચી ગયાં. તમામ અવરોધો છતાં રતન ટાટા તાજ હોટલની અંદર ગયા અને ત્યાં ત્રણ દિવસ અને ત્રણ રાત રોકાયા. એમણે તાત્કાલિક એવી જાહેરાત કરી કે ભલે આખી સંપત્તિ એટલે કે હોટલ ઉડાવી દેવી પડે પણ એક પણ આતંકવાદી બચવો ન જોઈએ. ૨૬/૧૧ હુમલા પછી રતન ટાટાએ જે કર્યું તે માત્ર તેઓ જ કરી શક્યા હતાં. હુમલાના ૨૦ દિવસની અંદર તેમણે એક ટ્રસ્ટની રચના કરી. આ ૨૦ દિવસમાં આ ટ્રસ્ટે હુમલામાં માર્યા ગયેલા દરેક કર્મચારીના પરિવારને ૩૬ લાખથી ૮૫ લાખ રૂપિયા સુધીનું વળતર આપ્યું હતું. માત્ર તાજ હોટલના કર્મચારીઓને જ નહીં પરંતુ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા અન્ય લોકોને પણ વળતર આપ્યું હતું, જેમ કે રેલવે કર્મચારીઓ, પોલીસ સ્ટાફ, ત્યાંથી પસાર થતા લોકો. રતન ટાટાએ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોનાં બાળકોના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી પણ લીધી હતી. તમને જાણીને નવાઈ લાગશે કે જે કામ રતન ટાટાએ માત્ર ૨૦ દિવસમાં ટ્રસ્ટ બનાવીને કર્યું, એ જ કામ કરવામાં સરકારને વર્ષો લાગ્યાં. પરંતુ રતન ટાટાએ આ કામ ઝડપથી કર્યું. તો ૨૬/૧૧ ૨૦૦૮ ની ગોઝારી ઘટના ઘટી ત્યારે જે શહીદ થયા એને તો આપણે યાદ કરવાનાં જ છે! અને તેમની બહાદૂરી ને વંદન કરી શ્રદ્ધાંજલિ આપવાની છે, પણ જેમણે આ આખી ઘટનામાં નુકશાન પહોંચ્યું એ તમામને વળતર આપ્યું એ દેશપ્રેમી રતન ટાટા ને શત શત વંદન અને ભારતની શાન ગણાતી આવી હોટલ નું નિર્માણ કરનાર જમશેદજી ટાટા ને પણ વંદન ! કારણકે એમનાં દેશપ્રેમ આગળ આપણું મસ્તક કાયમ નમવું જોઈએ. ધન્ય છે એ ભારત ભૂમિના સૌ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરને. જય હિન્દ.

**જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા, નથી બળ, પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે, એ કૃપાના સહારે રહેતો એ તરી જાય**

# ભક્તમાં શુદ્ધ પ્રેમ છે, તેથી એ ભગવાનને વશ રાખે છે, ભગવાન એને વશ વર્તે છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પ્રભુ તો પરમ દયાળુ છે, એમણે તો કહેલું જ છે કે, મારે શરણે આવે તેના કરોડો જન્મનાં પાપ પણ હું નાશ કરી દઉં છું, ગીતામાં ભગવાન કહે છે કે,જે મારે શરણે આવ્યો, મારો ભક્ત થયો તેનો કદી વિનાશ થતો નથી, તેનો વિનાશ કરવાની કોઇની તાકાત નથી, પ્રભુની સામે થઇને જીતે એવું કોણ છે? એટલે પ્રભુ ભક્તનો વિનાશ કરવાની કોઇની દેન નથી, ભક્તમાં શુદ્ધ પ્રેમ છે.**

માનવી પૃથ્વી પર બીજા જીવોનો અને કુદરતી સંપત્તિનો કુદરતે મૂકેલો રક્ષક ચોકીદાર જીવ છે.તે હંમેશાં એવું ઈચ્છે છે કે તેના માલિકના દર્શન મુલાકાત થાય. એટલે જ મંદિર મસ્જિદ દેરાસર ચર્ચ દેવળ અગિયારી ગુરૂદ્વારામાં જઈ સતત તલપાપડ બની જાય છે. તો આવો કંઈક ભગવદ્ જ્ઞાન થકી મેળવવા પ્રયત્ન કરીએ. દર્શનમાં આનંદ ત્યારે આવે છે, જ્યારે ભગવાન આંખ આપે છે. પૂતના જેવું મલિન હૃદય લઈ દર્શન કરવા જનારને ભગવાન પૂછે છે કે, હું તને આંખ આપતો નથી.હું આંખો બંધ કરું છું! જેના મનમાં પાપ ભર્યું છે એની સામે હું જોતોનથી.ભગવાન તો અંતર્યામી છે.એ કપડાંને જોતા નથી. કાળજાને જુએ છે. ભગવાનને એટલું જ કહેવાની જરૂર છે કે, નાથ,હું તમારો છું. તમારે શરણે આવ્યો છું. મને ભવસાગર ઉતારો હું ખરેખર કુટીલ,ખલ અને કામી છું.જેણે મનુષ્ય જન્મ દીધો તે ભગવાનને ભૂલી ગયો. એવો હું નમક હરામી છું, છતાં તમે દયાળુ છો. તમારી દયા યાચું છું. જીવની પાસે મૂડીમાં છે શું? નથી વિદ્યા,નથી બળ.પણ પ્રભુની કૃપા એને માથે વરસાવવા તૈયાર છે. એ કૃપાના સહારે રહેતો એ તરી જાય. પ્રભુ તો પરમ દયાળુ છે. એમણે તો કહેલું જ છેકે,મારે શરણે આવે તેના કરોડો જન્મનાં પાપ પણ હું નાશ કરી દઉં છું. ગીતામાં ભગવાન કહે છે કે,જે મારે શરણે આવ્યો,મારો ભક્ત થયો તેનો કદી વિનાશ થતો નથી. તેનો વિનાશ કરવાની કોઈની તાકાત નથી. પ્રભુની સામે થઈને જીતે એવું કોણ છે?એટલે પ્રભુ ભક્તનો વિનાશ કરવાની કોઈની દેન નથી. ભક્તમાં શુદ્ધ પ્રેમ છે, તેથી એ ભગવાનને વશ રાખે છે. ભગવાન એને વશ વર્તે છે. મનુષ્ય પરસ્પર એક બીજા પર પ્રેમ રાખે, એકબીજાને દેવ સમજે,તો કળિ યુગનો સતયુગ થઈ જાય!પૂતનાને જોઈ ભગવાને આંખો કેમ બંધ કરી?એનાં કારણોમાં મહાત્માઓ કહે છે કે પૂતના સ્ત્રી છે,અબળા છે, તેથી અવધ્ય છે. પણ એને માર્યા વગર છૂટકો નથી એટલે આંખ બંધ કરી છે. આ સ્ત્રીને મારવામાં શું બહાદુરી? આ સ્ત્રીને મારવી પડશે એમ વિચારી સંકોચ થી ભગવાને નેત્ર બંધ કર્યાં છે. બીજા મહાત્મા કહે છે કે,ના, એ કારણ નથી. પૂતના સ્ત્રી છે, પણ રાક્ષસી છે. અનેક બાળકો મારીને આવી છે એટલે તેને મારવામાં સંકોચ રાખવાની જરૂર નથી. આંખ બંધ કરવાનું કારણ તો બીજું છે.ભગવાનની આંખમાં જ્ઞાન વૈરાગ્ય છે. પ્રભુએ વિચાર કર્યો કે, હું પૂતના ને આંખ આપું તો એને જ્ઞાન થઈ જશે કે, હું ઈશ્વર છું. તેથી તેઓ મને ધવડાવ શે નહીં અને મારે જે લીલા કરવી છે તે થશે નહીં, તેથી તેઓ આંખ બંધ કરે છે.આ દલીલ પણ જોર દાર છે. ભગવાને ગીતા માં કહ્યું છે કે,જેના પર હું કૃપા કરું છું, નજર કરું છું તેને મારા સ્વરૂપનું જ્ઞાન થાય છે.ભગવાન જેની સામે જુએ એને બધે ભગવાન ભગવાન જ દેખાયને! એકલા પૂતના સામેજુએ તો પૂતનાને જ્ઞાન થઈ જાય છે કે, આ તો કાળનોય કાળ છે.એટલે સામાન્ય બાળક સમજી એ એને મારવા આવી છે એ વાત રહે નહીં તો પછી લીલા થાય કેવી રીતે ત્રીજા મહાત્મા કહે છે કે,ના,ના, આ કારણ મને સાચું લાગતું નથી. પૂતનાને આંખ આપે એટલે તેને જ્ઞાન થાયએ સાચુંનથી દુર્યોધનને ક્યાં જ્ઞાન થયું હતુંપણ પૂતના ઝેર દેવા આવી છે, ત્યારે લાલાએ વિચાર કર્યો કે, આને વૈકુંઠમાં લઈ જાઉં કે ગોલોકમાં? પૂતનાને કઈ ગતિ આપવી તે વિચારવા ભગવાને આંખ બંધ કરી છે.૪.તો વળી એક મહાત્મા કહે છે કે,કોઈ પુણ્ય વગર ઈશ્વર પાસે કે પૂર્વ જન્મમાં શું પુણ્ય કર્યું છે તે શ્રી કૃષ્ણે આંખ બંધ કરી છે જેની સાથે બહુ પ્રેમ કરો છો. મનુષ્ય કોઈ સાધારણ કારણથી અતિ વેર કરશે.૫.તો વળી એક મહાત્મા કહેછે,ના,એ પણ કારણ નથી. કનૈયો વિચારે છે કે,મેં તો માનેલું ગોકુળમાં લોકો મને માખણ મીસરી ખવડાવશે પણ અહીં માખણ - મીસરી કોઈ આપતું નથી અને ઊલટી આ ઝેર આપવા આવી છે. આ બીકથી લાલાએ આંખ બંધ કરી છે. ૬. વળી એક મહાત્મા કહે છે, પરમાત્માને કાંઈ બીક લાગતી હશે? એ તો કનૈયો આંખ બંધ કરી શંકરનું ધ્યાન ધરે છે અને કહે છે કે,તમને ઝેર પીવાની આદત છે તો આવો, તમે આ ઝેર પીઓ, હું દૂધ પીશ!૭.વળી મહાત્માઓ કહે છે કે,મને આ કારણ યોગ્ય લાગતું નથી. શ્રીકૃષ્ણ શું ઝેર પી ન શકે? એ તો કાળના પણ કાળ છે પણ આંખો બંધ કરવાનું કારણ બીજું છે. શ્રી કૃષ્ણની આંખમાં સૂર્ય-ચંદ્ર છે. શ્રીકૃષ્ણ પૂતનાને મારી મોક્ષ ગતિ આપવાના છે તે સૂર્ય-ચંદ્રને ઠીક ન લાગ્યું,તેથી આંખો બંધ થઈ.૮.વળી એક મહાત્મા કહે છે કે,મને આંખો બંધ કરવાનું કારણ જુદું લાગે છે. ભગવાન વિચારે છે કે, આ ઝેર આપનારીને હું મુક્તિ આપું છું તો આ ગોપ- ગોપીઓ જે પ્રેમથી મને માખણ- મીસરી આપેછે,તેમને કઈ ગતિ આપીશ?એના વિચારમાં પ્રભુએ આંખબંધ કરી છે.મહાત્મા ઓ દસમ સ્કંધ માં પાગલ થયા છે.જીવ ગોસ્વામી રાજાના દિવાન હતા. તે શ્રીકૃષ્ણ પ્રેમમાં પાગલ થયા છે.સનાતન ગોસ્વામી બંગાળના મોટા જમીન દાર હતા. દશમ સ્કંધનો પાઠ એક વખત સાંભળ્યો કે,શ્રીકૃષ્ણપ્રેમમાં પાગલ થયા!સર્વસ્વનું દાન કરી દીધું અને તાડપત્રીની લંગોટી બાંધી લીલાનિકુંજમાં રાધે શ્રી કૃષ્ણ રાધે શ્રીકૃષ્ણ, રાધેશ્રીકૃષ્ણ કરતા નીકળી પડયા. રામાયણની શૂર્પણખા અને ભાગ વતની પૂતના એક જ છે.શૂર્પણખા પણ વાસના છે. કનૈયો હજુ છ દિવસનો થયો. હજુ રાધાજી આવ્યા નથી.રામ જન્મમાં તો સીતાજી સાથે હતાં, તેથી સીતાજી ઉપર નજર રાખી શૂર્પણખાને જવાબ આપ્યો હતો, પણ આ જન્મમાં હજુ રાધાજી તો આવ્યાં નથી એટલે કોના ઉપર નજર રાખું ?પૂતના આંખમાંથી અંદર આવે છે. સંસારના સુંદર વિષયો જોઈ આંખ તેની પાછળ દોડે છે.જાણે છેકે આ મારું નથી, મને મળવાનું નથી, છતાં પાપ કરે છે. પૂતનાએ યશોદાને કહ્યુંકે, હું તમારા બાળકને ધવડાવું તો પુષ્ટ થશે.યશોદાએ પારણામાંથી બાલ કૃષ્ણ ને ઊઠાવી પૂતનાની ગોદમાં આપ્યો માસીબા ખૂબ લાડ કરે છે પણ કનૈયો જાણે છેકે,આ લાડ કરવા નથી આવી પણ મારવા લાગી છે. પૂતના યશોદાને કહે છે,મા,તમારે ઘરનું કામ હોય તો જાઓ!હું લાલાને સંભાળીશ! યશોદા ઘરનું કામ કરવા જાય છે ત્યારે પૂતના કપટથી બાલકૃષ્ણને ધવડાવવા લાગે છે, પણ ભગવાન તો એના પ્રાણને ચૂસવા લાગે છે.ત્યારે પૂતના વ્યાકુળ થઈ બૂમાબૂમ કરી મૂકે છે કે મને છોડ! પણ ભગવાન જેને પકડે તેને કોણ છોડાવીશકે? ભગવાન કહે છે કે,મને પકડતાં જ આવડે છે. છોડવાનું મને માએ શીખવ્યું નથી. અર્થાત્ હું કોઇને જલદી અપનાવતો નથી અને અપનાવ્યા પછી છોડતો નથી પૂતના તને હું આજે છોડીશ નહીં, તારો ઉદ્ધાર કરીશ. આમ ભગવાનનાં મારમાં પણ પ્યાર છે. પરમ આશ્ચર્ય થયું છે! મને છોડ, મને છોડ! એમ બે વખત પૂતના બોલી છે. જાણે કહેતી ન હોયકે આલોક કે પરલોકમાંથી છોડાવી કનૈયા, તારા ધામમાં, ગોલોકમાં મને લઈ જા અથવા અહંતા- મમતામાંથી મને છોડાવી મને કૃતાર્થ કર! પૂતનાએ વ્યાકુળ થઈ રાક્ષસી રૂપ ધારણ કર્યું છે.એ આકાશમાર્ગે શ્રીકૃષ્ણને લઈ જતી હતી ત્યારે શ્રીકૃષ્ણે એને કંસના બગીચાના એક વૃક્ષ ઉપર પાડી. કંસનો એ બગીચો ગોકુળ પાસે છે.પૂતના પડ્યા પછી ધડાકો થાય છે. રાક્ષસીના વક્ષઃસ્થળ ઉપર બાલ કૃષ્ણ વિરાજ્યા છે.ગોપીઓ દોડતી આવી.યશોદાને ઠપકો આપ્યો કે,અમે અનેક બાધાઓ રાખી ત્યારે તારે ત્યાં છે.મને બાળકના લાલન પાલનની ખબર નથી. હવે તમે કહેશો તેમ કરીશ. ગોપીઓ કહે છે કે,થયો અને તને કદર નથી.કોઈ પારકી સ્ત્રીનેતમારે બાળક સોંપવું નહીં!આજે પારકી સ્ત્રીની નજર લાગી છે તે ઉતારવી પડશે.લાલાને ગાયો વહાલી છે. તેમાં યે ગંગીગાય બહુ જ વહાલી. લાલાની ઝાંખી ન થાય ત્યાં સુધી ગંગી ગાય પાણી પીતી નથી,ઘાસ પણ ખાતી નથી.ગોવાળો કહે, મા, લાલાને ગૌશાળામાં લઈઆવો લાલાને ગૌશાળામાં લઈ આવે, ત્યારે લાલાની ઝાંખી કરી ગંગી ગાય ખડ ખાણ ગોપી ઓ કનૈયાને આ ગંગી ગાય પાસે લઈ જાય છે. અનેક વર્ષ તપસ્યા કરવા છતાં મનમાંથી અભિમાન ગયું નહીં, કામ ગયો નહીં,ત્યારે મોટા મોટા ઋષિમુનિઓ ગોકુળમાં ગાયો થઈને આવ્યા છે.નિષ્કામ શ્રીકૃષ્ણને કામ અર્પણ કરી નિષ્કામ થવાની એમની ઈચ્છા છે વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત સાથે અસ્તુ.

### પ્રોડક્શન કોસ્ટ કાબૂ બહાર જતાં પ્રોડ્યુસર્સે હાથ પાછા ખેંચ્યા?

# ‘કંગુવા’ ઈફેક્ટ: સુરિયાની ‘કર્ણ’ અટકી

તમિલ સુપરસ્ટાર સુરિયાની ‘કંગુવા’નો બોક્સ ઓફિસ પર રીતસરનો ધબડકો થયો છે. રૂ.૪૦૦ કરોડથી વધુનું કલેક્શન આ ફિલ્મને મળવાની ચર્ચાઓ હતી, પરંતુ ઓડિયન્સને આ ફિલ્મ પસંદ આવી નથી. રૂ.૩૦૦ કરોડના બજેટમાં બનેલી ‘કંગુવા’ને રૂ.૧૦૦ કરોડથી વધુ નુકસાન થયું હોવાનો અંદાજ છે. આ ફિલ્મની સીધી અસર સુરિયાના પાન ઈન્ડિયા પ્રોજેક્ટ પર પડી છે. બોલિવૂડના બે પ્રોડક્શન હાઉસ દ્વારા તોતિંગ બજેટ સાથે સુરિયા સાથે ‘કર્ણ’નું આયોજન થયુ હતું. બે ભાગમાં આ ફિલ્મ બનાવવાનો પ્રોજેક્ટ હતો, પરંતુ તેનો ખર્ચ કાબૂ બહાર જવા માંડ્યો હતો. વળી, સુરિયાની ‘કંગુવા’ પણ ઊંધા માથે પછડાઈ હતી. જેના પગલે પ્રોડ્યુસર્સે હાલ ‘કર્ણ’ને મોકૂફ રાખવાનો નિર્ણય લીધો છે. રાકેશ ઓમપ્રકાશ મેહરા, રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર જેવા બોલિવૂડના જાણીતા પ્રોડ્યુસર્સ ‘કર્ણ’ બનાવી રહ્યા હતા. બે પાર્ટમાં આ ફિલ્મ બનાવવાનું આયોજન હતું. સ્ક્રિપ્ટ અને કાસ્ટિંગ નક્કી થયા બાદ ફિલ્મ ફ્લોર પર પણ પહોંચી હતી. જો કે પ્રોડક્શન કોસ્ટ સતત વધી રહી હતી અને ‘કંગુવા’ના કારણે સુરિયા પરથી પ્રોડ્યુસર્સનો વિશ્વાસ ડગી ગયો હતો. પરિણામે ‘કર્ણ’માં આગળ વધવાનો નિર્ણય મોકૂફ રાખવામાં આવ્યો હતો. પ્રભાસ, અલ્લુ અર્જુન અને યશની જેમ પાન ઈન્ડિયા ફિલ્મ્સમાં સુરિયા પણ ડંકો વગાડશે તેવી બોલિવૂડના પ્રોડ્યુસર્સને આશા હતી. જો કે ઓડિયન્સે સુરિયાને ઝાકારો આપી દીધો છે. મહાભારતના યાદગાર પાત્રોને મહારથી કર્ણની દૃષ્ટિએ રજૂ કરવાના ઈરાદાથી આ પ્રોજેક્ટ શરૂ થયો હતો. નોર્થ ઈન્ડિયામાં આ ફિલ્મ સફળ જવાની અપેક્ષા પ્રોડ્યુસર્સને હતી. સુરિયાની કરિયરમાં આ ફિલ્મ ગેમ ચેન્જર બની શકે તેમ હતી.



# લોકપ્રિયતામાં આલિયા-દીપિકાનો ક્લાસ ગયો

### ૨૦૨૪માં સ્ત્રી ૨ જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપનાર શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મોમાં સ્ત્રી ૩ પણ છે


ઓરમેક્સ સ્ટાર્સ ઈન્ડિયન લવ્સે બઝ પર આધારિત યાદી બહાર પાડી છે જેમાં ટોચની ૧૦ અભિનેત્રીઓના નામનો સમાવેશ થાય છે. જેમાં દક્ષિણ અને હિન્દી સિનેમાની અભિનેત્રીઓના નામ સામેલ છે. ભારતીય સિનેમામાં એવી ઘણી અભિનેત્રીઓ છે જેમની લોકપ્રિયતા અલગ-અલગ કારણોસર છે. પરંતુ સોશિયલ મીડિયા પર હંમેશા હેડલાઈન્સ બનાવનારી અભિનેત્રીઓની યાદી બહાર આવી છે, જેમાં આલિયા અને દીપિકાનો ક્લાસ ગયો અને સામંથા નંબર વન પોઝીશન પર પહોચી છે. આ લિસ્ટમાં કેટરિના કૈફનું નામ ૧૦માં નંબર પર છે. કેટરીનાની છેલ્લી રિલીઝ થયેલી ફિલ્મ ટાઈગર ૩ બોક્સ ઓફિસ પર હિટ રહી હતી, જ્યારે તે જ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ ક્રિસમસ ફ્લોપ રહી હતી. તેમ છતાં કેટરીનાની લોકપ્રિયતા અકબંધ છે. સાઉથની અભિનેત્રી રશ્મિકા મંદન્ના આ યાદીમાં ૯મા નંબરે છે. રશ્મિકાની અગાઉ રિલીઝ થયેલી ફિલ્મો ‘એનિમલ’ અને ‘ગુડબાય’ હિટ રહી હતી. હવે આગામી ફિલ્મ પુષ્પા ૨ છે જે ૫મી ડિસેમ્બરે રિલીઝ થશે. સાઈ પલ્લવીનું નામ આઠમા નંબર પર છે. ૨૦૨૬માં આવનારી ફિલ્મ રામાયણમાં સાઈ પલ્લવી માતા સીતાના રોલમાં જોવા મળશે જેની સાથે રણબીર કપૂર ભગવાન રામના રોલમાં જોવા મળશે.૨૦૨૪માં સ્ત્રી ૨ જેવી બ્લોકબસ્ટર ફિલ્મ આપનાર અભિનેત્રી શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મોમાં સ્ત્રી ૩ પણ છે. ઓરમેક્સની યાદીમાં તેને સાતમા નંબરે રાખવામાં આવ્યો છે.આ યાદીમાં કાજલ અગ્રવાલ છઠ્ઠા નંબર પર છે. કાજલ સાઉથની લોકપ્રિય અભિનેત્રી છે જે હિન્દી ફિલ્મ સિંઘમમાં પણ જોવા મળી છે. યાદીમાં સાઉથની અભિનેત્રી ત્રિશા કૃષ્ણનને પાંચમા નંબરે રાખવામાં આવી છે. ત્રિશાએ હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. ચોથા નંબર પર બોલિવૂડની લેડી સિંઘમ છે. તેની છેલ્લી રિલીઝ સિંઘમ અગેઈન હતી જે બોક્સ ઓફિસ પર સફળ રહી હતી.જવાન ફિલ્મમાં શાહરૂખ ખાન સાથે રોમાન્સ કરનાર અભિનેત્રી નયનથારા સાઉથની લોકપ્રિય અભિનેત્રી છે. આ યાદીમાં તેનું નામ ત્રીજા નંબર પર રાખવામાં આવ્યું છે.જ્યારે બોલિવૂડ અભિનેત્રી આલિયા ભટ્ટનું નામ બીજા સ્થાને છે. નાની ઉંમરમાં આલિયાએ પોતાની પ્રતિભાથી ઘણી લોકપ્રિયતા મેળવી છે. લોકપ્રિયતાના મામલામાં સાઉથની હાઈપ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ પ્રથમ નંબરે છે. તેની લોકપ્રિયતા માત્ર દક્ષિણમાં જ નહીં પરંતુ હિન્દી દર્શકોમાં પણ છે.





### શાહરૂખ અને સલમાનની ક્લાસિક ફિલ્મ ‘કરણ અર્જુન’ ૩૦ વર્ષે ફરી રિલીઝ

# દર્શકોને મળી રિતિકના વોઇસ ઓવરમાં સરપ્રાઇઝ



શાહરૂખ ખાન અને સલમાન ખાનની ફિલ્મ ‘કરણ અર્જુન’ ૩૦ વર્ષે થિએટરમાં ફરી રિલીઝ થઈ રહી છે. તેના માટે ફિલ્મના ડિરેક્ટર અને પ્રોડ્યુસર રાકેશ રોશને નવું ટ્રેલર લોંચ કર્યું છે. આ ટ્રેલરની ખાસ વાત છે કે તેમાં હિતિક રોશનનો વોઈસ ઓવર સાંભળવા મળે છે. તેનાથી તેના ફેન્સ ઘણા ઉત્સાહમાં આવી ગયા છે. આ પ્રયોગ પાછળનું કારણ હવે રાકેશ રોશને સ્પષ્ટ કર્યું છે. ૨૨ નવેમ્બરે ફરી રિલીઝ થઈ રહેલી ફિલ્મ વિશે વાત કરતાં એક ઈન્ટરવ્યુમાં રાકેશ રોશને જણાવ્યું, “પહેલાં કોઈ અલગ વ્યક્તિનો અવાજ હતો. એ હિતિકે સાંભળ્યો અને તેનાથી એ જાણે જુની યોદોમાં સરી પડ્યો હતો. તેણે મને પૂછ્યું, “આ સાંભળીને મને રુંવાડા ઊભા થઈ ગયા. અદ્દભુત ટ્રેલર છે. હું તેનો વોઈસઓવર કરી શકું?’’’’ આ વાત પર રાકેશ રોશન તરત સહમત થઈ ગયા. તેઓ કહે છે, “મેં તેને કહ્યું, કે જો તું વોઈસઓવર કરે તો વધારે સારું. હવે આ હિતિક, શાહરૂખ અને સલમાનની ફિલ્મ છે.’’ ૧૩ નવેમ્બરે આ ટ્રેલર યુટ્યુબ પર લોંચ કરવામાં આવ્યું, જે વાયરલ થઈ ચૂક્યું છે. અનેક લોકોની જૂની યાદો તાજી થઈ ગઈ છે, તો અનેક લોકોએ આ ફિલ્મ ફરી એક વખત મોટા પડદે જોવાની ઈચ્છા અને ઉત્સુકતા દર્શાવી છે. હિતિકે પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ ટ્રેલર શેર કરીને એક ભાવુક પોસ્ટ લખી હતી. જેમાં તેણે ૧૯૯૨માં ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ રહી હતી, ત્યારની યાદો તાજી કરી હતી. ત્યારે તેની ઉંમર ૧૭ વર્ષની હતી અને તેના પિતાને આ ખુબ ઈમોશન સાથે ડાયલોગ બોલતા સાંભળીને તેને કેટલી અસર થતી હતી તેની યાદો તાજી કરી હતી. તેણે કહ્યું હતું કે ઘરમાં જે રીતે ચર્ચાઓ થતી એ સાંભળની મનમાં થઈ જતું કે આ ફિલ્મ તો બ્લોકબસ્ટર જ રહેશે. હવે ૩૦ વર્ષે જ્યારે આ ફિલ્મ ફરી રિલીઝ થઈ રહી છે, ત્યારે ફરી તેના માટે એટલો જ ઉત્સાહ અનુભવાય છે.

**અનેક લોકોની જૂની યાદો તાજી થઈ ગઈ છે, તો અનેક લોકોએ આ ફિલ્મ ફરી એક વખત મોટા પડદે જોવાની ઇચ્છા અને ઉત્સુકતા દર્શાવી**



### ફિલ્મની સ્ક્રિપ્ટ બની રહી છે, છ મહિનામાં શૂટિંગ શરૂ કરવાનું આયોજન

# ભાગમ ભાગ ૨: અક્ષય-ગોવિંદા ૧૮ વર્ષે ભેગા થશે

ઓડિયન્સના મગજને સસ્પેન્સ કે થ્રિલરનો થાક લગાડ્યા વગર પેટ પકડીને હસાવતી કોમેડી ફિલ્મોનો દોર ફરી આવી રહ્યો છે. ગોવિંદા, અક્ષય કુમાર અને પરેશ રાવલના લીડ રોલ ધરાવતી ‘ભાગમ ભાગ’ને કલ્ટ કોમેડી ગણવામાં આવે છે. ૨૦૦૬માં રિલીઝ થયેલી આ ફિલ્મની સીક્વલ બનાવવાની તજવીજ શરૂ થઈ છે, જેના કારણે ૧૮ વર્ષના લાંબા બ્રેક પછી અક્ષય કુમાર અને ગોવિંદા સાથે કામ કરતા જોવા મળશે. ‘ભાગમ ભાગ’ની રિલીઝ થઈ તે સમયે સોશિયલ મીડિયાનો દબદબો શરૂ થયેલો ન હતો. સોશિયલ મીડિયા પર બહુ ઝડપથી ટ્રેન્ડ બદલાતા રહે છે ત્યારે ‘ભાગમ ભાગ’ ની વીડિયો ક્લિપ સતત વાઈરલ થતી રહે છે. સમય અને સંજોગો અનુસાર આ ફિલ્મની શોર્ટ્સ બનવીને શેર કરવાનું આજની પેઢીને પણ ગમે છે. પ્રિયદર્શનના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મને કોમેડી જોનરમાં અક્ષય કુમારની ‘હેરાફેરી’ અને ‘વેલકમ’ સમકક્ષ ગણવામાં આવે છે. ‘હેરાફેરી’ અને ‘વેલકમ’ની સીક્વલ્સ બનેલી છે અને હજુ બનવાની છે. ‘ભાગમ ભાગ’ની સીક્વલ હજુ બની નથી. આ ફિલ્મના રાઈટ્સ શેમારૂ એન્ટરટેઈનમેન્ટ પાસે છે. સરિતા અશ્વિન વર્દેએ આ રાઈટ્સ ખરીદી લીધા છે અને સ્ક્રિપ્ટનું કામ હાલ ચાલી રહ્યું છે. રોરિંગ રિવર પ્રોડક્શન્સ અને શેમારૂ એન્ટરટેઈનમેન્ટ ભેગા થઈને ‘ભાગમ ભાગ ૨’ બનાવવાના છે. સરિતા વર્દેના પતિ અશ્વિન વર્દે અગાઉ બોસ, મુબારકન, કબીરસિંગ, ઓહ માય ગોડ ૨ અને ખેલ ખેલ મેં જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. ફિલ્મની સ્ક્રિપ્ટ જાન્યુઆરી સુધીમાં ફાઈનલ થઈ જશે. જૂન ૨૦૨૫ આસપાસ ફિલ્મને ફ્લોર પર લઈ જવાનું આયોજન છે. ‘ભાગમ ભાગ’ કરતાં પણ વધારે રમૂજ અને ધમાલ સાથે સીક્વલને રિલીઝ કરવાનો ઈરાદો પ્રોડ્યુસર્સે જાહેર કર્યો છે. અક્ષય કુમાર અને ગોવિંદાની સાથે પરેશ રાવલને પણ લીડમાં યથાવત રખાય તેવી શક્યતા છે. સીક્વલને પ્રિયદર્શન ડાયરેક્ટ કરશે કે નહીં તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી.







### સ્ત્રીનો રોલ કરવા બદલ લોકો તેમની મજાક ઉડાવતા તે પસંદ ન હતું અને આપઘાત કરવા વિચાર્યું હતું

# નાગાર્જુનના પિતા જીવન ખતમ કરવા માંગતા હતા

હિન્દી સિનેમામાં મજબૂત છાપ ઉભી કરનાર સાઉથના સુપરસ્ટાર નાગાર્જુન આ દિવસોમાં તેમના પુત્ર નાગા ચૈતન્યના લગ્નને લઈને ચર્ચામાં છે. દરમિયાન, તેણે તેના પિતા વિશે મોટો ખુલાસો કર્યો અને કહ્યું કે તેણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો. નાગા ચૈતન્ય ટૂંક સમયમાં જ અભિનેત્રી શોભિતા ધુલીપાલા સાથે લગ્ન કરવાના છે. દરમિયાન, નાગાર્જુને શુક્રવારે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયામાં તેના પિતા સંબંધિત ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો. તેણે કહ્યું કે તેના પિતાએ એકવાર આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.તેનું કારણ એ હતું કે લોકો તેના ‘સ્ત્રી’ વર્તનની મજાક ઉડાવતા હતા, જે તેના માનસિક સ્વાસ્થ્યને અસર કરી રહી હતી. નાગાર્જુને તેના પિતા અક્કીનેની નાગેશ્વર રાવ વિશે કહ્યું, ‘એક સમય હતો જ્યારે મહિલાઓને એક્ટર્સ બનવાની કે સ્ટેજ પર એક્ટિંગ કરવાની મંજૂરી નહોતી. તેથી, તેણે મહિલાઓની ભૂમિકાઓ ભજવવાનું શરૂ કર્યું. પહેલા તે સ્ટેજ પર હીરોઈનની ભૂમિકા ભજવતા. નાગાર્જુને જણાવ્યું કે કેવી રીતે લોકો તેના પિતાના ‘અભિમાનજનક’ વર્તનની મજાક ઉડાવતા હતા, જેના કારણે તેના પિતા ખૂબ જ દુઃખી થયા હતા. એક વખત તેણે આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો.સુપરસ્ટારે યાદ કરતાં કહ્યું, ‘ભાગ્યે મારા માટે વળાંક લીધો. એક દિવસ જ્યારે હું રેલ્વે સ્ટેશન પર હતો.ટ્રેનમાં બેઠેલા પ્રખ્યાત નિર્માતા ઘંટસલા બાલારામૈયાએ મને જોયો અને કહ્યું, ‘તમારી આંખો અને નાક ખૂબ જ સુંદર છે. શું તમે અભિનય કરવા માંગો છો?’ અને પછી જે થયું તે ઈતિહાસ બની ગયું.






**સાઉથના સુપરસ્ટાર નાગાર્જુન આ દિવસોમાં તેમના પુત્ર નાગા ચૈતન્યના લગ્નને લઈને ચર્ચામાં છે**

### ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર યુજવેન્દ્ર ચહલની પત્ની

# ધનશ્રી વર્મા ફિલ્મમાં ડેબ્યૂ કરવા તૈયાર

ધનશ્રી વર્મા દિલ રાજુના બેનર હેઠળ બનનાર “આકાશમ દાતિ વાસ્તવ’’ નામની તેલુગુ ફિલ્મથી પોતાની શરૂઆત કરશે. આ પ્રોજેક્ટમાં કોરિયોગ્રાફર યશ મુખ્ય ભૂમિકામાં હશે. ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર સ્પિનર યુજવેન્દ્ર ચહલની પત્ની ધનશ્રી વર્મા છેલ્લા ઘણાં સમયથી હૈદરાબાદમાં છે. તે હંમેશા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ ઈન્સ્ટાગ્રામ પર સ્ટોરી શેર કરતી રહે છે, જેમાં જોઈને લાગે છે કે, તે કોઈ શૂટિંગમાં વ્યસ્ત છે. તે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ઘણીવાર હિન્ટ પણ આપી ચૂકી છે, કે તે ફેન્સને કોઈ ખુશખબરી આપનાર છે. એવામાં અટકળો લગાવવામાં આવી રહી છે કે, તે જલ્દી ફિલ્મમાં ડેબ્યૂ કરી શકે છે. સમાચાર સામે આવી રહ્યાં છે કે, યુઝવેન્દ્ર ચહલની પત્ની અને ડાન્સ કોરિયોગ્રાફર ધનશ્રી વર્મા તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પદાર્પણ કરવા જઈ રહી છે.તેની ડેબ્યૂ ફિલ્મ પર મોટી અપડેટ સામે આવી છે. તે તેલુગુ ઈન્ડસ્ટ્રીમાં પોતાનો જલવો બતાવવા માટે તૈયાર છે. ધનશ્રીના ડેબ્યૂની વાત કરીએ તો કથિત રીતે તે ફિલ્મમાં એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. જો કે તેને લઈને હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.જણાવાય રહ્યું છે કે, આ ફિલ્મ ડાન્સ પર આધારિત છે. ધનશ્રી ડાન્સ કોરિયોગ્રાફર છે, તેથી ફિલ્મ નિર્માતાઓને ધનશ્રી આ ફિલ્મ માટે પરફેક્ટ લાગી રહી છે. આ પહેલા ઘણાં મ્યુઝિક આલ્બમ વીડિયો અને રિયાલિટી શો ‘ઝલક દિખલા જા’માં પણ તે જોવા મળી ચૂકી છે મીડિયા રિપોર્ટ અનુસાર, ધનશ્રી વર્મા દિલ રાજુના બેનર હેઠળ બનનાર “આકાશમ દાતિ વાસ્તવ’’ નામની તેલુગુ ફિલ્મથી પોતાની શરૂઆત કરશે. આ પ્રોજેક્ટમાં કોરિયોગ્રાફર યશ મુખ્ય ભૂમિકામાં હશે. જાણકારી તો એવી પણ છે કે, આ ફિલ્મમાં જાણીતી અભિનેત્રી કાર્તિકા મુરલીધરન પણ અભિનય કરશે. જે ‘સબા નયાગન’ અને ‘સીઆઈએ’માં પોતાના અભિનયથી પ્રસિદ્ધ થઈ છે.અહેવાલ અનુસાર આ રોલ માટે ધનશ્રીને પસંદ કરતા પહેલા ઘણી અભિનેત્રીઓના ઓડિશન લેવામાં આવ્યાં હતા. પરંતુ અંતે ધનશ્રી વર્માને પસંદ કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર ધનશ્રી ફિલ્મમાં પોતાના રોલ અને ફિલ્મની આખી સ્ટોરી પર વિચાર કર્યા પછી જ ફિલ્મમાં સામેલ થવા માટે સહમત થઈ છે. અહેવાલ અનુસાર આ રોલ માટે ધનશ્રીને પસંદ કરતા પહેલા ઘણી અભિનેત્રીઓના ઓડિશન લેવામાં આવ્યાં હતા. પરંતુ અંતે ધનશ્રી વર્માને પસંદ કરવામાં આવી હતી. રિપોર્ટ અનુસાર ધનશ્રી ફિલ્મમાં પોતાના રોલ અને ફિલ્મની આખી સ્ટોરી પર વિચાર કર્યા પછી જ ફિલ્મમાં સામેલ થવા માટે સહમત થઈ છે.ધનશ્રી વર્માએ પહેલા દિવસથી જ ફિલ્મમાં કેટલાક સીન્સ મુંબઈમાં શૂટ કરી લીધા છે. તેના બાકીના ભાગ હૈદરાબાદમાં પૂરા થવાની શક્યતા છે. જ્યારે છેલ્લા ઘણાં સમયથી ધનશ્રી વર્મા હૈદરાબાદમાં જ છે. કદાચ તેનું હૈદરાબાદમાં રહેવાનું કારણ આ જ છે.





### અભિનેત્રીના પૂર્વ પતિ અભિનવ કોહલીનો આરોપ

# શ્વેતા તિવારીએ મારા પર હાથ ઉપાડ્યો હતો

વિવાદાસ્પદ અભિનેત્રી શ્વેતા તિવારી અને વિશાલ આદિત્ય સિંહના લગ્નની નકલી તસવીરો વચ્ચે અભિનેત્રીના પૂર્વ પતિ અભિનવ કોહલીનો એક ઈન્ટરવ્યુ ચર્ચામાં છે. જેમાં તેણે શ્વેતા તિવારી પર તેને લાકડીથી મારવાનો અને તેની પુત્રી પલકનો ઉપયોગ કરીને તેને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો.શ્વેતા તિવારીનું નામ હાલમાં વિશાલ આદિત્ય સિંહ સાથે જોડાઈ રહ્યું છે. તેના લગ્નની કેટલીક તસવીરો પણ વાયરલ થઈ રહી છે, જેના પર એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે શ્વેતાએ ત્રીજી વખત લગ્ન કર્યા છે. જોકે, આ તસવીરો નકલી છે અને વિશાલ આદિત્ય સિંહે પણ કહ્યું છે કે તે અને શ્વેતા સારા મિત્રો છે. શ્વેતા તિવારીની પર્સનલ લાઈફ વિશે વાત કરીએ તો તેણે ઘણાં દુઃખનો સામનો કરવો પડ્યો હતો. તેણે બે વાર લગ્ન કર્યા હતા અને બંને વખત છૂટાછેડા લીધા હતા. શ્વેતા તિવારીએ બંને લગ્નમાં મારપીટ અને ઘરેલુ હિંસાનો આરોપ લગાવ્યો હતો. પરંતુ બીજા પતિ અભિનવ કોહલીએ શ્વેતા તિવારી પર મારપીટનો ગંભીર આરોપ લગાવ્યો હતો.શ્વેતા તિવારીના પહેલા લગ્ન રાજા ચૌધરી સાથે થયા હતા અને પછી લગ્નના થોડા વર્ષો પછી તે પુત્રી પલકની માતા બની હતી. બાદમાં શ્વેતા તિવારીએ રાજા ચૌધરી પર મારપીટનો આરોપ લગાવ્યો હતો અને પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી હતી. આ પછી તેણે રાજા ચૌધરી સાથે છૂટાછેડા લીધા અને ત્યારબાદ ૨૦૧૩માં અભિનવ કોહલી સાથે લગ્ન કર્યા. અભિનવ અને શ્વેતાને એક પુત્ર રેયાંશ છે.શ્વેતાએ અભિનવ કોહલી પર પણ મારપીટનો આરોપ લગાવ્યો હતો. વર્ષ ૨૦૧૯માં શ્વેતાએ કહ્યું હતું કે અભિનવે માત્ર તેને માર્યો જ નહીં પરંતુ તેની પુત્રી પલકની છેડતી પણ કરી. એટલું જ નહીં શ્વેતા તિવારીએ અભિનવ કોહલી વિરુદ્ધ પોલીસ કેસ પણ કર્યો હતો. પોતાના બચાવમાં અભિનવ કોહલીએ કહ્યું હતું કે, ‘મેં શ્વેતાને તે થપ્પડ સિવાય ક્યારેય મારી નથી, જેનો ઉલ્લેખ પલક પોતે તે ખુલ્લા પત્રમાં કર્યો હતો. અને તે થપ્પડ માટે મેં પહેલા જ બંનેની માફી માંગી લીધી હતી. આ આખી વાત શ્વેતા દ્વારા એ સાબિત કરવા માટે બનાવેલ ભ્રમણા છે કે મેં તેની સામે ઘરેલુ હિંસા કરી છે, જે સાચું નથી. મેં ક્યારેય મહિલાઓને હરાવી નથીત્યારે અભિનવે શ્વેતા પર મારપીટ કરવાનો આરોપ લગાવ્યો હતો. અભિનવે કહ્યું હતું કે, ‘શ્વેતા જે દાવો કરી રહી છે તેનાથી વિપરિત, તેણે જ મને લાકડીથી માર્યો હતો. શ્વેતા કહે છે કે મને પણ ઉશ્કેરવામાં આવી છે, પરંતુ મેં કોઈને માર્યા નથી. પણ તેણે મને માર્યો છે. અને જ્યારે તેઓએ મારી સાથે આવું કર્યું ત્યારે કોઈને ખબર ન હતી કારણ કે મેં મીડિયામાં જઈને કંઈપણ કહ્યું ન હતુંઅભિનવે આગળ કહ્યું હતું કે, ‘શ્વેતા, તેં મને માર્યો, તે જ વ્યક્તિ દ્વારા ઉછરેલી તારી દીકરીનો ઉપયોગ મારા પર ખોટા આરોપ કરવા માટે કર્યો અને દુનિયાની સામે તેની ખોટી છબી ઊભી કરી.શ્વેતા તિવારી હવે સિંગલ મોમ છે અને તે કોઈની સાથે રિલેશનશિપમાં નથી. પુત્રી પલક અને પુત્ર રેયાંશને તે એકલા જ ઉછેરી રહી છે.





# ડાંગ જિલ્લા આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા COTPA-2003 એક્ટ અન્વયે આકસ્મિક ચેકીંગ



। (માહિતી) ડાંગ, તા.૨૫ ।

ડાંગ જિલ્લામાં નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ (NTCP) અંતર્ગત ૬૦ દિવસના ટોબેકો ફ્રિ યુથ કેમ્પેઈન ૨.૦ (Tobacco Free Youth Campaign 2.0) ના સમયગાળા દરમિયાન COT-PA-2003 એક્ટ અન્વયે અન્વયે ડાંગ જિલ્લાના આ-હવા તાલુકાના બજાર વિસ્તારમાં એન્ફોર્સમેન્ટ ડ્રાઈવનું કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં જિલ્લા ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામના (NTCPSW) શ્રીમતી રસીલા સી.ચૌધરી (આરોગ્ય શાખા), આહવા પોલીસ વિભાગના કર્મચારીશ્રીઓ, એન્ફોર્સમેન્ટ સ્કોડ દ્વારા Section-4,5,6(a),6(b) નું અસરકારક અમલી કરણ થાય જે અંગે આહવા તાલુકાના બજાર વિસ્તારમાં દુકાનો,લારી-ગલ્લાઓ પર ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં દુકાનદારો તેમજ લારી-ગલ્લાઓ પર કલમ-૬(બ) મુજબ શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની ત્રિજ્યામાં સિગારેટ અને તમાકુની અન્ય બનાવટો વેચાણ ન કરવા અંગે સુચના આપવામાં આવી હતી. તેમજ કલમ-૬(અ)૧૮ વર્ષથી ઓછી ઉંમરના છોકરાઓને તમાકુ કે તમાકુની અન્ય બનાવટોનો વેચાણ ન કરવા પર પ્રતિબંધ તથા બોર્ડ લગાડવા સુચના આપવામાં આવી હતી. આ સાથે જ કલમ-૫ મુજબ સિગારેટ અને તમાકુની અન્ય બનાવટોની જાહેરાત આપવા પર પ્રતિબંધ છે તેમ જણાવાયું હતું. ડાંગ જિલ્લા આરોગ્ય અને પોલીસ વિભાગ દ્વારા COTPA-2003 એક્ટ અનવ્યે આહવામાં કુલ – ૨૪ કેસોમાં રૂપિયા ૪૮૦૦ દંડ કરવામાં આવ્યો.

# યુએસએ ડેલીગેશને સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગરની મુલાકાત લીધી



। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

યુએસએના ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ POW/MIA એકાઉન્ટિંગ એજન્સી (DPAA) ના પ્રતિનિધિમંડળના શ્રી કેવિન ડાલ્ટન, ડૉ. વિલિયમ બેલ્ચર અને લેફ્ટનન્ટ કર્નલ એરોન થોમસ એકતાનગર સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી વિરાટમય પ્રતિમા ધરાવતા સ્ટેચ્યુ ઓફ યુનિટી, જંગલ સફારી, આરોગ્ય વન, મિયાવાકી ફોરેસ્ટ સહિત આસપાસના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા નિહાળીને મહેમાનોએ ભવ્યતાના દર્શન કર્યા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટીની વ્યુઈંગ ગેલેરી એટલે કે, સરદાર સાહેબના હૃદયસ્થાનેથી સરદાર સરોવર નર્મદા ડેમ અને વિધ્યાંચલ-સાતપુડા ગિરીમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળ્યું હતું. આ મુલાકાત દરમિયાન એસઓયુના ગાઈડશ્રી હેમ ભટ્ટે સ્ટેચ્યુ ઓફ યુનિટીના સમગ્ર નિર્માણ કાર્ય અને પ્રોજેક્ટની વિશેષતા અંગે ઝીણવટભરી માહિતીથી વાકેફ કર્યા હતા. મહેમાનોએ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની મુલાકાત લઈ ડેમનો ઈતિહાસ અને તેમાં સંગ્રહિત જળરાશિના ઉપયોગ અંગે પણ માહિતી મેળવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત એકતાનગરના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈને વિદેશી મહેમાનોએ વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાને અદભુત ગણાવી પ્રતિમાના નિર્માણ કાર્યની પ્રશંસા કરી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર સહિતના વિવિધ પ્રકલ્પો અને પ્રાકૃતિક સૌંદર્યની પ્રશંસા કરતા વિદેશી મહેમાનોએ સુવિધાઓ અને સ્વચ્છતાની પણ નોંધ લીધી હતી. પ્રખ્યાત પર્યટન સ્થળ સરદાર વલ્લભભાઈ પટેલ ઝૂલોજીકલ પાર્ક-જંગલ સફારીથી પોતાની સફરની શરૂઆત કરી હતી. સુંવાળા સૂર્યોદયના શાંત વાતાવરણમાં પક્ષીઓના સુમધુર કલરવની ગુંજ અને પ્રાકૃતિક સૌંદર્યને નિહાળી મંત્રમુગ્ધ થતા મહેમાનોએ સફેદ સિંહ, જેગ્વાર, ભારતીય દીપડો, એશિયાઈ સિંહ, આફ્રિકન જંગલી બિલાડી, ગ્રીન-વિંગ્ડ અને ડુમખલ મકાઉ પોપટ, જળઘોડો, અજગર, સર્પની વિવિધ પ્રજાતી સહિતના પક્ષી-પ્રાણીઓને નિહાળ્યા હતા.

# રેલ્વે અને ગતિ શક્તિની અજેય ભાગીદારી

। અમદાવાદ, તા.૨૫ ।

વન-ડે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં, સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલીએ ૨૬ સંયુક્ત સદીઓ સાથે જોરદાર ભાગીદારી કરી હતી. જેમ તેઓ ક્રિકેટ ક્ષેત્રે પ્રભુત્વ ધરાવે છે તેમ, ભારતીય રેલ્વે અને PM ગતિશક્તિ-નેશનલ માસ્ટર પ્લાન (PMGS-NMP) વચ્ચેની ભાગીદારી માંગને અનુરૂપ ભારતના માળખાકીય વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ રહી છે.

આ પરિવર્તનીય અભિગમ વિવિધ વિભાગો, મંત્રાલયો, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સિલોસ તોડવાની સુવિધા આપે છે. ગતિશક્તિ હવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ અને નિર્ણય લેવાનો પાયાનો પથ્થર છે, તેનો અમલ રાષ્ટ્રીય ટ્રાન્સપોર્ટરની પહોળાઈમાં ડિવિઝન-સ્તરની બાંધકામ સંસ્થાઓ સુધી વિસ્તરે છે. આ દ્વારા, રેલ્વેએ સંસ્થાકીય માળખું અને ભૌગોલિક માહિતી પ્રણાલી (GIS) ડેટા-આધારિત ડિજિટલ પ્લેટફોર્મ – PMGS ને કાર્યરત કરવા માટેના બે મુખ્ય ઘટકોને સંપૂર્ણ રીતે આત્મસાત કર્યા છે.

ગતિશક્તિ ગાંગુલીની લાવણ્ય અને અડગ નેતૃત્વની ચેનલ કરે છે, જ્યારે રેલ્વે, તેંડુલક-રની અનુકૂલનક્ષમતાની જેમ, વિવિધ પડકારોનો ચતુરાઈથી સામનો કરે છે.

આ સંકલિત અભિગમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મંત્રાલયો અને રેલવે ઝોન વચ્ચેના સંકલનમાં નોંધપાત્ર સુધારો કર્યો છે, પ્રોજેક્ટ મંજૂરીઓને વેગ આપ્યો છે. પ્રોજેક્ટ સર્વેક્ષણ મંજૂર કરવા માટે જરૂરી સામાન્ય ૪-૫ મહિનાને બદલે, આ પહેલે મંજૂરીનો સમય ઘટાડીને માત્ર ૭ દિવસ કરી દીધો, જેનાથી સમગ્ર રેલવે નેટવર્કની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો. ભૂતકાળમાં આશરે ૫૦ની સરખામણીમાં ૨૦૨૨-૨૩માં ૪૫૮ પ્રોજેક્ટ સર્વેને મંજૂરી આપવામાં આવી

રેલ્વેએ ઐતિહાસિક રીતે અન્ય સરકારી એજન્સીઓ સાથે સંકલન કર્યું હોવા છતાં, PMGS દ્વારા બહુવિધ ટ્રાન્સપોર્ટ મોડ્સના એકીકરણ - અદ્યતન ડિજિટલ પ્લેટફોર્મ અને રીઅલ-ટાઈમ મોનિટરિંગ-એ ભારતના માળખાકીય ઈકોસિસ્ટ-મમાં ક્રાંતિ લાવી છે. રેલ્વે ઝોન, વિભાગો અને ક્ષેત્રોમાં વધુ સારા સંકલન દ્વારા, PMGS હવે સર્વગ્રાહી માળખાગત આયોજન અને અમલીકરણ માટેનું એક મોડેલ છે.

PMGS ની સૌથી વધુ દેખાતી અસરોમાંની એક વિભાગીય સિલોસને તોડી રહી છે. પરંપરાગત રીતે, સાત જુદા જુદા વિભાગો રેલ્વે માળખાકીય વિકાસના વિવિધ પાસાઓ પર સ્વતંત્ર રીતે કામ કરે છે, પરિણામે વિલંબ અને બિનકાર્યક્ષમતા થાય છે. આંતર-વિભાગીય સંદેશાવ્યવહારને પ્રોત્સાહન આપીને અને ડિજિટલ પ્લેટફોર્મનો લાભ લઈને, પ્રોજેક્ટની મંજૂરી ઝડપી કરવામાં આવી છે અને બિનજરૂરી અમલદારશાહી અવરોધો દૂર કરવામાં આવ્યા છે.

PMGS ના અમલીકરણના પરિણામે નાણા-કીય વર્ષ ૨૦૨૩-૨૪માં ગતિ શક્તિ પહેલા વાર્ષિક મંજૂર થયેલા ૬-૭ પ્રોજેક્ટ્સની તુલનામાં ૭૩ પ્રોજેક્ટસ મંજૂર કરવામાં આવ્યા સાથે નોંધપાત્ર રીતે સુધરેલા આયોજનમાં પરિણમ્યું છે. નાણાકીય વર્ષમાં અત્યાર સુધીનો આ સૌથી વધુ રેકોર્ડ છે! ૫,૩૦૯ કિલોમીટરની નવી લાઈન, ડબલિંગ અને ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ્સ પૂર્ણ થતાં પ્રોજેક્ટ ડિલિવરી પણ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી છે. રેલ ઈલેક્ટ્રિફિકેશન ૭,૧૮૮ રૂટ કિલોમીટર (RKM) ની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યું, અને ટ્રેક કમિશનિંગ દરરોજ ૪ કિમીથી ૧૫ કિમી પ્રતિ દિવસની ઝડપે પહોંચ્યું.

અસરકારક રીતે, PMGS-NMP ભાવિ-પ્રૂફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લાનિંગ ક્યાં, શું અને ક્યારે તેના વિગતવાર મેપિંગ દ્વારા. તે સામાજિક અને આર્થિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટ્રંક અને યુટિલિટી નેટવર્ક્સ, મલ્ટીમોડલ કનેક્ટિવિટી, પર્યટન સ્થળો, જમીન મહેસૂલ નકશા અને જંગલની સીમાઓ વગેરે પર સચોટ અને વ્યાપક ડેટા ધરાવે છે. આ માહિતી પ્રોજેક્ટ આયોજન અને અમલીકરણ માટે નિર્ણાયક છે. (NPG) નેટવર્ક પ્લાનિંગ ગ્રૂપ દ્વારા તમામ પ્રોજેક્ટ્સની તપાસ કરવામાં આવે છે, જેમાં તમામ માળખાકીય મંત્રાલયોનો સમાવેશ થાય છે, જેથી તેના બાંધકામ પછી કેબલ/પાઈપ નાખવા માટે નવા બિછાવેલા રસ્તાઓ તૂટવા જેવી રિડન્ડન્સી અને પરિસ્થિતિઓને ટાળવા માટે સંકલિત આયોજન કરવામાં આવે.

દાખલા તરીકે, હાઉસિંગ સોસાયટીઓમાં હવે ગટર, વીજળી અને અન્ય ઉપયોગિતાઓ રહેવાસીઓ અંદર જાય તે પહેલાં તૈયાર હોઈ શકે છે અને કોઈપણ પગલાં લેતા પહેલા ફરિયાદો આવે તેની રાહ જોશો નહીં. વિસ્તરતા ઉપનગરોની નજીકના વેરહાઉસને માંગ વધતા પહેલા સમયસર રોડ કનેક્ટિવિટી પ્રાપ્ત થઈ શકે છે, અને વિસ્તરણ હેઠળના બંદરોને પર્યાપ્ત રેલવે સ્થળાંતર કરાવવા અને મલ્ટિમોડલ લિંક્સનો લાભ મળે છે.

આ કાર્યક્ષમ આયોજન ક્ષમતાને ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ-ઈન્ફોર્મેટિક્સ (BISAG-N) દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જેણે PMGS-NMP વિકસાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. ગતિ શક્તિની સફળતાનું નિર્ણાયક પાસું મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને પ્રાધાન્ય આપવાનું છે જે કનેક્ટિવિટી, કાર્યક્ષમતા અને લોજિસ્ટિક્સને સુધારવા પર મહત્તમ અસર કરશે. રેલવે હવે આર્થિક કેન્દ્રો, ખાણો, પાવર પ્લાન્ટ્સ અને લોજિસ્ટિક્સ હબ જેવા ફર્સ્ટ- અને લાસ્ટ-માઈલ કનેક્ટિવિટી માટે નિર્ણાયક ક્ષેત્રોને ઓળખી શકે છે અને ફ્રેટ કોરિડોર અને પોર્ટ કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની માંગ કરતાં આગળ આયોજન કરી શકે છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ભારતમાં આર્થિક વૃદ્ધિ અને વ્યવસાય કરવાની સરળતાને સુધારવાની ક્ષમતાના આધારે પ્રાથમિકતા આપવામાં આવી છે.

૧૬ રેલ્વે ઝોનના તમામ ૬૮ વિભાગો વચ્ચે વધુ સારા સહયોગ દ્વારા સુધારો સ્પષ્ટ થાય છે. ગતિ શક્તિ પહેલા, દરેક રેલ્વે ઝોન અને દરેક વિભાગ કંઈક અંશે એકલતામાં કાર્યરત હતા, જેના કારણે વિલંબ, બિનકાર્યક્ષમતા અને સંકલનનો અભાવ હતો. PMGS-NMP દ્વારા ડિજિટલ ઈન્ટરફેસની રજૂઆતથી ક્રોસ-ઝોન સહયોગ માટે એકીકૃત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે, જે સમસ્યાઓના ઝડપી નિરાકરણ અને પ્રોજેક્ટના સરળ અમલીકરણ માટે પરવાનગી આપે છે.

જો કે, હું PMGS અને ભારતીય રેલવે બંને માટે સાવધાનીનો એક શબ્દ શેર કરવા માંગુ છું. જ્યારે સચિન અને સૌરવે ક્રિકેટના મેદાનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું, ત્યારે તેઓએ રાજકીય ક્ષેત્રે પડકારોનો સામનો કર્યો હતો. એ જ રીતે, PMGS ની તાકાત અને રેલવેના નિર્ધારને લાંબા ગાળાના લાભોની અછત ધરાવતા રાજકીય પ્રોજેક્ટ્સથી મંદ ન થવું જોઈએ, કારણ કે ભારત તેની આઝાદીની સદી નજીક આવી રહ્યું છે.

# ડાંગ જિલ્લાના માસ્ટર ટ્રેનરે પ્રાકૃતિક કૃષિ અપનાવી ખેતીમાં આવક બમણી કરી

## પ્રાકૃતિક ખેતીના પંચસ્તરીય મોડેલનો ઉપયોગ કરીને ખેડુતે ડાંગર, મરચાં, જુવાર, જેવા પાકોનું ઉત્પાદન કરી તેના મૂલ્યવર્ધનથી આવક બમણી થઈ






। (માહિતી) ડાંગ, તા.૨૫ ।

ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના આહવાન થી વર્ષ ૨૦૧૯-૨૦થી સમગ્ર ગુજરાતમાં પાકૃતિક કૃષિનો પ્રારંભ થયો હતો. જેમાં ડાંગ જિલ્લાને સંપૂણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કરવામાં આવ્યો છે. ડાંગ જિલ્લામાં આજે અનેક ખેડુતો પ્રાકૃતિક ખેતી માટે પ્રેરણારૂપ બન્યા છે. ડાંગ જિલ્લા આત્મા પ્રોજેકટ ડાયરેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા તેમજ પ્રાકૃતિક કૃષિની તાલીમો આપવા માટે જિલ્લાના માસ્ટર ટ્રેનરો પાંચ ગ્રામ પંચાયત દિઠ તાલીમો આપી રહ્યા છે. ડાંગ જિલ્લાના ભુપારાણી ગામના પ્રાકૃતિક કૃષિના સફળ ખેડુત તેમજ માસ્ટર ટ્રેનર શ્રી યશંવતભાઈ સહારે જેઓ પોતાના ખેતરમાં મોડેલ ફાર્મ વિકસીત કરી અન્ય ખેડુતોને પ્રેરણા પુરી પાડી રહ્યા છે. ડાંગ જિલ્લાના પ્રાકૃતિક જિલ્લો જાહેર કરવામાં આવ્યો ત્યારે શ્રી યશંવતભાઈ સહારે દ્વારા પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજી પ્રાકૃતિક કૃષિ અપનાવવાનો નિર્ધાર કર્યો હતો. સૌ પ્રથમ તેઓએ આત્મા પ્રોજેક્ટમાં જોડાઈ આત્મા પ્રોજેક્ટ દ્વારા આયોજીત પ્રેરણા પ્રવાસ, જુદીજુદી તાલીમ લઈ પ્રાકૃતિક ખેતી અંગેની સમજ અને પ્રેરણા લઈ જાતે પ્રાકૃતિક ખેતી કરવાની શરૂવાત કરી હતી. શ્રી યશંવતભાઈ સહારે જણાવે છે કે, બાપ દાદાઓના સમય થી તેઓના ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવતી હતી. પરંતુ હાઈબ્રીડ ડાંગર બિયારણો થી ખેતરના પાકમાં ઉત્પાદન વધારે મળતાં તેઓએ થોડાક સમય રાસાયણિક અપનાવી પરંતુ જમીનને ઝેરી દવાઓની આડઅસરથી તેમજ જમીન, પાણી, હવાને પ્રદુષણ મુક્ત બનાવવા તેમણે પ્રાકૃતિક ખેતીનો અભીગમ અપનાવ્યો હતો. શ્રી યશંવતભાઈ સહારેએ પોતાની ૨ હેક્ટર જમીનમાં પ્રાકૃતિક ખેતી અપનાવી છેલ્લા સાત વર્ષથી પ્રાકૃતિક ખેતી તરફ સફળ પ્રયાણ કર્યું છે. પ્રકૃતિના મૂળભૂત સિદ્ધાંતો આધારિત દેશી ગાયના ગોબરના ઉપયોગ, જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત, આચ્છાદાન સહિતના પ્રાકૃતિક ખેતીના પાંચ આધાર સ્તંભના સમન્વય થકી સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરીને સારા પરિણામો મેળવી રહ્યાં છે. તેઓ પોતાના ખેતરમાં ડાંગર, જુવાર, રાગી, મરચાં, ડુંગળી, લસણ, ચોળી, તુવેર, મકાઈ તેમજ ફળાઉંમાં સિતાફળ, આંબા, ચિકુ, ફણસ, કેળાં, પપૈયા, શેત્રુજ, જામફળ તેમજ ઔષધિય પાકોમાં મુશળી, દેશી કંદ જેવા અનેક પાકોની પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. પ્રાકૃતિક ખેતી કરતાં શ્રી યશંવતભાઈ સહારેએ બાગાયત વિભાગમાથી લાભ લઈ મરચાંની ખેતી કરીની શરૂઆત કરી છે. મરચાંની ખેતીમાં તેઓએ ટપક ચિંચાઈ પધ્ધતિ અને મલ્ચિંગ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે. જેમાં બાયો કલ્ચરનો ઉપયોગ શરૂ કર્યો, જમીનમાં "જીવામૃત" બનાવી પાક પર છંટકાવ કર્યો આ પગલા લેવાથી તેમની જમીન જીવીત થઈ છે. તેઓ ઘન જીવામૃત, દશ પરની અર્ક અને જેવીક ખાતરનો ઉપયોગ કરે છે. જેથી ખેતરની જમીનમાં અળસિયા આવ્યા જમીન પોચી થઈ અને જમીનની નિતાર શક્તિ વધી લાંબા સમય સુધી જમીનમાં ભેજનો સંગ્રહ જોવા મળ્યો અને પાકના ગુણવત્તા માં વધારો થયો છે. આ ઉપરાંત તેઓ દેશી ગાય આધારિત ખેતી કરે છે. દેશી ગાયના ગૌમૂત્ર, ગોબરમાંથી તૈયાર કરેલ જીવામૃત, ઘન જીવામૃતના ઉપયોગ થકી ખેડૂતના જમીનની ફળદ્રુપ તા વધી છે, તેમજ રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાનો વપરાશબંધ કરતા ખર્ચ ઘટ્યો છે. જમીનની ફળદ્રુપતા, પોષકતત્વોની ઉપલબ્ધી વધવાની સાથે ઉત્પાદન અને વેચાણમાં પણ વધારો નોંધાયો છે. સંપૂર્ણ ગુણવત્તાલક્ષી અને પોષણક્ષમ ઉત્પાદનના કારણે શ્રી યશંવતભાઈ સહારે સારી આવક પ્રાપ્ત કરી અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે પ્રેરણારૂપ બની રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, આત્મા પ્રોજેક્ટના માધ્યમથી ખેડૂતોને કૃષિ વિષયક તાલીમ, નિદર્શન, કૃષિ મેળાનું આયોજન, ખેડૂત ગોષ્ઠિ સહિત ખેડૂતોની જરૂરિયાતો મુજબ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. "પ્રાકૃતિક ખેતી માટેના પાંચ આધારસ્તંભ જેવા કે, જીવામૃત, બીજામૃત, આચ્છાદન, વાફસા (ભેજ) અને જૈવ વિવિધતાનો સમાવેશ થાય છે. આ બનાવવા અને તેના છંટકાવ અંગેની પણ ડાંગ જિલ્લાના ખેડૂતોને તાલીમ આપવામાં આવે છે.

# છેલ્લા બે વર્ષમાં ૮૦ હજારથી વધુ દેશ- વિદેશના મુલાકાતીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

ભારત સહિત વિશ્વભરમાં અનેક યાદગાર હેરિટેજ સાઈટ આવેલી છે. આ વારસો ફક્ત યાદ બનીને ના રહી જાય તે માટે દર વર્ષે યુનેસ્કો દ્વારા તા. ૧૯ થી ૨૫ નવેમ્બર દરમિયાન "વર્લ્ડ હેરિટેજ વીક"ની ઉજવણી કરવામાં આવે છે. ભારત દેશ તેની પ્રાચીન ધરોહર માટે વિશ્વમાં આગવી ઓળખ ધરાવે છે. ભારતની સાથે ગુજરાત પણ તેના હેરિટેજ સ્થળો માટે વિશ્વ પ્રસિદ્ધ છે. ભારતની ૪૩ હેરીટેજ સાઈટોમાંથી ગુજરાતના ચાર સ્થળોનો સમાવેશ 'UNESCO વર્લ્ડ હેરિટેજ સાઈટ'માં કરાયો છે. જેમાં ચાંપાનેર, રાણીની વાવ, કચ્છના ધોળાવીરા તથા અમદાવાદ શહેરનો સમાવેશ થાય છે. ચાંપાનેરને વર્ષ ૨૦૦૪માં UNESCO વિશ્વ હેરિટેજ સાઈટ-ની યાદીમાં સ્થાન મળ્યું છે. ચાંપાનેર ગુજરાતનું પ્રથમ અને ભારતનું ૨૬મું હેરિટેજ સ્થળ છે. યુનેસ્કોએ ચાંપાનેરના ભવ્ય ઐતિહાસિક વારસાને વિશ્વ વારસા સ્થળ તરીકે જાહેર કરી આ ભવ્ય વિરાસતને વધુ વિશ્વ પ્રસિદ્ધ કરી છે. છેલ્લા બે વર્ષમાં આશરે ૮૦ હજારથી વધુ મુલાકાતીઓએ ચાંપાનેરની મુલાકાત લીધી છે જેમાં, ૭૮, ૩૬૭ ભારતીય તથા ૧,૬૩૯ વિદેશી પ્રવાસીઓનો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં આવેલું ચાંપાનેર એક ઐતિહાસિક નગર છે.

# નવસારીના કછોલ ગામે "અતિરૂદ્ધ મહાયજ્ઞ"ના ત્રીજા દિવસે વન પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતી

। (માહિતી) ગાંધીનગર, તા.૨૫ ।

વન પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ આજરોજ નવસારી જિલ્લાના કછોલ ગામ સ્થિત કૈલાશ ફાર્મ ખાતે શ્રીમતી કૌશલ્યાબેન પ્રભુમલ લાલવાણી ટ્રસ્ટ દ્વારા આયોજિત "અતિરૂદ્ધ મહાયજ્ઞ"ના ત્રીજા દિવસે વન પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહી શિવલિંગ પર જળાભિષેક કરી નવ ગ્રહયજ્ઞમાં આહુતિ આપી હતી. આ પ્રસંગે ચોર્યાસીના ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ સહિત વિવિધ મહાનુભાવો મંત્રીશ્રી સાથે વિશેષ હાજર રહ્યા હતા. "અતિરૂદ્ધ મહાયજ્ઞ"માં મંત્રીશ્રી મુકેશભાઈ પટેલે તથા ઉપસ્થિત મહાનુભાવોએ યજ્ઞશાળાના હવનકુંડ પર બિરાજેલા દેશના વિવિધ રાજ્યોમાં થી આવેલા પંડિતો અને બ્રાહ્મણોના આશીર્વાદ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઈ પટેલએ જણાવ્યું હતું કે, આજે "અતિરૂદ્ધ મહાયજ્ઞ"માં હાજર રહેવાનું સૌભાગ્ય મળ્યું એ મારા જીવન માટે અલૌકિક ચેતનાની ક્ષણ બની છે. મંત્રીશ્રીએ નવસારીમાં પ્રથમવાર આયોજિત થયેલ "અતિરૂદ્ધ મહાયજ્ઞ" દ્વારા લોકોને આધ્યાત્મિક ઉર્જાની અનુભૂતિ સાથે દિવ્ય અવસર બની રહે એવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. તમને તમારા પરિવારની કેટલી પરવા છે તે તેમને સમજાય તે માટે તેમને શાબ્દિક તથા મૌન સંદેશ આપતા રહો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. સાજા થવાનો એ સૌથી શ્રેષ્ઠ પ્રકાર છે. તેઓ અપાર ખુશીનું માધ્યમ છે. કામનું દબા તમારા મગજને ઘેરી વળશે છતાં તમારૂં પ્રિયપાત્ર તમને અમર્યાદ રૉમેન્ટિક આનંદ આપશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? પરિવારના સભ્યોની લાગણીને દુભાવવી ન હોય તો તમારા ગુસ્સા પર કાબૂ રાખજો. એ સાથે જ યાદ રાખો કે ગુસ્સો એ ટૂંકા ગાળાનું ગાંડપણ છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે આજે તમે તમારા ઘરમાં તથા આસપાસ કેટલાક ફેરફાર કરો એવી શક્યતા છે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમારી હાજરી તમારા પ્રિયપાત્ર માટે આ વિશ્વ યોગ્ય સ્થળ બનાવશે. કાર્યસ્થળે ઊભા થનારા વિરોધ સામે ખાસ કરીને ચોકસાઈભર્યા અને હિંમતવાન બનો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી શક્તિ પાછી મેળવવા માટે સંપૂર્ણ આરામ કરો. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. તમે જો વગદાર લોકો સાથે રહેશો તો તમે તમારી કારકિર્દીમાં હરણફાળ ભરી શકશો.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો? તમે જો વધારે પડતા દયાળુપણ વર્તશો તો-તમારી નિકટના લોકો તમારો ગેરફાયદો ઉપાડશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે સતત હકારાત્મક રીતે વિચારવાનો તમારો ગુણ તમને વળતર અપાવશે. કેમ કે તમે તમારા પ્રયાસમાં સફળ થવાના છો. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો? તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. આજે તમને પ્રેમની ગેરહાજરી અનુભવાશે. નોકરી માટેના ઈન્ટરવ્યુમાં હાજર થવા અથવા તમારો બાયો-ડૅટા મોકલવા માટે સારો દિવસ. ઘરમાં વિધી-હવન-મંગળ સંસ્કાર કરાવશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સે કરશે.તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. કોઈક અંગત સમસ્યા સૂલઝાવવામાં તમારી મદદની અપેક્ષા રાખતા કોઈક વૃદ્ધ સંબંધી તરફથી આશીર્વાદ મળશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

### પાકિસ્તાનમાં વિરોધ પ્રદર્શન બન્યું હિંસક!

# ચાર હજારથી વધુ ઈમરાન ખાનના સમર્થકોની ધરપકડ

## પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી 'પાકિસ્તાન તહરીક એ ઈન્સાફ' એ ફરી એકવાર દેશમાં બળવો પોકાર્યો છે

। (એજન્સી) લાહોર, તા.૨૫ ।

પાકિસ્તાનમાં ૨૪ નવેમ્બરના રોજ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીએ જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિ માટે વિરોધ કર્યો હતો. આ વિરોધ હિંસક બન્યો હતો. પોલીસે ૪ હજારથી વધુ પીટીઆઈ સમર્થકોની ધરપકડ કરી છે. આ ઉપરાંત દેશમાં શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી અને ઈન્ટરનેટ પણ બંધ કરી દેવામાં આવ્યું હતું. ભારતના પાડોશી દેશ પાકિસ્તાનમાં ૨૪ નવેમ્બરે



રાજધાની ઈસ્લામાબાદમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. આ વિરોધને રોકવા માટે સરકારે પોલીસ દળો તૈનાત કર્યા હતા. એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે પાકિસ્તાન પોલીસે ૪ હજારથી વધુ સમર્થકોની ધરપકડ કરી છે. આ વિરોધ જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુક્તિની માગ માટે કરવામાં આવ્યો હતો. ઁછ્દ્ધ પંજાબ પ્રાંતના સુરક્ષા અધિકારી શાહિદ નવાઝે સમર્થકોની ધરપકડની પુષ્ટિ કરી હતી, જેમાં પાંચ સાંસદો પણ સામેલ હતા. આ પ્રદર્શનને રોકવા માટે સરકારે અનેક પગલાં લીધાં. સત્તાવાળાઓએ ઈસ્લામાબાદને શિપિંગ કન્ટેનરથી સીલ કરી દીધું હતું અને પંજાબ અને ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં પીટીઆઈના ગઢ સાથે શહેરને જોડતા મુખ્ય રસ્તાઓ બંધ કરી દીધા હતા.

## સંભલની જામા મસ્જિદ કેસમાં અત્યાર સુધીમાં ૨૧ની અટકાયત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

યુપીના સંભલ સ્થિત જામા મસ્જિદમાં રવિવારે સર્વેની કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન લોકોએ હોબાળો મચાવ્યો હતો અને તોડફોડ કરી હતી.સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ સંભલ પર નિવેદન આપ્યું હતું. તેણે લખ્યું- ઓ અરઝ-એ-વતન કેટલા લોકોનું લહુ જોઈએ? કેટલા નિસાસાથી આસમાન ખીલશે, કેટલા આંસુઓથી સહારો ખીલશે ઈસંભલમાં શાંતિ માટે આંદોલન કરનારાઓ પર ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા કરવામાં આવેલ ગોળીબારની અમે સખત નિંદા કરીએ છીએ ગોળીબારમાં યુવકનું મૃત્યુ થયું છે, હું અલ્લાહને દુઆ કરું છું કે અલ્લાહ મૃતકના પરિવારને સબ્ર એ અદા કરે. આ ઘટનાની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા જોઈએ. સંભલ વિવાદિત મસ્જિદ અને હરિહર મંદિરના મામલામાં ફાયરિંગમાં ત્રણ લોકોના મોત થયા છે.

### એનર્જી પ્રોજેક્ટની સમીક્ષા કરાશે

# બાંગ્લાદેશમાં પણ ગૌતમ અદાણીને ફટકો પડી શકે

। (એજન્સી) ઢાકા, તા.૨૫ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારે રચેલી એક સમીક્ષા સમિતિએ ભારતના અદાણી જૂથ સહિત વિવિધ બિઝનેસ ગ્રુપ સાથે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાના શાસને કરેલા પાવર કરારોની તપાસ કરવા માટે એક તપાસ સમિતિની રચના કરવાની ભલામણ કરી છે. બાંગ્લાદેશની આ હિલચાલથી અદાણી ગ્રુપની મુશ્કેલીમાં વધુ વધારો થવાની ધારણા છે. એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે વીજળી, ઉર્જા અને ખનિજ સંસાધન મંત્રાલય પરની રાષ્ટ્રીય સમીક્ષા સમિતિએ ૨૦૦૯થી ૨૦૨૪ સુધી શેખ હસીનાના નિરંકુશ



શાસન દરમિયાન હસ્તાક્ષર કરાયેલા મોટા વીજળી ઉત્પાદન કરારોની સમીક્ષા કરવા માટે પ્રતિષ્ઠિત કાનૂની અને તપાસ એજન્સીની નિમણૂક કરવાની ભલામણ કરી છે. બાંગ્લાદેશના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસના કાર્યાલયે જારી કરેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ હાલમાં અદાણી પાવર લિમિટેડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની અદાણી (ગોડ્ડા) BIFPCL ૧૨૩૪.૪ મેગાવોટ કોલસા આધારિત પ્લાન્ટ સહિત સાત મોટા ઉર્જા અને પાવર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી રહી છે. બીજા છ પ્રોજેક્ટમાં એક ચીની કંપનીનો છે. ચીન કંપનીને ૧૩૨૦ મેગાવોટનો કોલસા આધારિત પાવર પ્લાન્ટ આપવામાં આવેલો છે. બાકીના પ્રોજેક્ટ્સ બાંગ્લાદેશના બિઝનેસ ગ્રુપો સંબંધિત છે. આવું કરવા માટે અમે સમિતિને મદદ કરવા માટે એક અથવા વધુ ઉચ્ચ-સ્તરની આંતરરાષ્ટ્રીય કાનૂની અને તપાસ એજન્સી અથવા એજન્સીઓની તાત્કાલિક નિમણૂક કરવાની ભલામણ કરીએ છીએ.

### યુએસ પાસે વિદેશી નાગરિકને સીધા સમન્સ કરવાનો અધિકાર નથીઃ રાજદ્વારી સૂત્રો

# યુએસ રાજદ્વારી માધ્યમો થકી જ અદાણીને સમન્સ પાઠવી શકે

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૫ ।

અમેરિકાના સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) એ રૂ.૨,૨૦૦ કરોડની કથિત લાંચના કેસમાં અદાણી ગ્રૂપના સ્થાપક ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણીને યોગ્ય રાજદ્વારી માધ્યમો મારફત સમન્સ પાઠવવું પડશે, કારણ કે તેની પાસે વિદેશી નાગરિકને સીધા સમન્સ પાઠવવાનો કોઈ અધિકાર નથી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. આ મામલાથી માહિતગાર બે સૂત્રોએ જણાવ્યું હતું કે SEC ઈચ્છે છે કે અદાણી કથિત લાંચના આરોપ માં પોતાનું વલણ સ્પષ્ટ કરે છે, પરંતુ આવી રિક્વેસ્ટ યુએસમાં ભારતીય દૂતાવાસ દ્વારા હોવી જોઈએ અને સ્થાપિત પ્રોટોકોલનું પાલન કરવું પડશે. આ ઉપરાંત અન્ય રાજદ્વારી ઔપચારિકતાઓનું પાલન કરવું પડશે. યુએસ SEC વિદેશી નાગરિકો પર કોઈ અધિકારક્ષેત્ર ધરાવતી નથી અને તેઓ પોસ્ટ દ્વારા કંઈપણ પણ મોકલી શકે નહીં. ૧૯૬૫ના હેગ કન્વેન્શનના કરાર તથા ભારત અને યુએસ વચ્ચેની પરસ્પર કાનૂની સહાયતા સંધિ આવી બાબતોનું સંચાલન કરે છે. આ સંધિઓમાં આવી રિક્વેસ્ટ માટે કઇ પ્રક્રિયાનું પાલન કરવું તેની સ્પષ્ટ જોગવાઈઓ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ સમન્સ ન્યૂયોર્ક કોર્ટમાં એસઈસીએ ફાઈલ કરેલા કાનૂની ડોકેટનો એક ભાગ છે અને તે અદાણીને વાસ્તવમાં પાઠવવામાં આવે તે પહેલા થોડો સમય લાગશે.

### આરએસએસ વડાએ ભારતીય સંસ્કૃતિના ઉત્થાન પર ભાર મૂક્યો

# ભારતનું ભુલાઈ ગયેલું ગૌરવ ફરી રજૂ કરવું જોઈએઃ ભાગવત

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૫ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે ભારતીય સંસ્કૃતિના ઉત્થાન પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતનું ભુલાઈ ગયેલું ગૌરવ ફરીથી રજૂ કરવું જોઈએ. મોહન ભાગવતે હૈદરાબાદમાં લોકમંથન ૨૦૨૪માં દેશમાં વિજ્ઞાનના મહત્વ પર વાત કરી હતી. આ દરમિયાન, તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવામાં નીતિકતા પર ભાર મૂકનાર વૈજ્ઞાનિકોનું ઉદાહરણ પણ આપ્યું હતું. મોહન ભાગવતે કહ્યું હતું કે ભારતની મૂલ્ય વ્યવસ્થા વ્યક્તિની બુદ્ધિમત્તા પર ભાર મૂકે છે. મુદ્દાઓ પ્રત્યે ભારતના અભિગમમાં તર્ક અને બુદ્ધિમત્તા છે. આવી સ્થિતિમાં, દેશને સમસ્યાઓ માટે અન્ય અભિગમ અપનાવવાની જરૂર નથી. ભારત વિદેશમાંથી સારી વસ્તુઓ અપનાવી શકે છે પરંતુ તેમાં ભારતનો આત્મા અને સંરચના હોવી જોઈએ.ભાગવતે કહ્યું હતું કે આપણે સનાતન ધર્મ અને સંસ્કૃતિને સમકાલીન સ્વરૂપ આપવા વિશે વિચારવું પડશે. આ માટે આપણે ભારતની ભુલાઈ ગયેલી કીર્તિનો ફરી પરિચય કરાવવો પડશે. ભાગવતે કહ્યું હતું કે વિવિધતામાં પણ એકતા છે. જો એકતા હોય તો બધું આપણું છે.

### મહાયુતિના નેતાઓ અને BJP નેતૃત્વ CMનો નિર્ણય કરશેઃ બાવનકુલે

# મહારાષ્ટ્રમાં પ્રચંડ જનાદેશ પછી પણ મુખ્યપ્રધાન અંગે સસ્પેન્સ યથાવત

## ભાજપની આગેવાની હેઠળની મહાયુતિમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારની એનસીપીનો પણ સમાવેશ થાય જ છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્રમાં મહાયુતિને પ્રચંડ જનાદેશ મળ્યા પછી નવા મુખ્યપ્રધાન અંગે સસ્પેન્સ ચાલી રહ્યું છે ત્યારે મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલેએ રવિવારે જણાવ્યું હતું કે સત્તાધારી મહાયુતિ ગઠબંધનના નેતાઓ અને બીજેપી નેતૃત્વ નક્કી કરશે કે રાજ્યના આગામી મુખ્યમંત્રી કોણ હશે. મુંબઈમાં પત્રકાર પરિષદને સંબોધતા બાવનકુલેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં સમાજના તમામ વર્ગોએ ભાજપને સમર્થન આપ્યું હતું અને કોંગ્રેસને નકારી કાઢી હતી. કોંગ્રેસના રાજ્ય એકમના વડા નાના પટોલે પણ સાકોલી બેઠક પર માત્ર ૨૦૦ વોટથી જીતી શક્યા હતાં. રાજ્યના આગામી મુખ્યપ્રધાન અંગેના પ્રશ્નનો જવાબ આપતા બાવનકુલેએ કહ્યું હતું કે આ નિર્ણય મહાયુતિના નેતાઓ અને ભાજપના સંસદીય બોર્ડ દ્વારા લેવામાં આવશે. પસંદગી પ્રક્રિયા



ગઠબંધનની ગવર્નન્સની યોજનાઓને અનુરૂપ હશે.ભાજપની આગેવાની હેઠળની મહાયુતિમાં મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેના અને નાયબ મુખ્યમંત્રી અજિત પવારની એનસીપીનો પણ સમાવેશ થાય છે. મહાયુતિને ૨૮૮ વિધાનસભા બેઠકોમાંથી ૨૩૦ બેઠકો પર વિજય મેળવ્યો છે. મહાયુતિમાં ભાજપને ૧૩૨, શિવસેનાને ૫૭ અને એનસીપીને ૪૧ બેઠકો મળી છે. વિપક્ષી ગઠબંધનમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ને ૧૦ બેઠકો, કોંગ્રેસને ૧૬ બેઠકો શિવસેના (ઉદ્ધવ)ને ૨૦ બેઠકો મળી છે. મહારાષ્ટ્રમાં વિપક્ષ નેતા માટે કોંગ્રેસને જનતાએ લાયક બનાવી ન હોવાનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે આ વિધાનસભા ચૂંટણીમાં લોકોનો જનાદેશ કોંગ્રેસ વિરુદ્ધ છે. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિરોધ પક્ષનો કોઈ નેતા ન હોવો તે કોંગ્રેસના પાપનું કર્મ છે. કોંગ્રેસ લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન લોકોને મૂર્ખ બનાવવામાં સફળ રહી હતી, પરંતુ તે વિધાનસભા ચૂંટણીમાં તેનું પુનરાવર્તન કરી શકે છે. શિંદેની શિવસેનાના નેતા દીપક કેસરકરે રવિવારે જણાવ્યું હતું કે શિવસેનાના ધારાસભ્યોની લાગણી છે કે એકનાથ શિંદેને મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન તરીકે કામ કરવાનું ચાલુ રાખવું જોઈએ, કારણ કે તેમના નેતૃત્વમાં મહાયુતિએ ખૂબ જ સારી રીતે કામ કર્યું છે અને ચૂંટણીમાં અદભૂત દેખાવ કર્યો છે. શિંદે સાથે બેઠક યોજ્યા પછી તેમણે આ નિવેદન આપ્યું હતું.

# પાકિસ્તાનમાં શિયા-સુન્ની વચ્ચેની અથડામણમાં વધારો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૫ ।

ઉત્તર પાકિસ્તાનમાં સુન્ની અને શિયા મુસ્લિમો વચ્ચેની હિંસક અથડામણો બાદ ૩૦૦થી વધુ પરિવારોએ તેમના ઘર છોડીને ફરજ પડી છે. પહાડી ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં સાંપ્રદાયિક લડાઈએ છેલ્લા મહિનાઓમાં ૧૫૦થી વધુ લોકો માર્યા ગયા છે. શનિવારે થયેલી અથડામણમાં ૩૨ લોકોના મોત થયા છે.એક રિપોર્ટ અનુસાર, એક સીનિયર અધિકારીએ કહ્યું, ''આજ સવારથી જ લગભગ ૩૦૦ પરિવાર સુરક્ષાની શોધમાં હંગુ અને પેશાવરમાં સ્થળાંતરિત થયા છે. પ્રાંતના વધુ લોકો પણ કુર્રમ જિલ્લાને છોડવાની તૈયારી કરી રહ્યા છે. આ વિસ્તાર અફઘાનિસ્તાનની સરહદ સાથે જોડાયેલો છે જે હાલમાં તાલિબાનના આતંક સામે ઝઝુમી રહ્યો છે. એક સીનિયર અધિકારીએ કહ્યું કે, 'ઘણા સ્થળોએ શિયા અને સુન્ની વચ્ચે લડાઈ ચાલુ છે. શનિવારે થયેલી અથડામણમાં માર્યા ગયેલા ૩૨ લોકોમાંથી ૧૪ સુન્ની અને ૧૮ શિયા સમુદાયના હતા.શનિવારે અથડામણમાં શિયા મુસ્લિમોના બે અલગ અલગ કાફલા પર બંદૂકધારીઓએ ગોળીબાર કર્યાના બે દિવસ બાદ થઈ હતી. આ જૂથ અથડામણમાં ૪૩ લોકોના મોત થયા હતા જ્યારે ૧૧ની હાલત ગંભીર હતી. એક સીનિયર અધિકારીએ જણાવ્યુ કે કુર્રમ જિલ્લામાં થયેલા હુમલામાં ૩૭૧ દુકાન તેમજ ૨૦૦થી વધુ ઘરોને નુકસાન થયું છે. પ્રદર્શનકારીઓએ આખું બજાર સળગાવી દીધું હતું અને નજીકના ઘરોમાં ઘૂસી, પેટ્રોલ રેડીને આગ લગાડી હતી. પ્રદર્શનકારીઓને કાબુમાં લેવા માટે પોલીસ કાફલો પણ ઓછો પડ્યો હતો. અધિકારીઓએ પ્રાંતીય સરકારને જાણ કરી હતી કે પરિસ્થિતિ ગંભીર છે અને વધારાના સૈનિકોને તાકીદે તૈનાત કરવાની જરૂર છે. અધિકારીએ નામ ના આપવાની શરતે જણાવ્યું કે, ગયા મહિને કુર્રમ જિલ્લામાં અથડામણની અલગ અલગ ઘટના જોવા મળી હતી જેમાં બે બાળકો સહિત ૧૬ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાનના સ્વતંત્ર માનવાધિકાર આયોગ એ કહ્યું કે જુલાઈ અને ઓક્ટોબર વચ્ચે સાંપ્રદાયિક અથડામણમાં ૭૯ લોકોના મોત થયા છે.

# મારી નિવૃત્તિ અંગે બીજા લોકો કેમ બોલી રહ્યા છે : શરદ પવાર



। (એજન્સી) મુંબઈ, તા.૨૫ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહા વિકાસ અઘાડી (સ્ફછ)ની શરમજનક હાર થઈ છે, જ્યારે સત્તાધારી મહાયુતિએ ૨૩૬ બેઠકો જીતી લીધી છે. ચૂંટણીમાં એમવીએના સાથી શરદ પવારની પાર્ટી NCPSPએ નિરાશાજનક પ્રદર્શન કર્યું છે. બીજીતરફ પાર્ટીના પ્રમુખ શરદ પવારની ઉંમરને ધ્યાને રાખી એવી અટકળો વહેતી થઈ હતી કે, મહારાષ્ટ્રના પરિણામો સામે આવ્યા બાદ પવાર રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લેશે. જોકે હવે આ મુદ્દે તેમણે પોતે જવાબ આપ્યો છે. મહારાષ્ટ્રના કરાડમાં શરદ પવારે કહ્યું કે, 'મારે નિવૃત્ત થવું જોઈએ કે નહીં, તે હું અને મારા સાથી મિત્રો નક્કી કરશે. બહારના લોકો કેમ બોલી રહ્યા છે?' તેમણે એમ પણ કહ્યું કે, 'મહિલાઓને લાડલી બહન યોજના હેઠળ કેટલીક રકમ આપવામાં આવી છે. અમે અભિયાન ચલાવ્યું કે, જો અમે સત્તામાં ન રહીએ તો આ પૈસા બંધ થઈ જશે, કદાચ આ જ કારણે મહિલાઓએ મહાયુતિને મત આપ્યા છે.' NCPSPના પ્રમુખે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પરિણામો અંગે પ્રતિક્રિયા આપી છે કે, 'ધાર્યા પ્રમાણે પરિણામો આવ્યા નથી. અમે કારણોનો અભ્યાસ કરીને લોકો પાસે જઈશું.' મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધના સાથી પક્ષો ભાજપે ૧૩૨, શિવસેનાએ ૫૭, NCPએ ૪૧, JSSએ 2, RYSP અને RSVAએ એક-એક બેકક જીતી છે, આમ મહાયુતિએ કુલ ૨૩૪ બેઠકો જીતવાની સાથે ફરી સરકાર બનાવવા તરફ આગળ વધી રહી છે. જ્યારે મહા વિકાસ આઘાડીના સાથી પક્ષો શિવસેના યુબીટીએ ૨૦, કોંગ્રેસે ૧૬, NCPSPએ ૧૦, સમાજવાદી પાર્ટીએ બે, CPIM અને PWPIએ એક-એક બેઠક પર જીત નોંધાવી છે. આમ આ ગઠબંધને કુલ ૫૦ બેઠકો જીતી છે. અન્ય પક્ષોની વાત કરીએ તો અપક્ષે બે બેકો, RSPK અને AIMIMએ એક-એક બેઠક જીતી છે.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી રેસકોર્સ સ્થિત માનસ સદ્ભાવના 'રામકથા'માં ઉપસ્થિત રહ્યા

## ઋષિમુનીઓ, સંતો-મહંતોના આધ્યાત્મિક પ્રદાન અને માર્ગદર્શન થકી ભારત હજારો વર્ષોથી સમગ્ર વિશ્વને પ્રેરણા પૂરી પાડી રહ્યું છે







। (માહિતી) અમદાવાદ ।

રાજકોટ ખાતે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા આયોજિત રામકથાના બીજા દિવસે આજે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે રાજ્યપાલશ્રીએ ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને આધ્યાત્મિક ચેતનાના ભવ્ય વારસાને યાદ કરી ઉદબોધન કરતા જણાવ્યું કે, ઋષિમુનીઓ, સંતો મહંતોના આધ્યાત્મિક પ્રદાન અને માર્ગદર્શન થકી ભારત હજારો વર્ષોથી સમગ્ર વિશ્વને પ્રેરણા પૂરી પાડી રહ્યું છે. ભારતની આર્થિક સમૃદ્ધિથી આકર્ષાઈને થયેલા અનેક વિદેશી આક્રમણો બાદ પણ આપણી આ ભવ્ય વિરાસત અકબંધ રહી છે અને વિશ્વ ગુરુ તરીકે ભારત દેશે સમગ્ર વિશ્વને આધ્યાત્મિક ચેતનાનો રાહ દર્શાવ્યો છે, જેને પૂ. મોરારી બાપુ જેવા સંતો આજે આગળ ધપાવી રહ્યા છે. મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું કે, વાલ્મીકિ રચિત રામાયણનું દરેક પ્રકરણ પ્રેરણાસ્ત્રોત સમાન છે. ભગવાન રામનું જીવન મર્યાદા અને આદર્શના ગુણોને પ્રસ્તુત કરે છે. શ્રી રામનું જીવન આપણી સમક્ષ એક આદર્શ રાજા, પુત્ર અને ભાઈનું શ્રેષ્ઠ ઉદાહરણ પ્રસ્તુત કરે છે. ભારતીય મૂલ્યો, સદગુણો, આચાર અને વિચારના આદર્શ એવા મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામના સદગુણોને લાખો કરોડો લોકોમાં સિંચન કરવાનું કામ પૂજ્ય મોરારીબાપુ રામકથા દ્વારા કરી રહ્યા હોવાનું પણ રાજ્યપાલશ્રીએ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું. સમગ્ર વિશ્વ માટે વિકરાળ સમસ્યા બનેલા ગ્લોબલ વોર્મિંગ અને તેની અસરો વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ પર્યાવરણની બદલાતી પરિસ્થિતિથી ચિંતિત છે ત્યારે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા દેશભરમાં લાખો વૃક્ષોનું વાવેતર અને જતન થઈ રહ્યું છે. આજે પર્યાવરણનું સ્વાસ્થ્ય બગડ્યું છે ત્યારે વૃક્ષોનું જતન કરવું ખૂબ જરૂરી બન્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમના આગામી સમયમાં ૧૫૦ કરોડ વૃક્ષો વાવવાના તથા તેનું જતન કરવાના સંકલ્પને વધાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રકૃતિનું જતન કરવું એ જ સાચી ભક્તિ છે. આજે રાસાયણિક ખાતરના ઉપયોગથી આપણી જમીનની ફળદ્રુપતા ઘટી ગઈ છે ત્યારે પ્રકૃતિના સંવર્ધન માટે વૃક્ષોનું જતન તથા પ્રાકૃતિક કૃષિ શ્રેષ્ઠ ઉપાય છે તેમ જણાવતાં રાજ્યપાલશ્રીએ સદભાવના વૃદ્ધાશ્રમના પર્યાવરણ જતનના કાર્યને બિરદાવ્યું હતું. વૃક્ષોનું બે વર્ષ યોગ્ય જતન કરી આપણે આવનારી વિરાસતને બચાવી શકીશું તેવો ભાવ શ્રી દેવવ્રતજીએ વ્યક્ત કર્યો હતો. માતૃદેવો.. પિતૃદેવો ભવ.. ઉક્તિને યાદ કરી નિરાધાર અને અશક્ત વૃદ્ધ લોકોને પ્રેમભર્યો આશ્રય આપીને સદભાવના ટ્રસ્ટ સાચા અર્થમાં ધર્મનું કામ કરી રહ્યું છે અને વડીલ વંદના થકી જ ઈશ્વર પ્રાપ્તિનો માર્ગ શક્ય હોવાનું તેઓએ વંદન સાથે કહ્યું હતું. આ તકે તેમણે પર્યાવરણ બચાવ અને વડીલોની સેવા સુશ્રુષા અર્થે સેવારત સદભાવના વૃદ્ધાશ્રમ અનેક લોકોને પ્રેરણા પૂરી પાડી રહ્યું હોવાનું જણાવી લોકોને તેમાં સહભાગી બનવા આહવાન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે રાજકોટ સ્થિત સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા રૂ. ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વૃદ્ધાશ્રમના લાભાર્થે રેસકોર્સ ખાતે પૂ. મોરારી બાપુના વ્યાસાસને સદભાવના માનસ 'રામ કથા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આર્ષ વિદ્યામંદિરના પ્રણેતા શ્રી પરમાત્માનંદજીએ રામકથાના આયોજન અંગે રૂપરેખા પુરી પાડી સદભાવના વૃદ્ધાશ્રમ નિરાધાર વડીલ વંદના માટે આગામી સમયમાં સમર્પિત બની કામ કરવાનો સંકલ્પ કર્યો હતો. આ તકે રૂ. ૩૦૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર વૃદ્ધાશ્રમના દાતાઓનું રાજ્યપાલ શ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડી મોમેન્ટો આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં મેયર શ્રી નયનાબેન પેઢડિયા, પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહ, પૂર્વ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, કલેકટર શ્રી પ્રભવ જોશી, પ્રાંત અધિકારીશ્રી વિમલ ચક્રવર્તી, શ્રી ચાંદની પરમાર, સંતો મહંતો શ્રી આચાર્ય ડો. લોકેશ સ્વામી, સ્વામી કારશાણી ગુરુ શરમાનંદજી મહારાજ, પાળીયાદના શ્રી નિર્મળા બા તથા ભયલુ બાપુ, અગ્રણીઓ સર્વે શ્રી ધનસુખભાઈ ભંડેરી, ડો. વલ્લભભાઈ પટેલ, ડી.સી પી. શ્રી જગદીશ બાંગરવા, સહીત અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહ્યો હતો.

### પરપ્રાંતીય આરોપીની ધરપકડ

# વલસાડની સ્ટુડન્ટનો રેપ-મર્ડર કેસ પોલીસે ૧૧માં દિવસે ઉકેલી કાઢ્યો

## આ આરોપી સામે વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૦થી વધુ ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળે છે

। (એજન્સી) વલસાડ,તા.૨૫ ।

વલસાડ જિલ્લાના પારડી તાલુકાના મોતીવાલા રેલ્વે ફાટક પાસેના ખેતરમાં ૧૪મી નવેમ્બરે બી.કોમ.ના બીજા વર્ષની વિદ્યાર્થિની પર બળાત્કાર અને હત્યાના કેસમાં પોલીસે ૧૧માં દિવસે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે જ્યારે આરોપીને પકડ્યો ત્યારે તેણે વિદેશી કંપનીના ૧૦,૦૦૦ રૂપિયાના જૂતા પહેર્યા હતા. જો કે, એવી આશંકા છે કે તેણે આ શૂઝ ટ્રેનમાં કોઈ મુસાફર પાસેથી ચોરી લીધા હતા. આ આરોપી સામે વિવિધ પોલીસ સ્ટેશનમાં ૧૦થી વધુ ગુના નોંધાયેલા હોવાનું જાણવા મળે છે. વિદ્યાર્થિનીના બળાત્કાર અને હત્યાના કેસમાં આરોપીઓને પકડવા માટે ૧૦ દિવસથી દોડી આવેલી પોલીસ ટીમે વાપી રેલવે સ્ટેશનના ફૂટેજની તપાસ કરી તો તેમાં એક શંકાસ્પદ વ્યક્તિ જોવા મળ્યો હતો. આ કેસની ઉંડાણપૂર્વક તપાસ કર્યા બાદ પોલીસે ગુનેગારને રાજ્ય બહારથી પણ પકડવાના પ્રયાસો શરૂ કર્યા હતા. પરંતુ ગુનેગાર પોલીસથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ઘટનાના દિવસથી વાપી રેલવે સ્ટેશન પર શંકાસ્પદ નાસતા ફરતા ફૂટેજ મેળવ્યા બાદ ઘટનાને ઉકેલવા માટે રેલવે પોલીસની પણ મદદ લેવામાં આવી રહી હતી. જે મુજબ રેલવે પોલીસની ટીમ પણ સતત વોચ રાખી રહી હતી.આરોપીએ પૂછપરછ દરમિયાન ગુનો કબૂલ્યો હતો દરમિયાન રવિવારે મોડી રાત્રે વાપી રેલવે સ્ટેશનના પાર્કિંગમાં લાગેલા ઝઝ્રફ ફૂટેજમાં દેખાતો શકમંદ જીઆરપીની ટીમે પકડીને વલસાડ પોલીસને સોંપ્યો હતો. જ્યાં પોલીસે તેની પૂછપરછ કરતાં આરોપીએ ગુનો કબૂલી લીધો હતો. આ શકમંદ હરિયાણાનો હોવાની બાતમી વલસાડ પોલીસને પહેલેથી જ મળી હતી અને પોલીસ પણ તપાસ માટે હરિયાણા ગઈ હતી, પરંતુ ત્યાં તેનો સુરાગ મળ્યો ન હતો. જો આ માહિતી જાહેર થાય તો ગુનેગાર ભાગી શકતો હોવાથી પોલીસ ગુપ્ત રીતે તપાસ કરી રહી છે.જોકે, રવિવારે રાત્રે પોલીસને આરોપીની ધરપકડ કરવામાં સફળતા મળી હતી. આરોપીઓ સામે ૧૦ થી વધુ ગુના નોંધાયા છે.પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે શંકાસ્પદ મૂળ હરિયાણાનો રહેવાસી છે અને હાલમાં તે ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે બાળપણમાં પહેલીવાર સાઈકલની ચોરી કરતો હતો. આ પછી તે ચોરી અને અન્ય ગુનાહિત પ્રવૃતિઓમાં સામેલ થઈ ગયો. તે ખાસ કરીને રાત્રે ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરોનો મોંઘો સામાન ચોરી કરતો હતો. પોલીસે જ્યારે આરોપીને પકડ્યો ત્યારે તેણે વિદેશી કંપનીના ૧૦,૦૦૦ રૂપિયાના જૂતા પહેર્યા હતા. જો કે, એવી આશંકા છે કે તેણે આ શૂઝ ટ્રેનમાં કોઈ મુસાફર પાસેથી ચોરી લીધા હતા. જ્યારે આ આરોપી સામે જુદા જુદા પોલીસ સ્ટેશનમાં ૧૦થી વધુ ગુના નોંધાયેલા હોવાનુ બહાર આવ્યું છે.વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવારા રેલ્વે સ્ટેશન નજીક મોતીવાલા ફાટક પાસે રહેતા શ્રમજીવી પરિવારમાંથી બી.કોમ.ના બીજા વર્ષના વિદ્યાર્થીની ૧૪ નવેમ્બરે ટ્યુશન માટે ગયા બાદ ઘરે પરત ફરી ન હતી, જેથી પરિવારજનોએ યુવતીની શોધખોળ શરૂ કરી હતી.

### ઓડી કાર શો રૂમમાંથી બારોબાર EOWની ટીમ લઈ આવી

# EOW ના PIને લિવ રિઝર્વમાં મૂકાયા : અરજદારની ઓડી કાર પૈસાની લેવડ દેવડ મામલે લઈ આવ્યા

## હાઇકોર્ટ કોઈ આકરૂ પગલુ ભરે તે પહેલા સ્થાનિક લેવલે પીઆઈ અને કોન્સ્ટેબલ સામે પગલા લેવાયા હોવાની ચર્ચા છે

। (એજન્સી) રાજકોટ,તા.૨૫ ।

ઓડી કાર પૈસાની લેવડ દેવડના એક કેસમાં રાજકોટ શહેર પોલીસની ઈકોનોમિક ઓફેન્સ વિંગ ના પીઆઈ જે.એમ. કૈલાને લીવ રિઝર્વમાં મુકાયા છે અને કોન્સ્ટેબલ જગદીશ વાંકની પોલીસ હેડ ક્વાર્ટરમાં બદલી કરવામાં આવી છે. ચર્ચા મૂજબ કારખાનેદારની કિંમતી ઓડી કાર પૈસાની લેવડ દેવડના એક કેસમાં EOWની ટીમ લઈ આવી હતી. જે મામલે ફરિયાદીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. જે મામલે PI ને ૨૬ નવેમ્બર એટલે કે મંગળવારે હાજર રહેવા હાઈકોર્ટે હૂકમ કરેલો છે. જે પહેલા જ કડક પગલા લેવામાં આવ્યા છે. ચર્ચાતી વિગતો મુજબ એક કારખાનેદારની કિંમતી ઓડી કાર શો રૂમમાંથી બારોબાર EOWની ટીમ લઈ આવી હતી. જે મામલો હાઈકોર્ટ સુધી પહોચ્યો હતો. અત્યારે પોલીસ અને ફરિયાદી વચ્ચે સમાધાન થઈ ગયુ હોવાનુ જાણવા મળી રહ્યું છે. પરંતુ તારીખ ૨૬ના રોજ આ ફરિયાદ સંદર્ભે હાઈકોર્ટમાં સુનાવણી હોવાથી હાઈકોર્ટ કોઈ આકરૂ પગલુ ભરે તે પહેલા સ્થાનિક લેવલે પીઆઈ અને કોન્સ્ટેબલ સામે પગલા લેવાયા હોવાની ચર્ચા છે. અત્યારે ચાર્જ એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાને સોંપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટના એક અરજદારે અગાઉ હાઈકોર્ટમાં અરજી કરી હતી કે પૈસાની લેવડ દેવડના એક કેસમાં તેને રાજકોટ DCB પોલીસ મથકે બોલાવવામાં આવ્યો હતો. જ્યાં તેની સામે ફરિયાદ મળી છે તેમ જણાવવામાં આવ્યું હતું. તેને કલાકો બેસાડી રાખ્યા બાદ ફરિયાદીઓ આવ્યા હતા. જેમને અરજદારે ૨૩ લાખ રૂપિયા ચૂકવવાના છે તેમ પોલીસે જણાવ્યું હતું. અરજદારે વધુમાં પોતાની અરજીમાં જણાવ્યું હતું કે, DCB ના PI એ તેને રિવોલ્વર બતાવીને ધમકી આપી હતી. તેમજ ૦૨ લાખ રૂપિયા માંગ્યા હતા. જો કે તેને ૧.૫ લાખની વ્યવસ્થા કરી દીધી હતી. તેને PI ની હાજરીમાં હેડ કોન્સ્ટેબલને ૧.૫ લાખ રૂપિયા આપ્યા હતા. અરજદારની ઓડી ગાડી જે રિપેર માટે શો રૂમમાં આપી હતી. ત્યાંથી ઓડી ગાડી પણ તેને સાથે લઈ જઈને સામા પક્ષકારને આપી દેવાઈ હતી. સામા પક્ષે કોઈ FIR નોંધાવવમાં આવી ન હતી. આ ઘટના સંદર્ભે અરજદારે રાજકોટ શહેર પોલીસ કમિશનર, ગૃહ વિભાગ અને હ્યુમન રાઈટ કમિશનને રજૂઆત કરી હોવા છતાં કોઈ પગલાં લેવાયા ન હતા. એટલું જ નહિ એક કાગળ ઉપર અરજદારની જબરદસ્તી સહી લેવામાં આવી હતી. અરજદારના વકીલની રજૂઆત ઉપર હાઈકોર્ટે ઘટના સ્થળ સંદર્ભના CCTV સાચવીને કોર્ટ સમક્ષ રજૂ કરવા, તેમજ રાજકોટ DCB ના સંબંધિત PI ને ૨૬ નવેમ્બરે કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહેવા અને રાજકોટ DCP ને એફિડેવિટ કરવા હુકમ કર્યો હતો. જોકે તે અગાઉ પીઆઈને લીવ રિઝર્વમાં મુકવાના આકરા પગલાં લેવાયા છે. જેથી હવે કદાચ ૨૬ તારીખના રોજ હાઈકોર્ટમાં ફરિયાદી ફરિયાદ પાછી ખેચી લે અને સમગ્ર મામલો સમેટાઈ જાય તો પીઆઈ કૈલા EOWમાં પરત ફરે તેવી સંભાવના અને ચર્ચા ચાલી રહી છે.

# નશામાં ધૂત નબીરાએ વાહનોને લીધા અડફેટે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદમાં દારુડિયા બાદ હવે ચરસીઓ ધૂમ મચાવી રહ્યા હોય એવું લાગે છે. શહેરમાં આજે સોમવારે થયેલા એક અકસ્માત બાદ જે દૃશ્યો જોવાં મળી રહ્યાં છે તેનાથી સમાજની દશા અને દિશા કેટલી ચિંતાજનક છે તેનો અંદાજ આવી રહ્યો છે. શહેરના બોપલ-આંબલી રોડ પર આજે સોમવારે અકસ્માતની ઘટના બની હતી. રિપલ પંચાલ નામનો એક નબીરો વૈભવી કાર લઈને નીકળ્યો અને ટાટાના શો રૂમ પાસે ચારથી પાંચ વાહનોને અડફેટે લીધા હતા. અકસ્માતના પગલે ત્યાંથી પસાર થતાં વાહન ચાલકોમાં ગભરાટ ફેલાયો હતો અને અફરા-તફરી મચી ગઇ હતી. સ્થાનિકોએ નબીરાને પકડી પાડીને મેથીપાક ચખાડ્યો હતો. આ અકસ્માત કરનાર રિપલ પંચાલે હજી હમણા સપ્ટેમ્બરમાં બોડકદેવમાં પણ અકસ્માત સર્જ્યો હતો. આમ બે મહિનામાં તેણે બીજી વખત અન્ય નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂક્યા હતા. અકસ્માતનો ભોગ બનનાર યુવતીએ જણાવ્યા અનુસાર, તે ઓફિસ જઈ રહી હતી ત્યારે ઁ કારના ચાલકે ટક્કર મારી હતી અને ઢસડી હતી. ચાલક નશામાં હતો અને તેને કંઇ ભાન ન હતું. તે અકસ્માત કર્યા બાદ કારમાં બેઠાં બેઠાં સિગારેટ પી રહ્યો હતો. આ નબીરાએ ફરીવાર કાર ચલાવી અને ટાટા મોટર્સના શો રૂમ પાસે અન્ય વાહનોને ટક્કર મારી હતી. આ નબીરાએ હેરિયર કાર અને એક ટેમ્પોને ટક્કર મારી હતી આ ટેમ્પો અન્ય કાર સાથે અથડાયો હતો. બાદમાં ઁ કારે એક નેક્સન કારને પણ ટક્કર મારી હતી અને ડિવાઈડર સાથે અથડાઈને ઓડી કાર ઊભી રહી ગઇ હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, રિપલ પંચાલ ચરસનો બંધાણી છે અને અવારનવાર જાહેરમાં નશાની હાલતમાં જોવા મળે છે. રાજ્યમાં અને ખાસ કરીને અમદાવાદ, સુરત જેવાં મોટાં શહેરોમાં શરાબખોરી ઉપરાંત હવે ચરસ-ગાંજા જેવા નશીલા પદાર્થોના બંધાણીઓ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. એવા સમયે પોલીસની કહેવાતી સતર્કતા અને કાર્યવાહી સામે પણ સામાન્ય નાગરિકોને આશંકા જઈ રહી છે.

### ગુજરાતમાં નકલીનો ધમધમાટ

# ગુજરાતમાં દસ હજાર જેટલી ગેરકાયદેસર લેબ ચાલી રહી હોવાનું પણ સામે આવ્યું

## MD પેથોલોજિસ્ટને માન્યતા મળી હોવા છતાં, માત્ર ૧૦-૧૨ પાસ ટેકનિશિયન જ લેબ ચલાવે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

રાજ્યમાં ગેરકાયદે પેથોલોજી લેબનું પૂર આવ્યું છે. ગુજરાતમાં લેબ કોણ ચલાવી શકે? ગુજરાત સ્ટેટ પેથોલોજીસ્ટ એન્ડ માઈક્રોબાયોલોજિસ્ટ એસોસિએશન અને રાજ્યના લેબ ટેકનિશિયન વચ્ચે છેલ્લા ૧૯ વર્ષથી કોણ પાત્ર છે તે મુદ્દે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદ અંગે ૨૦૦૬માં ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી અને ૨૦૧૦માં હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે લેબોરેટરીમાં માત્ર માન્ય ડિગ્રી ધરાવતા ડોક્ટરો જ હોવા જોઈએ.

જો કે આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો ત્યારે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના નિર્ણયને યથાવત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે આપેલા મહત્વના નિર્ણયમાં કહેવામાં આવ્યું છે કે હવેથી તમામ લેબોરેટરી રિપોર્ટમાં એમડી પેથોલોજિસ્ટની સહી ફરજિયાત હોવી જોઈએ. તે સિવાયની કોઈ ડિગ્રી અને સહી હશે તો રિપોર્ટ અમાન્ય ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટના આદેશ બાદ પણ લેબોરેટરીમાં ભારે અરાજકતા જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં લેબોરેટરીનું સંચાલન કરવા માટે કોઈ નથી. લેબોરેટરીમાં એમડી પેથોલોજિસ્ટ નહીં પરંતુ ૧૦મું-૧૨ પાસ પેથોલોજીસ્ટ બની ગયા છે. આ બાબતે વર્ષ ૨૦૧૭માં ગુજરાત એસોસિએશન ઓફ પેથોલોજીસ્ટ એન્ડ માઈક્રોબાયોલોજિસ્ટ દ્વારા ગુજરાતમાં ગેરકાયદેસર રીતે ચાલતી ૫૧૨ લેબોરેટરીઓના નામ અને સરનામા સહિતની લેખિત માહિતી રાજ્ય પોલીસ વડાને આપી હતી, પરંતુ આજદિન સુધી કોઈ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી નથી. ગુજરાતમાં લેબોરેટરીમાં પેથોલોજિસ્ટની સહી ફરજિયાત છે, પરંતુ ઘણા કિસ્સામાં વર્ચ્યુઅલ સિગ્નેચર કરવામાં આવી રહ્યું છે, જે વાસ્તવમાં માન્ય ગણવામાં આવતું નથી. ગુજરાત એસોસિએશન ઓફ પેથોલોજીસ્ટ એન્ડ માઈક્રોબાયોલોજીસ્ટના પૂર્વ પ્રમુખ ડો. મહેન્દ્ર પટેલ કહે છે કે દર્દીના રોગનું નિદાન લેબ રિપોર્ટના આધારે જ થાય છે. હવે જો નિદાન ખોટું થશે તો દર્દીનો જીવ જોખમમાં આવી શકે છે. આ જોતાં એમડી પેથોલોજીસ્ટ હોવું ફરજિયાત છે. આમ, ગુજરાતમાં લેબોરેટરીઓના સંચાલન પર સવાલો ઉઠી રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ શાંતિની ઊંઘમાં છે. લેબોરેટરીના બોર્ડનું વેચાણ થઈ રહ્યું છે આ ઉપરાંત ગુજરાતમાં પણ લેબોરેટરીના બોર્ડનું વેચાણ થઈ રહ્યું હોવાની ચોંકાવનારી માહિતી મળી છે, જેમ કે લેબોરેટરીના બોર્ડમાં એમડી પેથોલોજીસ્ટનું નામ છે, પરંતુ વાસ્તવમાં તે માત્ર ૧૦ પાસ ટેકનિશિયન છે. ૧૦-૧૨ તપાસ કરી રહ્યા છીએ. રિપોર્ટ પર એમડી પેથોલોજિસ્ટની સહી હોવી આવશ્યક છે. પ્રયોગશાળામાં આ પ્રકારનું મતદાન ચાલી રહ્યું છે. આમ છતાં આરોગ્ય વિભાગ આંખ આડા કાન કરી રહ્યું છે.મોટાભાગની લેબોરેટરીઓ સાથે ડોકટરોની સાંઠગાંઠ છે. દર્દીને તેની જરૂર હોય કે ન હોય. કમિશન કમાવવા માટે ડૉક્ટરો દર્દીઓને પેથોલોજીસ્ટ અથવા ટેકનિશિયનની લેબોરેટરીમાં વિવિધ પરીક્ષણો કરાવવા માટે મોકલે છે. દર્દીએ ટેસ્ટ કરાવ્યો હોય તો પણ ડૉક્ટર રિપોર્ટને માન્ય ગણતા નથી. ઘણા ડોકટરોએ તેમના ક્લિનિક્સ અને હોસ્પિટલોમાં પ્રયોગશાળાઓ ખોલી છે.રાજ્યના આરોગ્ય વિભાગ અને પોલીસે ગેરકાયદેસર લેબોરેટરીઓના મુદ્દે સતત અવગણના કરી છે અને રાજ્યના લોકાયુક્ત પર પણ હુમલો થયો છે. થોડા સમય પહેલા રાજ્યના લોકાયુક્તે રાજ્યના આરોગ્ય વિભાગ પાસેથી વિગતવાર રિપોર્ટ માંગ્યો હતો. રજૂ કરવા આદેશ કરાયો છે.

# રાજકોટમાં ૧૧ વર્ષના બાળકને હાર્ટ એટેક આવ્યો

। (એજન્સી) રાજકોટ,તા.૨૫ ।

છેલ્લા ઘણાં સમયથી હાર્ટ એટેકને કારણે મૃત્યુના બનાવોનું પ્રમાણ વધી ગયું છે. ત્યારે હાર્ટ એટેકમાં કેટલાય પરિવારજનો દ્વારા પોતાનાં સ્વજનો ગુમાવ્યા છે. રાજકોટમાં પણ ૧૧ વર્ષનાં બાળકનું હૃદય રોગનાં હુમલાથી મૃત્યું થયું હતું. બાળક અચાનક ઢળી પડતા પરિવારજનો દ્વારા બાળકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હોસ્પિટલમાં ફરજ પરનાં તબીબોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.રાજકોટ શહેરનાં ગોંડલ રોડ પાસે વિજય પ્લોટમાં રહેતા દેવરાજ કનકભાઈ કારેલિયા ઉ.વર્ષ.૧૧ સવારે પોતાનાં ઘર બહાર અન્ય બાળકો સાથે બેઠો હતો. તે દરમ્યાન અચાનક જ દેવરાજ જમીન પર ઢળી પડ્યો હતો. ત્યાર બાદ દેવરાજનાં પિતાએ હાર્ટ પમ્પિંગ પણ કર્યુ હતું. જે બાદ આ અંગેની જાણ પરિવારજનોને થતા પરિવારજનો દ્વારા દેવરાજને તાત્કાલીક હોસ્પિટલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં ફરજ પર હાજર દર્દીએ દેવરાજને મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું.મળતી માહિતી મુજબ કનકભાઈ કારેલિયાને સંતાનમાં બે પુત્ર છે. જેમાં દેવરાજ મોટો હતો. તેમજ ધો. ૬ માં ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ભણતો હતો. ત્યારે પિતા દ્વારા પુત્રને બચાવવા પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જે બાદ દેવરાજને બેભાન અવસ્થામાં જ વધુ સારવાર અર્થે હોસ્પિટલ લઈ ગયા હતા.

### હાથના દુ:ખાવાની સમસ્યા છતાં દર્દીની એન્જિયોપ્લાસ્ટી

# અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલના બીજા બે કરતૂત ઉજાગર થયા

## મહેસાણાના જોરણગ ગામમાં પણ કેમ્પ કરવામાં આવ્યો, ઓપરેશનના ૩ મહિના બાદ એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ જાણે દર્દીઓ માટે જીવલેણ બની રહી હોય તેવું લાગી રહ્યું છે. ખ્યાતિ હોસ્પિટલ હત્યાકાંડ મામલો હજુ શાંત નહિ પડ્યો છતાં દિવસેને દિવસે એક બાદ એક મોટા ખુલાસા થઈ રહ્યા છે. હવે અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલના બીજા બે કરતૂત સામે આવ્યા છે. મહેસાણાના જોરણગ ગામમાં પણ કેમ્પ કરવામાં આવ્યો હતો. ઓપરેશન કર્યાના ૩ મહિના બાદ એક વ્યક્તિનું મૃત્યુ થયુ છે. અન્ય એક મોટો ખુલાસો થયો છે આ હોસ્પિટલમાં હાથના દુ:ખાવાની સમસ્યા સાથે પહોંચેલા દર્દીની પણ એન્જિયોપ્લાસ્ટી કરી દેવામાં આવી હતી. જેના લીધે તેમનું સ્વાસ્થ્ય કથળતા મૃત્યુ થયું હતું. ખ્યાતિ હોસ્પિટલે ૧૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ કેમ્પનું આયોજન કર્યું હતુ. જોરણગ સાર્વજનિક હોસ્પિટલમાં ફ્રી સારવારનો કેમ્પ કર્યો હતો. કેમ્પમાં ૩૫ થી ૪૦ લોકોનું નિદાન કરાવ્યું હતુ. કેમ્પ કરી ૧૫થી વધુ વ્યક્તિઓને અમદાવાદ સારવાર માટે લઈ જવાયા હતા. ૭ લોકોને જરુરિયાત ન હોવા છતાં પણ ઓપરેશન કર્યાના સવાલ ઉભા થયા છે. ઘૂંટણ બતાવવા આવેલા દર્દીઓના પણ હૃદયની બિમારી દર્શાવીને ઓપરેશન કર્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. લક્ષ્મણભાઈ રાવળનું સ્ટેન્ટ મૂક્યાના ત્રણ મહિનાઓ બાદ મૃત્યુ થયું હતુ. જ્યારે ૬ દર્દીને હાલમાં પણ તકલીફમાં હોય તેવા આક્ષેપ કરવામાં આવી રહ્યાં છે. સમગ્ર મામલે તપાસ થાય તેવી સ્થાનિકોએ માંગ કરી છે. બીજી ઘટનામાં સાણંદના નિરાધડ ગામના ભીખાજી ડાભીને છેલ્લાં ઘણાં દિવસોથી હાથમાં સતત દુખાવાની ફરિયાદ હતી. જેના કારણે તેઓ ખ્યાતિ હોસ્પિટલમાં સારવાર માટે આવ્યા હતા. તેઓએ હજુ પોતાની સમસ્યાની જાણ ડૉક્ટરને કરી જ હતી ત્યાં તેમની પહેલા એન્જિયોગ્રાફી કરી નાખવામાં આવી હતી ત્યારબાદ તેમની એન્જિયોપ્લાસ્ટી કરી દેવામાં આવી હતી. એટલું જ નહીં એન્જિયોપ્લાસ્ટી કરતાં અગાઉ તેમણે ભીખાજીના પરિવારને જાણ પણ કરી ન હતી. એન્જિયોપ્લાસ્ટી બાદ તેમનું સ્વાસ્થ્ય બગાડવા લાગ્યું. તેમના હૃદયનું પમ્પિંગ ઘટીને ૨૦ ટકા થઈ ગયું હતું. તેઓને તાકીદે અન્ય હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા પણ ખ્યાતિના કુખ્યાત ડોકટરોએ તેમનું સ્વાસ્થ્ય એ હદે કથળાવી દીધું હતું.

# રામમંદિરનું નિર્માણકાર્ય પૂરું થવામાં વિલંબ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૫ ।

અયોધ્યામાં બની રહેલા ભવ્ય રામલલાના મંદિરનું નિર્માણ કાર્ય પૂરું થવામાં હજુ થોડો સમય લાગી શકે છે. મંદિર સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું કે અમારું લક્ષ્ય માર્ચ ૨૦૨૫ સુધી મંદિરને પૂરું કરવાનું હતું પરંતુ હવે એવું લાગે છે કે આ કાર્યમાં હજુ થોડો સમય લાગશે. તેમણે બે દિવસીય બેઠક બાદ આ વાત કહી અને એ પણ જણાવ્યું કે આમાં હજુ થોડો સમય બાકી છે. તેમણે માર્ચ ૨૦૨૫ના બદલે જૂન ૨૦૨૫ સુધી આને પૂરું કરવાની શક્યતા વ્યક્ત કરી છે. લાર્સન એન્ડ ટુબ્રોના એન્જિનિયર વારંવાર કહી રહ્યાં છે કે જો વધુ દબાણ નાખશો તો ગુણવત્તા પર અસર પડશે. આ મંદિરનું નિર્માણ એન્જિનિયરિંગ વિસ્તારની દિગ્ગજ કંપની લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કરી રહી છે. આ વિશ્વની ટોપ ઈન્ફ્રા કંપનીઓમાં સામેલ છે.'

તેમણે કહ્યું કે 'આપણે તેમની (લાર્સન એન્ડ ટુબ્રો) આ વાતનું સન્માન કરવું પડશે. અમે ૩૦ જૂન ૨૦૨૫ સુધીનો પ્રયત્ન કરી રહ્યાં છીએ ત્યાં સુધી તમામ કામ પૂરું થઈ જવું જોઈએ. મંદિર નિર્માણનું પૂરું કાર્ય ૩૦ જૂન ૨૦૨૫ સુધી પૂરું થઈ જશે. મંદિર નિર્માણનું લગભગ ૬૦% કામ પહેલેથી જ પૂરું થઈ ચૂક્યું છે. કાલે અમે જે સમીક્ષા કરી તેમાં મુખ્ય વાત એ હતી કે મંદિરમાં નીચેના ચબૂતરા પર જ્યાં રામ કથાના ચિત્ર લગાવવાના છે તેને અંતિમરૂપ આપવામાં થોડું અઘરું છે. અમે ભિત્ત ચિત્ર કાપી શકતાં નથી, તેમાં કથાની નિરંતરતા હોવી જોઈએ. તેથી આમાં ખૂબ સમય લાગ્યો, અમારા કલાકારોએ અમુક રીત સૂચન કરી છે. કાલે રાત્રે તેનો અભ્યાસ કર્યો છે, આજે તેનું નિરીક્ષણ કરવામાં આવશે.'

